તારીખ : ૧૬ જાન્યુઆરી ૨૦૨૫, ગુરુવાર, વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૩, વર્ષ : ૧૬, અંક : ૧૯૫
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ, અમદાવાદ, કિંમત : રૂા. ૨.૦૦, પાના : ૮

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


વિકસિત ભારત વિકસિત ગુજરાત



## ૨૫૦૦ વર્ષોથી અડીખમ વારસાની ડગર, સાતત્ય અને સંસ્કારોથી જીવંત આપણું વડનગર

અનંત અનાદિ વડનગર
વારસો જીવંત, વિકાસ અનંત



## શ્રી અમિતભાઈ શાહ

માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા માન. સંસદસભ્ય, ગાંધીનગરના વરદ્‌હસ્તે



### આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ અને વડનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ તથા વડનગર ખાતે હેરિટેજ પ્રિસિન્ક્ટ ડેવલપમેન્ટ સ્કીમ, અર્બન રોડ ડેવલપમેન્ટ તેમજ બ્યુટિફિકેશનના કાર્યોનું અવલોકન

૧૬-૦૧-૨૦૨૫ | સવારે ૧૧:૦૦ વાગે | સરકારી સાયન્સ કૉલેજ, વડનગર



**₹૨૯૮ કરોડના ખર્ચે આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમનું લોકાર્પણ**

બહુસ્તરીય સાંસ્કૃતિક ઈતિહાસ તથા ઉત્ખનન કરવામાં આવેલ પુરાતત્વીય અવશેષોની રજૂઆત તેમજ ૨૫૦૦ વર્ષોથી અડીખમ આ નગરમાં માનવ વસવાટના અવિરત સાતત્યનું નિદર્શન.

**₹૭૨ કરોડના ખર્ચે પ્રેરણા સંકુલનું લોકાર્પણ.**

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે શાળામાંથી શિક્ષણ પ્રાપ્ત કર્યું, તે સ્થળ તથા કેટલાંય બાળકોના ઉજ્જવળ ભવિષ્યના સાક્ષી એવા પ્રેરણા સંકુલના ઇતિહાસને પ્રજા સમક્ષ ખુલ્લુ મૂકવામાં આવશે.






**₹33.૫૦ કરોડના ખર્ચે વડનગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ**

ગુજરાત તથા ભારતની યુવા પેઢીને ઓલિમ્પિક કક્ષાની રમતગમતની તાલીમ મળે તે અર્થે ઉચ્ચતર સ્પોર્ટ્સ સંકુલનું ઉદ્‌ઘાટન

### વિશેષ ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી ધર્મેન્દ્ર પ્રધાન**
માનનીય કેન્દ્રીય શિક્ષણ મંત્રી

### અતિથિ વિશેષ

**શ્રી ઋષિકેશ પટેલ**
માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

**શ્રી મુળુભાઈ બેરા**
માનનીય મંત્રી, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગ, ગુજરાત

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય મંત્રી (રા.ક.), ગૃહ, રમતગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, ગુજરાત

**શ્રી જગદીશ વિશ્વકર્મા**
માનનીય મંત્રી (રા.ક.), સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી, પ્રોટોકોલ (તમામ સ્વતંત્ર હવાલો), લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન વિભાગ (રા.ક.), ગુજરાત

**શ્રી મયંકભાઈ નાયક**
માનનીય સંસદસભ્ય (રાજ્યસભા)

**શ્રી હરિભાઈ પટેલ**
માનનીય સંસદસભ્ય (લોકસભા), મહેસાણા

**શ્રી કિરીટભાઈ પટેલ**
માનનીય ધારાસભ્ય, ઊંઝા

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : CMOGujarat CMOGujarat CMOGujarat CMOGujarat

# પતંગની પ્રતિબંધિત દોરીના સંગ્રહ અને વેચાણ કરનારા ૬૦૯ સામે ફરિયાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

ચાઈનીઝ દોરી અને તુક્કલ પર પ્રતિબંધની માગ સાથે થયેલી રિટમાં રાજ્ય સરકાર તરફથી સોગંદનામું કરીને હાઈકોર્ટને જણાવવામાં આવ્યું છે કે કોર્ટના નિર્દેશ મુજબ પોલીસની કામગીરી અંતર્ગત નવથી ૧૨મી જાન્યુઆરી સુધીના ચાર દિવસમાં પ્રતિબંધિત દોરીના ૫૦ સંગ્રાહકો અને ૪૦૪ વેચાણકર્તા વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. કુલ ૬૦૯ ફ્રેંઈ અને ૬૧૨ લોકોની અટકાયત કરવામાં આવી છે. અમદાવાદમાં ૫ ઇંચ, સુરતમાં ૫૪, વડોદરામાં ૩૫ અને રાજકોટમાં ત્રણ ફ્રેંઈ થઈ છે. કુલ ૨૩.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ૧૩થી ૧૫મી જાન્યુઆરી સુધી પોલીસનું ચેકિંગ ચાલુ રહેશે.આ કેસની સુનાવણી દરમિયાન એવી ટકોર કરવામાં આવી હતી કે બજારમાં આવી પ્રતિબંધિત વસ્તુઓને આવતી અટકાવવા પહેલાથી જ પગલાંની જરૂર હોવાથી આ જાહેરહિતની અરજી ઉપર હવેથી ઉત્તરાયણના ચાર મહિના પહેલા એટલે કે સપ્ટેમ્બર મહિનામાં સુનાવણી યોજવામાં આવશે. હાઈકોર્ટ સમક્ષ અમદાવાદના કોટન માંજા ઉત્પાદકો આવ્યા હતા. જેમણે જણાવ્યું હતું કે ૧૫ લાખ પરિવારોની રોજી રોટી આ તહેવાર સાથે જોડાયેલ છે.



હાઈકોર્ટે અગાઉ ટકોર કરી હતી કે સરકારના જાહેરનામા મુજબ ગ્લાસ કોટિંગ દોરી ઉપર પણ પ્રતિબંધ જ છે. ગ્લાસ પાવડર હાનિકારક છે જ છે. આ દોરી પણ ચાઈનીઝ દોરી જેટલી જ ખતરનાક છે. અગાઉ સરકારે કોર્ટને જણાવ્યું હતું કે ઉત્તરાયણના તહેવારને લઈને રોજ સાંજે ફ્રૅ મીટિંગ યોજે છે, તે બાબત કોર્ટને જણાવવામાં આવી હતી. રાત્રે આઠથી એક વાગ્યા સુધીમાં પતંગ બજારોમાં પ્રતિબંધિત દોરી અને ચાઈનીઝ તુક્કલ અંગે ચકાસણી કરવામાં આવે છે.

### ચાઇનીઝ દોરી અને તુક્કલ પર પ્રતિબંધની માગ સાથે થયેલી રિટમાં રાજ્ય સરકાર તરફથી સોગંદનામું કરીને હાઇકોર્ટને જણાવ્યુ



૧૧થી ૧૫મી જાન્યુઆરી સુધી સાંજે છ વાગ્યાથી રાત્રિના એક વાગ્યા સુધી પતંગ બજારોમાં તપાસ હાથ ધરવામાં આવશે. ગ્લાસ કોટેડ દોરી અને સિન્થેટિક દોરીની ઘાતકતા અંગે બાળકોને શાળાઓમાં જઈને જાગરૂક કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૬માં ગુજરાત હાઈકોર્ટમાં ચાઈનીઝ, નાયલોન, સિન્થેટિક દોરી અને ગ્લાસ કોટેડ કોટન દોરી અને આગની દુર્ઘટના માટે જવાબદાર ચાઈનીઝ તુક્કલ ઉપર પ્રતિબંધની માગ સાથે જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી.નોંધનીય છે કે હાઈકોર્ટે અગાઉ આપેલા આદેશ મુજબ રાજ્ય સરકારે ચાઈનીઝ તુક્કલ, નાયલોન દોરી, ચાઈનીઝ દોરી, સિન્થેટીક દોરી, ગ્લાસ કોટેડ દોરીના ઉત્પાદન, સ્ટોક કરવા, વેચાણ, ખરીદ અને વપરાશ ઉપર પ્રતિબંધ લગાવેલો છે.

**પાટણમાં સ્કોર્પિયોએ રાહદારીઓને હવામાં ફંગોળ્યા**

## ગુજરાતમાં અકસ્માતની ૪ ઘટનામાં ૭ લોકોના મોત

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ ।

અવારનાવર આપણે અકસ્માતના સમાચાર સાંભળતા હોઈએ છીએ. એવામાં ગુજરાતમાંથી આજે ઉત્તરાયણના પર્વ પર ચાર ગંભીર અકસ્માતોએ સ્વરુપ લીધું જેમાં કુલ ૭ લોકોના કુરણ મોત નિપજ્યાં છે અને ૫ લોકોને ઘાયલ થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પંચમહાલના ગોધરા નજીક આવેલી પરવડી ચોકડી પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કાર ચાલકે બાઈક પર સવાર પતિ પત્ની સહિત બે બાળકોને અડફેટે લેતા બાળકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સર્જાયેલા અકસ્માતમાં ઘટના સ્થળે જ બાઈક પર સવાર પત્નીનું મોત નિપજ્યું હતું. ઉત્તરાયણની ખરીદી માટે ગઢ ચુંદડીથી ગોધરા તરફ બાઈક લઈને આવતા પરીવારને અકસ્માત નડ્યો હતો. બાઈક પર સવાર પતિ અને બાળકોને ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.બેફામ ડ્રાઈવિંગ કારણે શંખેશ્વરમાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં બે લોકો ઘટના સ્થળે મૃત્યુ પામ્યા અને બે ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકનાં રેફરલ હોસ્પિટલમા ખસેડવામાં આવ્યા હતા. પાટણ જિલ્લાના શંખેશ્વરમાં ફૂલ સ્પીડે આવતી સ્કોર્પિઓ ગાડી રોડની સાઈડ પર પાર્ક કરેલ ટેમ્પો ટ્રાવેલ્સ સાથે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. શંખેશ્વરમાં જહાજ મંદિર પાસે બની હતી ઘટના જેમાં મૃત્યુ પામનાર તેમજ ઈજાગ્રસ્ત લોકો તમામ શંખેશ્વરના રહેવાસી છે.સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર વિજાપુર હાઈવે પર અકસ્માત સર્જાયો હતો જેમાં ૧૮થી ૨૦ વર્ષના ત્રણ યુવાનોના મોત નિપજ્યા હતા. મેમણ સમાજવાડી પાસે રોંગ સાઈડે આવતા જીપડાલાએ મોટરસાયકલને ટક્કર મારી હતી. જેમાં બે યુવાનોના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા જ્યારે અન્ય એક યુવાનનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. ત્રણેય યુવાનો રાજસ્થાનના વતની હતા. જીપ ચાલક જીપ મૂકીને ફરાર થઈ ગયો છે. ગ્રામ્ય પોલીસે આ હિટ એન્ડ રનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ખેડા જિલ્લાના મહુધાથી અમદાવાદ જતી બસ અકસ્માતમાં કંડક્ટરનું મોત નિપજ્યું હતું. મહુધાથી અમદાવાદ જતા વાઠવાળી નજીક ડમ્ફરમાં એસટી બસ અથડાતા અકસ્માત સર્જાયો હતો. વાઠવાળી નજીક રોડ ઉપર ઉભેલા ડમ્ફરમાં એસટી ધડકાભેર અથડાઈ એસટીનું પડખું ચિરાઈ ગયું હતું. આ અકસ્માતમાં મહુધા ડેપોમાં ફરજ બજાવતા કંડક્ટરનું નીપજ્યું મોત નિપજ્યું હતું. સદનસીબે મહુધા અમદાવાદ બસમાં મુસાફર ન હતા નહીંતર મોટી દુર્ઘટના સર્જાવાની આશંકા હતી. એસટીના ડ્રાઈવર હેમખેમ નિકળી આવ્યા જયારે કંડક્ટર એમ જી મલેક મહુધાનું કરુણ મોત નિપજ્યું હતું.

**SMCએ સિમ્ફોની એસ્ટેટમાં દારૂનું ગોડાઉન પકડી પાડ્યું**

## ખોખરા, ચાંદલોડિયામાં ઉત્તરાયણની પાર્ટી માટે રખાયેલો દારૂનો જથ્થો પકડાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ પોલીસ કમિશનરે શહેરમાંથી દારૂનું દૂષણ નાબૂદ કરવા પોતાની ટીમને કામે લગાડી દીધી છે ત્યારે PCBએ ખોખરા અને ચાંદલોડિયામાં દરોડા પાડીને દારૂનો મોટો જથ્થો ઝડપી લીધો છે. ઉપરાંત વિજિલન્સે નરોડા GIDCમાંથી દારૂનું ગોડાઉન ઝડપી લીધું હતું. સ્ટેટ મોનિટરિંગ સેલના કે.ટી. કામરિયાને માહિતી મળી હતી કે નરોડા GIDCના સિમ્ફોની એસ્ટેટમાં આવેલા એક ગોડાઉનમાં દારૂનો જથ્થો છૂપાવવામાં આવ્યો છે. પોલીસે ગોડાઉનમાં દરોડો પાડીને વિલાયતી દારૂની ૨૩૨૬ બોટલ ઝડપી લીધી હતી. બે વાહનો પણ કબજે કર્યા હતા. વિજિલન્સે ૧૯ લાખના મુદ્દામાલ સાથે રાજુસિંઘ હજારીસિંઘ રાવત (રહે. નોબલનગર, અમદાવાદ)ને ઝડપી લીધો હતો. દારૂ મગાવનાર અને મોકલનાર દેવેન્દ્રસિંહ (રહે. નાના ચિલોડા), પ્રદીપસિંહ રાવત (રહે. રાજસ્થાન (દારૂ મોકલનાર), ભાવિન (શાહીબાગ) તથા લાલુભાઈ (રહે. મેઘાણીનગર)ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ આદરી છે. નરોડા, ચિલોડા અને રામોલ જેવા દારૂના પ્રવેશદ્વારો પર પોલીસે વોચ વધારી છે.

PCB ઈન્સ્પેક્ટર જે.પી. જાડેજાની ટીમને બાતમી મળી હતી કે ખોખરા મદ્રાસી મંદિર નજીક આરતી સોસાયટીમાં જાહેરમાં દારૂ રાખવામાં આવ્યો છે. PCBની ટીમે દરોડા પાડીને વિલાયતી દારૂની ૫૧ બોટલ કબજે લીધી હતી. દારૂના જથ્થા સાથે મહેન્દ્ર શિવજીભાઈ જેતવાણી (ઉ.વ. ૫૫, રહે. આરતી સોસાયટી, મદ્રાસી મંદિર ખોખરા) કે જે તડીપાર છે તેને ઝડપી લેવામાં આવ્યો હતો. ભરત



માટલાવાળાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ કરવામાં આવી રહી છે. PCBની ટીમને વધુ માહિતી મળી હતી કે ભરત માટલાવાળાનો દારૂ સોલા -ચાંદલોડિયા સ્થિત વિસત ડેરી પાસેના અર્બુદાનગરના ઘર નં-૨૩માં છૂપાવવામાં આવેલો છે. તેને પગલે પોલીસે ત્યાં દરોડા પાડીને વિલાયતી દારૂની ૧૫૩ બોટલ ઝડપી લીધી હતી. ભરત માટલાવાલાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે ભરત બુધાજી પ્રજાપતિ ઉર્ફે માટલાવાળો (રહે. હાઉસિંગ બોર્ડના મકાનમાં, નારણપુરા) શહેરમાં ઠેર ઠેર વિલાયતી દારૂનો સપ્લાય કરી રહ્યો છે. પોલીસે તેને શોધી કાઢવા કવાયત આદરી છે.

**પેલેડિયમ મોલ પાસે**

## આતંક મચાવનારા પાંચ આરોપી મહારાષ્ટ્રના સતારાથી ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

એસજી હાઈવે પર આવેલા પેલેડિયમ મોલ પાસે થોડા દિવસ પહેલા હથિયારધારી ટોળાએ લોકોમાં ભય ફેલાવ્યો હતો. બે ગાડી ભરીને આવેલા લોકો મધરાત્રે હથિયારો સાથે ગાડીમાંથી ઉતર્યા હતા. આ ટોળામાંના એક શખ્સને જે યુવક સાથે માથાકૂટ થઈ હતી તેને માર મારીને ભગાવી મૂક્યો હતો. રોડ પરથી પસાર થતા લોકો પણ રોકાઈ જતા આ તમામ લોકો ભાગી ગયા હતા. આ મામલે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધ્યો હતો. જે બાદ પોલીસે તપાસ હાથ ધરીને કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. તમામ આરોપીઓ બનાવ બાદ અમદાવાદ છોડીને અન્ય રાજ્યમાં ભાગી ગયા હતા. જ્યાંથી મુંબઈ તરફ જતા હતા ત્યારે જ પોલીસે બાતમીના આધારે મહારાષ્ટ્રના સતારાથી સ્થાનિક પોલીસની મદદથી પાંચેય લોકોની ધરપકડ કરી છે. રાણીપમાં રહેતા વિજયભાઈ ભરવાડને થોડા દિવસ પહેલા સિંધુભવન રોડ પર પ્રિન્સ જાંગીડ સાથે બોલાચાલી થઈ હતી. જે મામલે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જે ગુનામાં વિજયભાઈ અને તેમના મિત્રને જામીન મળ્યા હતા. આરોપી પ્રિન્સ જાંગીડ અને તેના સાગરિતોએ ધમકી આપી હતી કે તમે અમને માર માર્યો છે એટલે તમને છોડવાના નથી, બજારમાં ફરશો ત્યારે જોઈ લઈશું તેમ કહીને ધમકી આપી હતી. તેવામાં ગત તા.૧૦ના રોજ વિજયભાઈ તેમના મિત્રો સાથે થલતેજ ખાતે ફરવા નીકળ્યા ત્યારે પેલેડિયમ પાસે બે ગાડી ભરીને કેટલાક શખ્સો આવ્યા હતા. આ શખ્સોએ લાકડીઓ અને ધોકા તથા તલવાર જેવા હથિયારો વડે આવીને બબાલ કરી હતી. જેમાં વિજયભાઈને માર મારતા તે ઈજાગ્રસ્ત થયા હતા. આ સમયે ત્યાં લોકો ભેગા થઈ જતા આ અસામાજિક તત્ત્વોએ તેમને પણ હથિયારો બતાવીને ડરાવ્યા હતા. આ મામલે વિજયભાઈએ પ્રિન્સ જાંગીડ અને મિહિર દેસાઈ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાનો લાઈવ વીડિયો વાયરલ થયા બાદ વસ્ત્રાપુર પોલીસે તપાસ હાથ ધરી હતી. તેવામાં ઝોન-૧ એલસીબીની ટીમને બાતમી મળી હતી કે ફરાર આરોપીઓ મહારાષ્ટ્રના સતારા તરફ બસમાં જઈ રહ્યા છે. જેથી ત્યાંની પોલીસને જાણ કરતા પોલીસે પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે મિહિર દેસાઈ, પ્રિન્સ બજરંગલાલ જાંગીડ, જીગર ઉર્ફે જીગ્નેશ દેસાઈ, પવન ઠાકોર, કૈલાશ દરજીની કસ્ટડી મેળવી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે આ ગુનામાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે અને તે બાબતે પોલીસે તપાસ તેજ કરી છે. જેથી ત્યાંની પોલીસને જાણ કરતા પોલીસે પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે મિહિર દેસાઈ, પ્રિન્સ બજરંગલાલ જાંગીડ, જીગર ઉર્ફે જીગ્નેશ દેસાઈ, પવન ઠાકોર, કૈલાશ દરજીની કસ્ટડી મેળવી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે આ ગુનામાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે અને તે બાબતે પોલીસે તપાસ તેજ કરી છે.

## રાજ્યમાં પતંગની દોરી વાગતાં 3 લોકોના મોત

। ગાંધીનગર, તા.૧૫ ।

રાજ્યભરમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી થઈ રહી છે ત્યારે પતંગ દોરી વાગવાથી ૩ લોકોના મોતના સમાચાર મળ્યા છે. રાજકોટમાં બાઈક ચાલકને દોરી વાગતાં તેનું ઘટના સ્થળે મોત થયું છે. આ સાથે સુરેન્દ્રનગરના પાટડી તાલુકાના ઓડું ગામના ઈશ્વરભાઈ તરશીભાઈ ઠાકોરને પણ દોરી વાગતાં તેમનું મોત થયું છે. હાલોલના રાહતલાવ ગામના ૫ વર્ષીય કુણાલનું પતંગની દોરીથી ગળું કપાવાને કારણે મૃત્યુ થયું છે. પિતા સાથે ફુગ્ગા ખરીદવા ગયેલા બાળકને પતંગની દોરી વાગી હતી. પિતા પરેશભાઈ પુત્ર કુણાલને ટુ વ્હીલર પર બેસાડીને પનોરમા ચોકડી પાસે ફુગ્ગા ખરીદવા જતા હતા. આ દરમિયાન અચાનક દોરી પડતાં આગળ બેઠેલા કુણાલના ગળામાં ભરાઈ ગઈ હતી. દોરીના ઘસરકાથી બાળકનું ગળું ગંભીર રીતે કપાઈ ગયું હતું. ઈજાગ્રસ્ત કુણાલને તાત્કાલિક હાલોલની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. ડૉક્ટરોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી, પરંતુ ટૂંક સમયમાં જ બાળકનું મોત નીપજ્યું હતું. કડીના કસ્બા વિસ્તારમાં વીજતાર ઉપર પડેલી પતંગને દૂર કરવા જતાં મહિલાને કરંટ લાગ્યો હતો. આ મહિલાને બચાવવા ગયેલા ભાઈને કરંટ લાગતા તેનું કરુણ મોત નીપજ્યું છે.

**વિશેષ**

**દેશમાં સ્ટાર્ટઅપ પોલિસીનું સફળ અમલીકરણ કરનાર પ્રથમ રાજ્ય ગુજરાત**

# ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૨,૫૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા : રાજ્યને સતત ૪ વર્ષ સુધી સ્ટેટ સ્ટાર્ટઅપ રેંક્ગિમાં "બેસ્ટ પરફોર્મર" એવોર્ડ એનાયત

। (પીઆઈબી) નવી દિલ્હી ।

દેશમાં વર્ષ ૨૦૧૬માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન ક્ષેત્રે પ્રોત્સાહન મળે તે માટે ‘‘સ્ટાર્ટઅપ ઈન્ડિયા’’ની પહેલ કરી હતી. પ્રતિભાશાળી કાર્યબળ, ઉદ્યોગસાહસિક, નવીનતાની ભાવના સાથેના ડિજિટલ પરિવર્તને ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બનાવી છે. સ્ટાર્ટઅપ એ તકનીકી પ્રગતિ, રોજગાર સર્જન અને આર્થિક સશક્તિકરણ થકી આત્મનિર્ભરતા હાંસલ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. દેશમાં તા. ૮ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ-DPIIT દ્વારા ૧.૫૦ લાખથી વધારે સ્ટાર્ટઅપ્સને માન્યતા આપવામાં આવી છે, જેમાં ગુજરાતમાં ૧૨,૭૭૯ જેટલા સ્ટાર્ટઅપ્સ નોંધાયા છે. ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ૩૩ ગણા વધારા સાથે સ્ટાર્ટઅપ્સની સંખ્યા ૪,૨૦૦થી વધીને ૧,૫૪,૭૧૯ જેટલી થઈ છે. આ ઉપરાંત ભારત કુલ ૧૧૮ યુનિકોર્ન થકી સ્ટાર્ટઅપનું હબ બન્યું છે. વધુમાં સ્ટાર્ટઅપ માટેનું ભંડોળ રૂ. ૪૫૦ બિલિયન ડોલરથી વધુનું થયું છે તથા સહાયક સ્ટાર્ટઅપ નીતિઓ ધરાવતા રાજ્યોની કુલ સંખ્યા ૩૧ જેટલી થઈ છે.

સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અંતર્ગત ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ગુજરાતના ૧૨,૫૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા મળી હતી. હાલમાં અમદાવાદમાં ૫,૨૬૯, સુરતમાં ૧,૯૦૩, વડોદરામાં ૧,૩૪૪, રાજકોટમાં ૧,૧૭૨, ગાંધીનગરમાં ૬૦૧ જેટલા સ્ટાર્ટઅપ્સ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં હેલ્થકેર અને લાઈફસાયન્સમાં ૧,૩૪૩, આઈટી સેવાઓમાં ૧,૧૮૬ તથા કૃષિમાં ૮૧૯ જેવા ટોચના ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ગુજરાત સરકાર દ્વારા ‘‘ગુજરાત યંગ આંત્રપ્રિન્યોર્સ વેન્ચર ફંડ’’ સેટઅપ કરવામાં આવ્યું છે, જેમાં રાજ્ય સરકારે અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૩૫૦ કરોડનો ફાળો આપ્યો છે. દેશના



છેવાડાના વિસ્તાર સુધી ઉદ્યોગ સાહસિકો સ્ટાર્ટઅપ થકી આત્મનિર્ભર બને અને મોટા પ્રમાણમાં રોજગારનું સર્જન થાય તે માટે દર વર્ષે તા. ૧૬ જાન્યુઆરીના રોજ ‘‘રાષ્ટ્રીય સ્ટાર્ટ અપ દિવસ’’ ઉજવવામાં આવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતના નેતૃત્વમાં ગુજરાત પણ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં મહત્વનો ફાળો આપતું રાજ્ય બન્યું છે. જે અંતર્ગત રાજ્યની નોડલ સંસ્થાઓ, ઈક્યુબેટર્સ, એક્સિલરેટર્સ, માર્ગદર્શકો, રોકાણકારો, સરકારી સંસ્થાઓ અને અન્ય સ્ટેકહોલ્ડરો દ્વારા રાજ્યના ઉદ્યોગસાહસિકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. જેના પરિણામે વર્ષ ૨૦૧૭માં ગુજરાતને સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોગ્રામના અસરકારક અમલીકરણ માટે ‘‘Prime Minister Award for Excellence in Public Administration in 2017’’ એવોર્ડ મળ્યો હતો. તદ્ઉપરાંત રાજ્યને સતત ૪ વર્ષ એટલે કે ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૨ સુધી સ્ટેટ સ્ટાર્ટઅપ રેંક્ગિમાં "બેસ્ટ પરફોર્મર" એવોર્ડ પણ મળ્યો હતો.

રાજ્યના યુવાનોને સ્ટાર્ટઅપ ક્ષેત્રે મહત્તમ પ્રોત્સાહન મળે તે માટે ગુજરાત સરકાર દ્વારા પીપીપી ધોરણે ઝીટ્ટી સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે, જેને વર્ષ ૨૦૨૦માં ટેકનોલોજી બિઝનેસ ઈક્યુબેટર માટે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યો હતો. તાજેતરમાં બેંગ્લોરમાં આયોજિત ગ્લોબલ ક્લીન મોબિલિટી સમિટના ભાગરૂપે iCreateને ‘‘ઈમ્પેક્ટ ઈક્યુબેટર ઓફ ધ યર ૨૦૨૪’’થી સન્માનિત કરવામાં આવ્યું હતું. iCreate દ્વારા ૫૫૩થી વધુ સ્ટાર્ટઅપ્સને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે. વધુમાં, iCreate એન્જલ ફંડમાંથી રૂ. ૧૦૦ કરોડનો ઉપયોગ સ્ટાર્ટઅપ્સને વિકસાવવામાં કરવામાં આવી રહ્યો છે.

રાજ્યના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તા. ૫મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ‘‘ગુજરાત સ્ટુડન્ટ્સ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન હબ(i-Hub)’’ સંકુલનું ઉદ્ઘાટન કર્યું હતું. રૂ. ૬૦ કરોડથી વધુ ખર્ચે બનાવવામાં આવેલા i-Hub સેન્ટર ૧.૫૦ લાખ ચોરસ ફૂટના વિસ્તાર સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જ્યાં ૭૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ નોંધાયેલા છે. રાજ્ય સરકાર દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી (SSIP) દ્વારા રૂ. ૧૦ કરોડથી વધુનું નાણાકીય વિતરણ પણ કરવામાં આવ્યું છે, એમ ઉદ્યોગ વિભાગની યાદીમાં જણાવાયું છે. રાજ્યના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તા. ૫મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ‘‘ગુજરાત સ્ટુડન્ટ્સ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન હબ(i-Hub)’’ સંકુલનું ઉદ્ઘાટન કર્યું હતું. રૂ. ૬૦ કરોડથી વધુ ખર્ચે બનાવવામાં આવેલા i-Hub સેન્ટર ૧.૫૦ લાખ ચોરસ ફૂટના વિસ્તાર સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જ્યાં ૭૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ નોંધાયેલા છે. રાજ્ય સરકાર દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી (SSIP) દ્વારા રૂ. ૧૦ કરોડથી વધુનું નાણાકીય વિતરણ પણ કરવામાં આવ્યું છે, એમ ઉદ્યોગ વિભાગની યાદીમાં જણાવાયું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## કાશ્મીરના રાજૌરીમાં LoC નજીક ભયાનક વિસ્ફોટ

। (એજન્સી) જમ્મુ કાશ્મીર, તા.૧૫ ।

જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં LoC નજીકના એક ગામમાં લેન્ડલાઈન બ્લાસ્ટ થયો છે, જેમાં લગભગ ૬ જેટલા જવાન ઘાયલ થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર પેટ્રોલિંગ દરમિયાન એક જવાન ભૂલથી લેન્ડમાઈન પર ચડી જતા બ્લાસ્ટ થયો હતો. ઘાયલ લોકોને હાલમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળી રહેલ છે. પ્રાપ્ત વિગતો અનુસાર મંગળવારે જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા નજીકના એક ગામમાં લેન્ડમાઈન વિસ્ફોટમાં સેનાના ૬ જવાનો ઘાયલ થયા હોવાના અહેવાલો છે. બ્લાસ્ટની વિગતો આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે જવાનો સવારે પેટ્રોલિંગ પર હતા તે દરમિયાન લગભગ ૧૦.૪૫ વાગ્યે નૌશેરા સેક્ટરમાં ખાંબા કિલ્લા પાસે એક સૈનિકનો પગ ભૂલથી લેન્ડમાઈન પર પડવાને કારણે તેમાં વિસ્ફોટ થયો હતો. ઘાયલ લોકોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત સ્થિર હોવાનું કહેવાય છે. બ્લાસ્ટની વધુ વિગતો આપતાં અધિકારીઓએ જણાવ્યું હતું કે, ''ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવાંમાં આવ્યા હતા. હાલ તેમની હાલત સ્થિર છે.'' તેમણે જણાવ્યું હતું કે ઘૂસણખોરીને રોકવા માટે નિયંત્રણ રેખા પર આગળના વિસ્તારોમાં લેન્ડમાઈન પાથરવામાં આવ્યા છે.

### મહાભિયોગ માટે ગુપ્ત મતદાન થયું હતું

# દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ 'યૂન'ની ધરપકડ કરવામાં આવી

### તપાસ એજન્સી સીઆઈઓ અને પોલીસ, કોર્ટમાંથી જારી થયેલા ધરપકડ વોરંટને લઇ રાષ્ટ્રપતિ નિવાસ સ્થાન પહોંચ્યા હતા

। (એજન્સી) સિઓલ, તા.૧૫ ।



દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂનની ધરપકડ કરવામાં આવી હતી. મહાભિયોગનો સામનો કરતા યૂન સુકની ધરપકડ કરવા અધિકારીઓ પહોંચ્યા ત્યારે સ્થિતિ તણાવપૂર્ણ બની ગઈ હતી. અધિકારીઓ જ્યારે રાષ્ટ્રપતિ નિવાસ પ હોંચ્યા ત્યારે સુરક્ષાદળોએ વાહનો આડા બેરિકેડ મુકીને તેમને અંદર પ્રવેશવા દીધા નહોતા. આ દરમિયાન સત્તારૂઢ પાર્ટી અને યૂનની કાનૂની ટીમના કેટલાક સભ્યો તપાસમાં અડચણ ઉભી કરતા હતા. અનેક લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આખરે હાઈ વોલ્ટેજ ડ્રામા બાદ દક્ષિણ કોરિયાના અધિકારીઓ દ્વારા યૂન સુતની ધરપકડ થઈ હતી.તપાસ એજન્સી સીઆઈઓ અને પોલીસ,કોર્ટમાંથી જારી થયેલા ધરપકડ વોરંટને લઈ રાષ્ટ્રપતિ નિવાસ સ્થાન પહોંચ્યા હતા. પરંતુ રાષ્ટ્રપ તિના સુરક્ષા સેવાએ વાહનોને અંદર જતા અટકાવ્યા હતા. ઉપરાંત સત્તારૂઢ પીપલ્સ પાવર પાર્ટીના સાંસદ તથા યૂનની કાનૂની ટીમના સાંસદોના એક ગ્રુપે નિવાસના પ્રવેશ દ્વારા પર તપાસકર્તાઓનો વિરોધ કર્યો હતો.આ દરમિયાન રાષ્ટ્રપતિ નિવાસ બહાર ભીડ એકત્ર થઈ ગઈ હતી. પોલીસ મુજબ મહાભિયોગ દરમિયાન રાષ્ટ્રપ તિના આશરે ૬૫૦૦ સમર્થક હાજર હતા. રાષ્ટ્રપતિ નિવાસમાં દાખલ થવા પોલીસે આશરે ૩૦૦૦ અધિકારીઓ તૈનાત કર્યા હતા. સિયોલ વેસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટે પ હેલા યૂ માટે વોરંટ જાહેર કર્યું હતું. તેમને ૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ માર્શલ લો લગાવવા તેમના અસફળ પ્રયાસ અંગે પૂછપરછ માટે હાજર થવા ત્રણ સમન્સની અવગણના કરી હતી.ડિસેમ્બર ૨૦૨૪માં દેશમાં માર્શલ લૉ લગાવવાના તેના પ્રયાસને લઈ નેશનલ એસેમ્બલી દ્વારા યૂ પર મહાભિયોગ લગાવવામાં આવ્યો હતો. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપ તિ પર મહાભિયોગ લગાવવા માટે સંસદના સભ્યોએ મતદાન પણ કર્યું હતું.ત્રણ સભ્યોએ મતદાનથી અંતર જાળવ્યું હતું. જ્યારે આઠ મતને ગેરકાયદે ગણાવવામાં આવ્યા હતા. મતદાન એક ગુપ્ત મતદાન માધ્યમથી કરવામાં આવ્યું હતું. જેમાં મહાભિયોગ માટે જરૂરી બે તૃ તીયાંશ મત પડ્યા હતા. વિધાનસભામાં મહાભિયોગ પ્રસ્તાવ પર તમામ ૩૦૦ સભ્યોએ મતદાન કર્યું હતું. મતદાનના પ રિણામો બાદ યૂંને તેમના પદ પરથી સસ્પ ેન્ડ કરવામાં આવ્યા હતા. મતદાન એક ગુપ્ત મતદાન માધ્યમથી કરવામાં આવ્યું હતું. જેમાં મહાભિયોગ માટે જરૂરી બે તૃ તીયાંશ મત પડ્યા હતા. વિધાનસભામાં મહાભિયોગ પ્રસ્તાવ પર તમામ ૩૦૦ સભ્યોએ મતદાન કર્યું હતું. મતદાનના પ રિણામો બાદ યૂંને તેમના પદ પરથી સસ્પ ેન્ડ કરવામાં આવ્યા હતા.

### પોરબંદરમાં મોટી દુર્ઘટના

# નેવીને સોપ્યા પહેલા ટેસ્ટિંગ દરમિયાન જ ક્રેશ થયું અદાણીનું ડ્રોન

### ડ્રોન ૧૦ સ્ટારલાઇનર એ ઇઝરાયેલી સંરક્ષણ કંપની એલ્બિટ સિસ્ટમ્સ સાથે સહયોગથી વિકસાવવામાં આવ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।



પોરબંદરમાં ભારતીય નૌકાદળ માટે બનાવવામાં આવી રહેલ દ્રષ્ટિ ૧૦ સ્ટારલાઈનર ડ્રોન ટેસ્ટિંગ દરમિયાન ક્રેશ થયું હતું. અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ દ્વારા બનાવવામાં આવેલા આ ડ્રોનને નૌસેનાને સોપવામાં આવે તે પહેલા જ ટેસ્ટિંગ દરમિયાન ઉડાવવામાં આવતું હતું. ડ્રોન ૧૦ સ્ટારલાઈનર એ ઈઝરાયેલી સંરક્ષણ કંપની એલ્બિટ સિસ્ટમ્સ સાથે સહયોગથી વિકસાવવામાં આવ્યો છે. આ ડ્રોન ૭૦% સ્વદેશી છે અને તે ૩૬ કલાક સુધી ઉડવાની ક્ષમતા ધરાવે છે. ૪૫૦ કિલોગ્રામ સુધીનો પેલોડ વહન કરવામાં સક્ષમ આ ડ્રોન દેખરેખ અને ગુપ્ત માહિતી એકત્રિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.ભારતીય નૌકાદળે પહેલાથી જ દ્રષ્ટિ ૧૦ ને તેના કાફલામાં સામેલ કરી દીધું છે અને આ ડ્રોન સેના અને નૌકાદળની ગુપ્ત માહિતી, ૪૫૦ કિલોગ્રામ સુધીનો પેલોડ વહન કરવામાં સક્ષમ આ ડ્રોન દેખરેખ અને ગુપ્ત માહિતી એકત્રિત કરવામાં મહત્ત્વ પૂર્ણ ભૂમિકા ભજવે છે.ભારતીય નૌકાદળે પહેલાથી જ દ્રષ્ટિ ૧૦ ને તેના કાફલામાં સામેલ કરી દીધું છે અને આ ડ્રોન સેના અને નૌકાદળની ગુપ્ત માહિતી, દેખરેખ અને જાસૂસી ક્ષમતાઓને વધારવાના ઉદ્દેશ્યથી ખરીદવામાં આવ્યું હતું. દરેક દ્રષ્ટિ ૧૦ ડ્રોનની કિંમત લગભગ ૧૪૫ કરોડ રૂપિયા છે. દુર્ઘટના બાદ ડ્રોન મળી આવ્યું છે અને આ ઘટનાની તપાસ ચાલી રહી છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે ભારતીય નૌકાદળ તેની દરિયાઈ સુરક્ષા અંગે મહત્ત્વપૂર્ણ પગલાં લઈ રહ્યું છે. ચાર મહિના પહેલા એક MQ-9B સીગાર્ડિયન ડ્રોન પણ બંગાળની ખાડીમાં ટેકનિકલ ખામીને કારણે ક્રેશ થયું હતું.

ભારતીય નૌકાદળ ટૂંક સમયમાં તેના કાફલામાં બે યુદ્ધ જહાજો અને એક સબમરીન ઉમેરવા જઈ રહ્યું છે. આમાં છેલ્લી કલવરી-ક્લાસ સબમરીન 'વાઘશીર', વિનાશક 'સુરત' અને ફ્રિગેટ 'નીલગિરી'નો સમાવેશ થાય છે. આનું નિર્માણ માઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ, મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે. નૌકાદળે તેની જાસૂસી ક્ષમતાઓને મજબૂત બનાવવા માટે યુએસ પાસેથી ૩૧ MQ-9B ડ્રોન ખરીદવા માટે પણ એક સોદો કર્યો છે, જેનો મુખ્ય હેતુ હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચીનની વધતી જતી પ્રવૃત્તિઓ પર નજર રાખવાનો છે.

# કુંભમાં ૧૧ લોકોની મોતની અફવા ફેલાવવી પડી ભારે

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૫ ।

મહાકુંભના બીજા દિવસ દરમિયાન પ્રયાગરાજમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. આજના મકર સંક્રાંતિના પહેલા અમૃ ત સ્નાનમાં કરોડો લોકોએ ભાગ લીધો હતો. આ દરમિયાન સોશિયલ મીડિયા પર અફવા ફેલાય હતી કે ઠંડીને કારણે બીમાર પડ્યા બાદ ૧૧ શ્રદ્ધાળુઓનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું છે. પરંતુ તપાસ કરતાં આ સમાચાર ખોટા હોવાનું બહાર આવ્યું છે. હવે પોલીસે આ મામલે FIR નોંધી છે.યુવકે ટ્વીટર પર કરી પોલીસને જાણ ઈન્સ્ટાગ્રામ પર દીપક શર્મા નામના એક યુઝરે ખોટી અફવાઓ ફેલાવવા બદલ યુપી પ ોલીસ અને બિજનૌર પોલીસને ટેગ કરીને શુભમ કટારિયા અને રાકેશ યાદવ આઝમગઢિયા નામના બે વ્યક્તિઓની ધરપકડની માંગ કરી છે. દીપક શર્માએ તે વ્યક્તિના નામનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે કે તે બિજનોરના નગીનાનો રહેવાસી છે. દીપક શર્માએ પોતાની પોસ્ટમાં લખ્યું, ''બિજનૌર પોલીસ અને યુપી પોલીસ કૃપા કરીને ધ્યાન આપે, આ વ્યક્તિ મહાકુંભ પર અફવાઓ ફેલાવીને વાતાવરણ બગાડી રહ્યો છે અને દેશની છબી ખરાબ કરી રહ્યો છે. તેને એવો પાઠ ભણાવવો જોઈએ કે તે યાદ રાખે. તેમણે આગળ લખ્યું કે આ પોસ્ટ તેમની ધરપકડ ન થાય ત્યાં સુધી શેર કરવી જોઈએ.બિજનોર પોલીસે આપી પ્રતિક્રિયાદીપક શર્માની પોસ્ટનો જવાબ આપતાં, બિજનોર પોલીસે કહ્યું, ''બધાપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને કેસ નોંધવા અને જરૂરી કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ વામાં આવ્યો છે.''

# અમેરિકા ૯/૧૧ હુમલા બાદ ફરી એક વખત આતંકવાદીઓના રડાર પર!

### એજન્સીએ લોકોને સતર્ક રહેવા કહ્યું છે તેમજ કોઈપણ શંકાસ્પદ ગતિવિધિ ધ્યાને આવે તો તેની જાણ FBIને કરવા અપીલ કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।



અમેરિકામાં નવા વર્ષની ઉજવણી ટાણે ન્યૂ ઓર્લિયન્સમાં હુમલો થયો હતો, જેમાં ૧૪ લોકોના મોત થયા બાદ FBI એટલે કે, ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશને અમેરિકામાં વધુ હુમલા થવાની સંભાવના વ્યક્ત કરી છે. એફબીઆઈ આવા જ વધુ હુમલાની આશંકા વ્યક્ત કરી ચેતવણી જાહેર કરી છે. એજન્સીએ લોકોને સતર્ક રહેવા કહ્યું છે તેમજ કોઈપણ શંકાસ્પદ ગતિવિધિ ધ્યાને આવે તો તેની જાણ FBIને કરવા અપીલ કરી છે. ન્યૂ ઓર્લિયન્સમાં થયેલા હુમલાની વાત કરીએ તો હુમલાખોર શબસુદ્દીન જબ્બારનું આતંકવાદી સંગઠન ISIS સાથે કનેક્શન હોવાનું કહેવાઈ રહ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ FBIએ સોમવારે ચેતવણી જારી કરી કહ્યું છે કે, અમેરિકામાં ન્યૂ ઓર્લિયન્સ જેવા વધુ હુમલા થઈ શકે છે. અહેવાલો મુજબ FBI અને હોમલેન્ડ સિક્યુરિટી વિભાગને ચિંતા છે કે, ઉગ્રવાદીઓ વાહનનો ઉપયોગ કરીને હુમલો કરી શકે છે. તેમનું માનવું છે કે, સામાન્ય રીતે હુમલાખોરો વિદેશી આતંકવાદીઓના ઓછાયા હેઠળ હુમલો કરે છે. આતંકીઓ આવી રીતે ફરી હુમલો કરવાનો પ્રયાસ કરે છે. FBIએ ન્યૂ ઓર્લિયન્સમાં થયેલા હુમલાને આતંકવાદી કૃત્ય હોવાનું જાહેર કર્યું હતું. એજન્સીએ કહ્યું હતું કે, '૪૨ વર્ષિય હુમલાખોર શબસુદ્દીન જબ્બાર આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ સાથે સંકળાયેલો હતો. તેના વાહન પાછળથી કાળો ઝંડો મળી આવ્યો હતો. જબ્બારે આતંકી સંગઠનને સમર્થન આપી એક વીડિયો પણ પોસ્ટ કર્યો હતો. એજન્સીએ એવું પણ કહ્યું છે કે, પોલીસ કાર્યવાહીમાં માર્યો ગયેલો જબ્બાર આતંકવાદી હતો કે નહીં, તે અમે જાણતા નથી, પરંતુ તેણે કરેલા હુમલાની મોરસ ઓપરેન્ડી આતંકી સંગઠને અગાઉ કરેલા હુમલા જેવી હતી. વર્ષ ૨૦૧૭માં લંડનના વેસ્ટમિન્સ્ટર બ્રિઝ પર હુમલો કરીને નાગરિકોને નિશાન બનાવાયા હતા. આ દરમિયાન હુમલા માટે વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વર્ષ ૨૦૧૬માં બર્લિન અને ળાંસીસી શહેરમાં પણ હુમલાઓ થયા હતા.

### સા રે ગા મા પા ગ્રાન્ડ ફિનાલે દરમિયાન સ્પર્ધક શ્રદ્ધા વિશે ઉદિત નારાયણ કહ્યું કે,

# તારા પર્ફોર્મન્સએ મને આદિત્યની યાદ અપાવી દીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઝી ટીવીના જાણિતા ગાયકી આધારીત રિયાલિટી શો, સા રે ગા મા પાનું ગ્રાન્ડ ફિનાલે એક શાનદાર સંગીતમય કાર્યક્રમથી દર્શકોને મંત્રમુગ્ધ કરવા તૈયાર છે. ઘણા સમયથી રાહ જોવાતો ફિનાલે એપિસોડ એ એક અવિસ્મરણિય સાંજનો વાયદો કરે છે, જે જોરદાર પર્ફોર્મન્સીસ, હૃદયસ્પર્શી ક્ષણો તથા ખુશીથી ભરેલો છે. તેની ભવ્યતામાં ઉમેરો કરી રહ્યા છે, મહાન પ્લેબૅક ગાયક ઉદિત નારાયણ અને કવિતા ક્રિષ્નામૂર્તિ, જે સ્ટેજ પર તેમના શાશ્વત સંગીતના જાદુથી કાર્યક્રમને તરબોળ કરશે. ફિનાલે ઈવેન્ટ વધુ ખાસ બનાવવા માટે, ભૂતપૂર્વ ક્રિકેટર હરભજન સિંઘ પણ જોડાશે, તો આ નોંધપાત્ર સંગીતમય ઉજવણીમાં એક અલગ જ આકર્ષણ અને ઉર્જા લાવશે. એપિસોડ દરમિયાન, સ્પર્ધકોએ તેમના ફિનાલે પર્ફોર્મન્સમાં પોતાનો જીવ રેડી મેન્ટોર તથા માનનીય મહેમાનોનું દિલ જીતી લીધું. આ દરમિયાન શ્રદ્ધાએ ધૂમ મચાલે, તૌબા તૌબા અને મૈં આઈ હું યુપી બિહાર લૂંટને પરના શક્તિશાળી ગીતો એ ઉદિત નારાયણના નોસ્ટાલ્જિક કોર્ડ ઝણઝણાવ્યા. તેની પ્રસ્તુતિથી તેને જાણિતા ગાયક અને તેમના પુત્ર આદિત્ય નારાયણની યાદ આવી ગઈ, જે તેમને એક ભાવનાત્મક સફર પર લઈ ગયા, જ્યારે આદિત્યએ સા રે ગા મા પા સાથે સંગીતની યાત્રાની શરૂઆત કરી હતી.



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહા કુંભ મેળા ૨૦૨૫ દરમિયાન ભક્તો પવિત્ર દીવો સંગમ લે છે...

# નાસિકમાં ટ્રક અને ટેમ્પો વચ્ચે ભીષણ અકસ્માત

। (એજન્સી) નાસિક, તા.૧૫ ।

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના દ્વારકા સર્કિલમાં રવિવારે એક ટેમ્પો અને ટ્રકની ટક્કરમાં આઠ લોકોના મોત થઈ ગયા અને ઘણાં લોકો ઘાયલ થયા છે. એક પોલીસ અધિકારીએ આ અંગે જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે, આ ઘટના સાંજે સાડા સાત વાગ્યે અયપ્પા મંદિર નજીક સર્જાઈ હતી. તેમણે જણાવ્યું કે, ટેમ્પોમાં ૧૬ મુસાફરો સવાર હતા, જે સિડકો વિસ્તારમાં જઈ રહ્યાં હતા. તે નિફાડમાં એક ધાર્મિક કાર્યક્રમમાંથી પરત ફરી રહ્યાં હતા. પોલીસે જણાવ્યું કે, ટેમ્પો ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા આ લોખંડના સળિયા ભરી જતા ટ્રક પાછળ ઘૂસી ગઈ હતી. દુર્ઘટનામાં કેટલાક લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે કેટલાકની હાલત ગંભીર છે. તેમણે જણાવ્યું કે, પોલીસ અને ફાયર વિભાગના કર્મચારીઓએ ગીચતા વાળા વિસ્તારમાં લોકો સાથે મળીને તરત બચાવ કામગીરી શરૂ કરી હતી.

## મંદિરમાંથી ચાંદીની મૂર્તિ ચોરી રફુચક્કર થઇ ફિઝિયોથેરેપિસ્ટ



। (એજન્સી) ભોપાલ, તા.૧૫ ।

મધ્ય પ્રદેશની રાજધાની ભોપ ાલમાંથી ચોરીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક સ્ટાઈલિશ ચોરે ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. ભોપાલમાં પોલીસે એક મહિલા ફિઝિયોથેરેપિસ્ટની ચોરીના આરોપમાં ધકપકડ કરી લીધી છે. આ મહિલાએ એક હૉસ્પિટલ પરિસરમાં બનેલા મંદિરમાંથી ચાંદીની મૂર્તિની ચોરી કરી લીધી હતી. CCTV ફૂટેજની મદદથી તલાશ કરી રહેલી પોલીસે મૂર્તિ પણ રિકવર કરી લીધી છે. મિસરોદ સ્થિત એક પ્રાયવેટ હૉસ્પિટલના સ્ટાફે ફરિયાદ નોંધાવી હતી કે, હૉસ્પિટલ પરિસરમાં સ્થિત મંદિરમાંથી લક્ષ્મી માતાની ૬૦ હજારની કિંમતની ચાંદીની મૂર્તિ ચોરી થઈ ગઈ છે. ફરિયાદના આધારે તપાસ કરી રહેલી પોલીસે જ્યારે હૉસ્પિટલના CCTV ફૂટેજ તપાસ્યા તો એક શંકાસ્પદ મહિલા હાથમાં બે બોક્સ લઈને જતી નજર આવી. આગળ જઈને મહિલા એક કારમાં બેસી ગઈ અને ડ્રાઈવિંગ કરીને ત્યાંથી જતી રહી. પોલીસે કાર નંબર પરથી મહિલાની ઓળખ કરી લીધી. ત્યારબાદ જ્યારે પોલીસ મહિલાના ઘરે પહોંચે છે ત્યારે ત્યાંથી ચોરી થયેલી મૂર્તિ મળી આવે છે. મહિલાએ પોલીસને જણાવ્યું કે, હું એક ફિઝિયોથેરેપિસ્ટ છું અને પોતાના શોખ પૂરા કરવા માટે મૂર્તિ ચોરી હતી.

# સન્યાસીના વેશમાં મહાકુંભ ખાતે પહોંચ્યા લોરેન પોવેલ

### સ્ટીવ જોબ્સના પત્ની છે લોરેન પોવેલ, ભગવા કપડા અને રુદ્રાક્ષની માળા સાથે શાહી સ્નાન કર્યું

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૫ ।

એપલના સ્વર્ગસ્થ સહ-સ્થાપક સ્ટીવ જોબ્સની પત્ની લોરેન પોવેલ જોબ્સ પ્રયાગરાજમાં શરૂ થઈ રહેલા મહાકુંભ ૨૦૨૫માં હાજરી આપી રહી છે. દરમિયાન, તેણીને હિન્દુ નામ 'કમલા' આપ વામાં આવ્યું છે. તે આ સમયે વારાણસીમાં છે. લોરેન ૧૩ જાન્યુઆરીએ પ્રયાગરાજ પહોંચી. આ સમય દરમિયાન તે પોતાના ગુરુ સ્વામી કૈલાશાનંદના શિબિરમાં રહેશે, જે નિરંજની અખાડાના મહામંડલેશ્વર છે. તે ૨૯ જાન્યુઆરી સુધી મહાકુંભના ઘણા ધાર્મિક વિધિઓમાં ભાગ લેશે. સ્વામી કૈલાશાનંદે જણાવ્યું કે તેમના ગુરુનું ગોત્ર પ્રાપ્ત કર્યા પછી તેમને નવું નામ આપવામાં આવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે લોરેનને સનાતન ધર્મમાં ઊંડો રસ છે અને તે તેમને પિતા સમાન માને છે. તેણે કહ્યું, ''હું પણ તેને મારી દીકરીની જેમ માનું છું.'' લોરેન પોવેલને અચ્યુત-ગોત્ર આપવામાં આવ્યું છે. લોરેન પોવેલની કુંભ મુલાકાત અંગે સ્વામી કૈલાશાનંદે કહ્યું હતું કે, ''તેઓ અહીં તેમના ગુરુને મળવા આવી રહ્યા છે. અમે તેનું નામ કમલા રાખ્યું છે અને તે અમારા માટે દીકરી જેવી છે. આ બીજી વખત છે જ્યારે તે ભારત આવી રહી છે. કુંભમાં સૌનું સ્વાગત છે.''



મહાકુંભ એ સનાતન ધર્મનો સૌથી મોટો ધાર્મિક અને આધ્યાત્મિક તહેવાર છે. દર ૧૨ વર્ષે મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. મહાકુંભમાં ભાગ લેવા માટે દૂર-દૂરથી લોકો આવી રહ્યા છે. કેટલાક લોકો મહારાષ્ટ્રમાંથી, કેટલાક તેલંગાણાથી અને કેટલાક ઉત્તર પ્રદેશના વિવિધ જિલ્લાઓમાંથી ડૂબકી મારવા માટે આવી રહ્યા છે.

માહિતી આપતાં સ્વામી કૈલાશાનંદે કહ્યું કે લોરેન ધ્યાન માટે ભારત આવી છે. તેમને અખાડાના પેશવાઈ વિધિમાં સામેલ કરવામાં આવશે. વિશ્વના સૌથી ધનિક પરિવારોમાંના એક લૉરેન મહાકુંભ દરમિયાન સંન્યાસીની જેમ જીવશે. તે શાહી સ્નાન (૧૪ જાન્યુઆરી) અને મૌની અમાવસ્યા (૨૯ જાન્યુઆરી) દરમિયાન શાહી સ્નાન કરશે. લોરેનને શનિવારે વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરમાં તેના ગુરુ સાથે પૂજા કરતી જોવા મળી હતી. લોરેન જોબ્સના મહાકુંભમાં આગમન પર, પુજારીએ કહ્યું કે તેમને મંદિરની બહારથી શિવલિંગના દર્શન કરાવવામાં આવ્યા હતા કારણ કે કોઈને ભગવાન શિવના પવિત્ર પ્રતીક સમાન લિંગને સ્પર્શ કરવાની મંજૂરી નથી. સ્ટીવ જોબ્સને બાળપણથી જ આધ્યાત્મિકતામાં રસ હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સ્ટીવને બાબા નીમ કરૌલીમાં અપાર શ્રદ્ધા હતી. તે તેમને પોતાના ગુરુ માનતા હતા. તેઓ ૧૯૭૦ના દાયકામાં સાત મહિના માટે આધ્યાત્મિક એકાંત માટે ભારત આવ્યા હતા.

## તંત્રી લેખ...

# શિક્ષણ અને રેગિંગ : મેડિકલ કોલેજોમાં એક ઘાતક સંસ્કૃતિ

ગુજરાતના પાટણની જીએમઈઆરએસ મેડિકલ કોલેજના પહેલા વર્ષના વિદ્યાર્થી અનિલ મેથાણિયાના રેગિંગને કારણે થયેલું મોત દર્દનાક અને શરમજનક છે. આખરે રેગિંગ પર પ્રતિબંધ છતાં આવી ઘટનાઓ કેવી રીતે બની રહી છે? છેલ્લા બે વર્ષમાં માત્ર ગુજરાતમાં જ રેગિંગની આઠ ઘટનાઓ જોવા મળી છે. હજુ ત્રણ દિવસ પહેલાં ઈન્દોરની એમજીએમ મેડિકલ કોલેજની એક ઘટના સામે આવી હતી, જેમાં પીજી વિદ્યાર્થી અભિષેક મસીહે સતત રેગિંગને કારણે પોતાની સીટ છોડવાનો નિર્ણય કર્યો, પરંતુ કોલેજ પ્રબંધને અભિષેક સાથે સંવેદનશીલ વ્યવહાર કરવા અને તેને ન્યાય અપાવવાને બદલે તેનાં મૂળ સર્ટી પાછા આપવાનો જ ઈનકાર કરી દીધો અને તેના માટે તેની પાસે પહેલાં ૩૦ લાખ રૂપિયાની બોન્ડ રકમ ચૂકવવાની માંગ કરી દીધી. અંતે અભિષેકે હાઈકોર્ટનો આશરો લેવો પડ્યો, જ્યાંથી તેને રાહત મળી. અહીં અઢાર વર્ષના અનિલ મેથાણિયાએ તો માત્ર એક મહિના પહેલાં એડમિશન લીધું હતું. સમાચાર અનુસાર સીનિયર વિદ્યાર્થીઓએ ત્રણ કલાક સુધી તેને ઊભો રાખ્યો અને પછી ડાન્સ કરવા મજબૂર કર્યો, ત્યારબાદ તે બેભાન થઈને પડી ગયો અને થોડી વારમાં તેનું મોત થયું. હવે ૧૫ સિનિયર મેડિકલ વિદ્યાર્થીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે, બલ્કે તેની ધરપકડ પણ કરવામાં આવી છે અને કોલેજે તે બધાને સસ્પેન્ડ કરી દીધા છે. આ દોષી વિદ્યાર્થીઓ સામે તો કાર્યવાહી થવી જ જોઈએ, પરંતુ કોલેજ મેનેજમેન્ટને કેવી રીતે છોડી દેવાય? અનિલને મોતના મોંમાં ધકેલવા માટે જવાબદાર કોલેજ મેનેજમેન્ટ પણ છે. આખરે કોલેજમાં રેગિંગ ચાલે છે, એ વાતે મેનેજમેન્ટ કેવી રીતે ગાફેલ રહ્યું? કહેવાય છે કે બધા આરોપી એમબીબીએસ બીજા વર્ષના વિદ્યાર્થી છે. આ કોલેજ મેનેજમેન્ટની ભારે નિષ્ફળતા છે કે તે આટલા દિવસોમાં આ નવયુવાનોને માનવીયતાના બુનિયાદી પાઠ ન ભણાવી શકી. તેથી જવાબદારી માત્ર વિદ્યાર્થીઓની જ નહીં, પરંતુ કોલેજ પ્રશાસનના સંબંધિત હોદ્દેદારોની પણ નક્કી થવી જોઈએ. રેગિંગથી થનારાં મોત અને હત્યાઓએ અત્યાર સુધી ખબર નહીં કેટલાય ઘરોના દીપક બુઝાવી દીધા છે.

# સુરક્ષા એજન્સીઓ માટે હાઈબ્રિડ આતંકવાદ એ નવી ચિંતાનો વિષય

જમ્મુ કાશ્મીરમાં નવી સરકાર બન્યા બાદ સક્રિય થયેલ આતંકવાદ જેમના નિશાના પર સેના અને બિનકાશ્મીરી હિંદુ નાગરિકો દેખાય છે. શું આ કોઈ ષડયંત્રનો હિસ્સો છે જેનાથી કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે તિરાડ પેદા કરી શકાય કે અલગતાવાદી અને ડીપ સ્ટેટની કોઈ ભારત સરકાર પર દબાણ બનાવવાનું ષડયંત્ર છે? કેટલાંક વર્ષ પહેલાં ઘાટીમાં સુરક્ષા દળો સાથે અથડામણ દરમ્યાન એવા આતંકવાદીઓને ઠાર માર્યા હતા જેઓ એકાદ-બે દિવસ પહેલાં જ આતંકવાદી સમૂહનો હિસ્સો બન્યા હતા. કેટલાક મામલે માર્યા ગયેલા આતંકવાદીના પરિવારજનોને એ ભરોસો ન હતો કે તેમનાં બાળકોએ આતંકનો રસ્તો અપનાવીને હથિયાર ઉઠાવી લીધાં હતાં. જમ્મુ કાશ્મીર પોલીસ અનુસાર 'હાઈબ્રિડ આતંકી' એવા આતંકવાદી છે જે હિંસાત્મક ગતિવિધિઓમાં એક નાગરિક તરીકે સામેલ હોય છે. હાઈબ્રિડ આતંકવાદી એવા વ્યક્તિ હોય છે જે પહેલાં કોઈ પ્રકારની આતંકી ગતિવિધિમાં સામેલ થયા નથી હોતા અને ના તેમનો કોઈ પ્રકારનો સામાજિક કે પોલીસ તથા સુરક્ષા તપાસ એજન્સીઓના રડારમાં કોઈ પ્રકારનો અપરાધિક/આતંકી રેકોર્ડ નથી હોતો. સામાન્ય લાગતા આ લોકો જેમનું ગુપ્ત રીતે નામાંકન કરીને ભરતી કર્યા બાદ યોગ્ય પ્રશિક્ષણ પણ આપવામાં આવે છે અને તેમની ઓળખ કરવી સુરક્ષા દળો માટે બહુ મુશ્કેલ અને પડકારજનક કામ હોય છે. આ લોકો આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ થાય છે કે તેમાં સહાયતા કરે છે. હાઈબ્રિડ આતંકવાદી સામાન્ય લોકો વચ્ચે પોતાની સામાન્ય સામાજિક ઓળખ સાથે રહે છે. તેમને દિશા નિર્દેશ મળતાં આતંકવાદી કાર્યવાહીને અંજામ આપ્યા બાદ ફરીથી સામાન્ય જીવન વિતાવવા લાગે છે. આ એ કાશ્મીરી યુવા હોય છે, જેમની કોઈ ક્રિમિનલ હિસ્ટ્રી નથી હોતી અને તેઓ ઓનલાઈન માધ્યમથી રેઝિસ્ટન્સ ગ્રુપ સાથે જોડાય છે, તેમની ટ્રેનિંગ થાય છે, ટારગેટ નક્કી થાય છે અને ટારગેટની રેકી કરવામાં આવે છે. પછી નક્કી સમયે ઘટનાને અંજામ આપવાની સાથે આતંકી પાછો ઘરે આવી જાય છે અને પોતાની આતંકવાદી હોવાની ઓળખ ગુપ્ત રાખીને પોતાના ગામ-શહેર જઈને સામાન્ય જંદગી જીવવા લાગે છે. આંતરરાષ્ટ્રીય સીમા પર ભઆરતીય સેનાએ ઘૂસણખોરીને ઝીરો ટકા લેવલ પર લાવવામાં સફળતા મેળવ્યા બાદ વિદેશી કે વિદેશમાં પ્રશિક્ષણ પ્રાપ્ત આતંકવાદીઓનું ભારતની સીમામાં ઘૂસણખોરી કરવું હવે મુશ્કેલ થઈ ગયું છે. જમ્મુ-કાશ્મીરમાં મોટાભાગના વિદેશી કે સ્થાનિક આતંકવાદીઓનો ભારતીય સુરક્ષા દળો દ્વારા સફાયો કરી દેવાયો છે અને સ્થાનિક નાગરિકો આતંકવાદી ગતિવિધઓથી અંતર રાખવા લાગ્યા. બીજી તરફ પાકિસ્તાન પર એફએટીએફની તલવાર લટકી હોવાને કારણે પાકિસ્તાન પ્રત્યક્ષ રૂપે આતંકવાદ સમર્થક ટેગથી દરેક હાલમાં બચાવવા માગે છે. આ જ કારણે એક નવા વિકલ્પ રૂપે પાકિસ્તાન દ્વારા હાઈબ્રિડ આતંકીઓ તૈયાર કરાવવાનું કામ શરૂ કર્યું છે. પાકિસ્તાન ભારતીય યુવાઓ સાથે ઓનલાઈન સંપર્ક કરે છે અને તેમનું બ્રેઈનવોશ કર્યા બાદ તેમને ઓનલાઈન ભરતી કરવામાં આવે છે. તેમને ઓનલાઈન જ ટ્રેનિંગ આપવામાં આવે છે. જરૂર પડ્યે તેમને હુમલો કરવા મોકલવામાં આવે છે. હાઈબ્રિડ આતંકી ૧-૨ની સંખ્યામાં હુમલાને અંજામ આપે છે. પાકિસ્તાન એવા લોકોને ચિહ્નિત કરે છે જે અપરાધિક અને રાષ્ટ્રવિરોધી માનસિકતા ધરાવતા હોય. એમ તો પહેલાં પણ કેટલીક મહલા ઓવરગ્રાઉન્ડ કાર્યકર્તા (ઓજીડબ્લ્યુ) આતંકવાદીઓના સાથી તરીકે જોવાતી રહી છે, પરંતુ હવે જ્યારે ઘાટીમાં આતંકવાદ સમાપ્તિ તરફ વળી ચૂક્યો છે એવા સમયમાં આ સુરક્ષા એજન્સીઓ માટે એક નવો પડકાર સાબિત થઈ શકે છે. એમ તો અત્યાર સુધી મહિલા ઓજીડબ્લ્યુની સંખ્યા ઘણી ઓછી છે, પરંતુ આ એક નવો ટ્રેન્ડ છે અને ભવિષ્યમાં એના પર ધ્યાન આપવું પડશે. ૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ અનંતનાગમાં બે મજૂરો પર હુમલા માટે હાઈબ્રિડ આતંકીને એક મહલા ઓજીડબ્લ્યુ દ્વારા હથિયાર પહોંચાડવામાં આવ્યા હતા. આતંકી મહિલા ઓજીડબ્લ્યુ પર સુરક્ષા દળોને ઓછી શંકા હોય છે, વિશેષ કરીને કાશ્મીરની પરિસ્થત અને પોશાકને કારણે તે આસાનીથી નાના હથિયાર છૂપાવીને પહોંચાડી દે છે. તેમને ટ્રેક કરવી મુશ્કેલ હોય છે. એવામાં ઈન્ટેલિજન્સની જવાબદારી અને ભૂમિકા ઘણી વધી જાય છે.

### સન ૧૮૯૭માં તેમણે રામકૃષ્ણ મઠ તથા મિશન એક સમાજસેવી તથા આધ્યાત્મિક સંસ્થાની સ્થાપના કરી

# ઉપનિષદનું મૂળ સૂત્ર ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ, એનાં દાતા વિવેકાનંદ છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**એ જે હોય તે એમાં આપણે જવું નથી, પરંતુ શું આપણે એમના જીવનમાંથી શુભ તારવી ન શકીએ?; જેમણે નાની ઉંમરમાં વૈરાગ્ય માર્ગે ચાલીને આપણી સંસ્કૃતિ તરફ જોવા માટે લોકોને વિવશ કર્યા, એમનું માન જાળવી ન શકીએ?**

હે ઈશ્વર.
આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જાહેરાતોના આ યુગમાં આપણે જોઈએ તો સૌથી વધુ જાહેરાતો, કોઈને કોઈ રીતે આપણે યુવાન બની રહીએ, એ માટેની હોય છે. એ લગભગ દરેક સમાજની વાસ્તવિકતા બતાવે છે, અને અહીં કોઈને મરવું નથી, અને ઘરડા પણ થવું નથી. આજની આ ભોગની ભરમાર કે ચકાચોંધ કરી દેતી એકદમ હાઈફાઈ લાઈફ કોને છોડવી ગમે? અને એમાં પણ જ્યારે આપણાં કર્મ પર આપણને ભરોસો ન હોય! કે આવતો જન્મ કોનો મળશે? અને ભોગવવા શું મળશે? આ બંને પ્રશ્નાર્થ વિશે તો ઉત્તરાર્ધ સુધી કંઈ વિચાર્યું જ ન હોય, એટલે સ્વાભાવિક મૃત્યુનો ડર રહે. ખેર છોડો! એ આપણો આજનો મુદ્દો નથી. પણ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બની રહે, બાહ્ય દેખાવ સુંદર રહે, અથવા વધુ સુંદર કઈ રીતે દેખાવુ એના માટે સૌ કોઈ સતત પ્રયત્નશીલ રહે છે. જાહેરાતો વાળા આપણી આ માનસિક નબળાઈને પકડી પાડીને જાત જાતની બ્યુટી પ્રોડક્ટની જાહેરાતો બનાવે છે. ઉંમર વધતાં હાડકાં નબળા પડવા કે પછી કેલ્શિયમ ઘટી ગયું હોય તો કઈ ગોળી લેવી એની પણ જાહેરાત ટીવી માધ્યમથી થાય છે. તો આજકાલ યોગનો પ્રચાર પણ ખૂબ જ વધ્યો છે, અને યોગ આસનો કરીને પણ લોકો અંતે તો યુવાની ટકાવી રાખવા જ માંગતા હોય છે. પરમની પ્રાપ્તિ કે પરમ શાંતિના અનુભવ માટેનું લક્ષ્ય બહુ ઓછાનું હોય છે. પરંતુ પહેલાં આવું નહોતું, પહેલા આધ્યાત્મિક જીવનથી ઘણા પ્રભાવિત થતા, ઘણા પરમની પ્રાપ્તિ માટે કે પરમાનંદનો અનુભવ કરવા માટે બહુ નાની ઉંમરથી સંસારનો ત્યાગ કરીને નીકળી પડતા!: અને આવા જ એક વિરલ વ્યક્તિત્વ અથવા તો વ્યક્તિ વિશેષ કે, જેને આજે પણ પુરા આદર અને સન્માનથી યાદ કરીએ છીએ, એવા સ્વામી વિવેકાનંદનો જન્મદિવસ હમણાં ગયો, અને એને યુવા દિવસ તરીકે પણ જાહેર કરવામાં આવ્યો છે. ૧૮૬૩ નાં ૧૨ જાન્યુઆરી એ કોલકાતાના બેલુર ગામ ખાતે નરેન્દ્ર દત્ત શર્મા તરીકે જન્મેલું બાળક મોટું થઈને સ્વામી વિવેકાનંદ તરીકે પ્રસિદ્ધિ પામ્યા! જે સ્વામી રામકૃષ્ણ પરમહંસના પ્રિય શિષ્ય હતાં. નરેન્દ્ર શર્મા નામનું બાળક અન્ય બાળક કરતાં તેજ બુદ્ધિ પ્રતિભા ધરાવતું હતું, અને જ્યારે બાળકો અક્ષર અને આંકડાઓ ઓળખતા હતાં, ત્યારે એ વાંચવા માંડ્યા હતાં. બાળક નરેન્દ્રનાં પિતા હાઈકોર્ટમાં વકીલ બનાવવાની હતી. જૂની જીઝઝ સુધીનો અભ્યાસ કર્યો હતો, અને પરિવારની જવાબદારી સ્વરૂપે એમણે અધ્યયન કાર્ય પણ કર્યું હતું. ભારતના આધ્યાત્મિક વારસાનું નવસંસ્કરણ કરનાર, અનન્ય સત્યાનુરાગી, દરિદ્ર પ્રત્યે અપાર અનુકંપા ધરાવનાર, રામકૃષ્ણ પરમહંસના શિષ્ય અને એમના વિચારોના સંદેશવાહક. તેમનો જન્મ કોલકાતાના સુપ્રસિદ્ધ વિદ્યાનુરાગી, સંસ્કારસંપન્ન, ધર્માનુરાગી દત્ત પરિવારમાં થયો હતો. વિશ્વનાથ દત્ત તે વિવેકાનંદના પિતા, અને માતા ભુવનેશ્વરીદેવી, જે પરમ ધર્માનુરાગી સન્નારી હતાં. એમની કૂખે નરેન્દ્રનાથનો જન્મ થયેલો. એ દિવસ પોષ વદ સાતમ ને સોમવારનો મકરસંક્રાંતિનો પવિત્ર દિવસ હતો. ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો એ સૂત્ર આપનાર સ્વામી વિવેકાનંદ ભારતીય યુવા જગતના રોલ મોડેલ છે. હિન્દુ સનાતન સંસ્કૃતિનો વિદેશમાં પ્રચાર કરનારા, અને ત્યાંના લોકોમાં આપણી સંસ્કૃતિ માટે માન સન્માન વધારનાર તરીકે એ સૌથી નાની ઉંમરના સ્વામી હતાં. માત્ર નવ વર્ષની ઉંમરે એમને વૈરાગ્ય શું છે? જાણવાની તાલાવેલી થઈ હતી. કિશોરો તથા યુવાનો ને બ્રહ્મચર્યની શિક્ષા વિષે અભિગત કરનાર હતાં, અને એમનાં ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસના જીવન સૂત્રોનો સારને સાચી રીતે ગ્રહણ કરનારા હતાં. એમણે યુવાનોને સંબોધીને ઘણી વાત કરી છે, અને માત્ર ૩૯ વર્ષ ૫ મહિના અને અમુક દિવસ સુધી જ તેઓનું જીવન રહ્યું! છતાં એટલાં ટૂંકા ગાળામાં એમણે આપણી સંસ્કૃતિને વિશ્વ ઉજાગર કરવા, તથા આપણાં ભારત દેશના ગરીબ અને પીડિત લોકોની ઘણી સહાય કરી હતી. કોલકાતામાં પ્લેગ નામની ગંભીર બિમારી ફેલાઈ અને ધનવાન લોકો સ્થળાંતર કરી ગયા ત્યારે તેમણે ઘણું રાહત કાર્ય કર્યું હતું. ગુરૂના અવસાન બાદ પરિવ્રાજક બની તેમણે સમગ્ર ભારત ખંડમાં પરિભ્રમણ કર્યુ, અને ભારતની સ્થિતિનો તાગ મેળવ્યો. તેઓ પાછળથી શિકાગો ગયા અને સન ૧૮૯૩ની વિશ્વધર્મ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. પ્રખર વક્તા વિવેકાનંદને યુનાઈટેડ સ્ટેટ્સના અમુક મંચોએ યુનિવર્સિટીઓ અને કલબોમાં વક્તવ્ય આપવા નિમંત્રણ આપ્યું હતું. તેમણે કેટલાક જાહેર અને ખાનગી ભાષણોમાં કર્યા, અમેરિકા, ઈંગ્લેંડ અને યુરોપના અન્ય કેટલાક દેશોમાં વેદાંત, યોગ અને હિન્દુ ધર્મનો પ્રચાર કર્યો હતો. તેઓ પોતાના પ્રવચનમાં હંમેશા કહેતા કે હું એ સંસ્કૃતિ માંથી આવું છું કે જ્યાં ક્યારેય કોઈ સાથે વેર ભાવ રાખવાની મનાઈ છે, અને સૌને તેનાં સત્ય એટલે ધર્મ સાથે સ્વીકારી, પ્રેમ આપવાની પ્રેરણા આપી છે. તેમણે અમેરિકા તથા ઈંગ્લેંડમાં વેદાંત સોસાયટીઓની પણ સ્થાપના કરી હતી. પછીથી તેઓ ભારત પરત આવ્યા હતાં, તથા સન ૧૮૯૭માં તેમણે રામકૃષ્ણ મઠ તથા મિશન એક સમાજસેવી તથા આધ્યાત્મિક સંસ્થાની સ્થાપના કરી. સ્વામી વિવેકાનંદને ભારતના પ્રથમ રાષ્ટ્રનિર્માતાઓ પૈકીના એક ગણવામાં આવે છે. મહાત્મા ગાંધી,જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ, અરવિંદ ઘોષ, રાધાકૃષ્ણન જેવા અન્ય રાષ્ટ્રીય નેતાઓ તથા વિચારકો પર તેમના તત્વજ્ઞાનનો પ્રભાવ પડ્યો હતો. યુવાનો ને ધ્યેય માર્ગે દોરનારા સ્વામી વિવેકાનંદ વિશે આપણા સમાજમાં ઘણી ગેરમાન્યતાઓ ફેલાઈ છે, અને ખાસ કરીને તેમની સમાધિ વિશે લોકો ગમે તેમ કહેતાં સંભળાય છે, અને તેઓ બીમારીથી બહુ પીડાઈને મૃત્યુ પામ્યા હતાં, એવી વાતો પણ કરે છે. એ જે હોય તે એમાં આપણે જવું નથી, પરંતુ શું આપણે એમના જીવનમાંથી શુભ તારવી ન શકીએ?; જેમણે નાની ઉંમરમાં વૈરાગ્ય માર્ગે ચાલીને આપણી સંસ્કૃતિ તરફ જોવા માટે લોકોને વિવશ કર્યા, એમનું માન જાળવી ન શકીએ? પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય, એવી આપણે ત્યાં એક કહેવત છે. સ્વામી વિવેકાનંદ હંમેશા પ્રેમાળ અને અહિંસક વૃત્તિ ધરાવતા હતા. જ્યારે બાળક નરેન્દ્ર સ્વરૂપે હતાં, ત્યારથી જ તેમનો સ્વભાવ પ્રેમાળ અહિંસક અને કરુણામય હતો, અને આ વાતને સાબિત કરતું એક ઉદાહરણ હું અહીં મૂકવા માંગુ છું, કદાચ કોઈને ખબર હોય પણ ખરી. રામકૃષ્ણ પરમહંસના પરિચયમાં આવ્યા બાદ જ્યારે તેમણે વૈરાગ્ય લેવાનો નિશ્ચય કર્યો, ત્યારે તેઓ પોતાના માતાપિતા પાસે અનુમતિ લેવા ગયાં, અને પોતાની માતાને આ વાત જણાવી. ત્યારે એમની માતા રસોડામાં શાક સમારવાનું કામ કરતા હતા, અને એમણે વૈરાગ્યની વાત ધ્યાન પર લીધા વગર એમ કહ્યું બેટા, સામે પડેલ ચપ્પુ મને આપ તો! નરેન્દ્ર એ ચપ્પુ ઉઠાવીને જ્યારે પોતાની માતાને આપ્યું, ત્યારે તેમણે કહ્યું કે, જા બેટા તું વૈરાગ્યમાં સફળ થઈશ! આપણને એમ થાય કે ચપ્પુ આપવાની નાનકડી ઘટના પરથી એમની માતાને કઈ રીતે અંદેશો આવ્યો કે એ વૈરાગથી વિચલિત નહીં થાય!; નરેન્દ્ર એ જ્યારે પોતાની માતાને ચપ્પુ આપ્યું, ત્યારે ધાર વાળો ભાગ પોતાની તરફ રાખ્યો, અને હાથો તેમની માતાને આપ્યો! આ દ્રશ્ય જોઈને એમની માતાને વિશ્વાસ આવ્યો, કારણકે જે બીજાને જરા પણ હિંસા ન પહોંચે, એનો જે ખ્યાલ રાખી શકે, એ જ વ્યક્તિ વૈરાગ્યને કાબીલ છે, એવી એમની ધારણા હતી, અને તેમનો પુત્ર તેમની આ પરીક્ષામાં પાસ થયો.

### આ ભાગવત કથાનું માહાત્મય એકવાર સનતકુમારોએ નારદજીને કહી સંભળાવ્યું હતું

# અન્નદાન કરતાં પણ જ્ઞાનદાન શ્રેષ્ઠ છે તેથી કાયમની શાંતિ થાય છે.

# અન્નવિક્રય-જ્ઞાનવિક્રયથવાલાગ્યાત્યારથીપવિત્રતારહીનથીઅનેપાપવધ્યુંછે..



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વાસના ક્ષીણ ન થાય, ત્યાં સુધી મુક્તિ મળતી નથી. પૂર્વજન્મનું શરીર ગયું, પણ મન ગયું નથી. લોકો તન અને કપડાંની કાળજી રાખે છે, પરંતુ મર્યા પછી પણ જે સાથે આવે છે તેની કાળજી રાખતા નથી, મર્યા પછી પણ મન સાથે આવવાનું છે.**

વાસી ઉત્તરાયણના આનંદ બાદ હવે વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારી ઓમાં લાગી જશે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જ્ઞાન માર્ગમાં પ્રાપ્તની પ્રાપ્તિ છે. જ્ઞાન માર્ગમાં જે મળેલું છે તેનો જ અનુભવ કરવાનો છે. ભક્તિમાર્ગમાં ભક્તિ દ્વારા ભેદનો વિનાશ કરવાનો છે. જ્ઞાનમાર્ગમાં જ્ઞાનથી ભેદનો નિષેધ કરવામાં આવે છે. બંનેનું લક્ષ્ય એક જ છે. પૂર્વજન્મના પુણ્યનો ઉદય થાય છે,ત્યારે આ પવિત્ર કથા સાંભળ વાનો યોગ થાય છે.

કળિયુગમાં જીવોને કાળરૂપ સર્પ ના મુખમાંથી છોડાવવા શુકદેવજી એ ભાગવતની કથા કહી છે. જ્યારે શુકદેવજી પરીક્ષિત રાજા ને આ કથા સંભળાવતા હતા. ત્યારે સ્વર્ગનું અમૃત લઈ દેવો ત્યાં આવેલા. દેવોએ કહ્યું કે, સ્વર્ગનું અમૃત અમે રાજાને આપીએ અને કથા અમૃત આપ અમને આપો. શુકદેવજીએ પરીક્ષિતને પૂછ્યું, તારે આ કથાનું અમૃત પીવું છે કે સ્વર્ગનું અમૃત પીવું છે? પરીક્ષિતે મહારાજને પૂછ્યું, મહારાજ સ્વર્ગનું અમૃત પીવાથી શું લાભ? શુકદેવજી કહે છે,સ્વર્ગનું અમૃત પીવાથી પુણ્ય નો ક્ષય થાય છે.પરંતુ પાપનો ક્ષય થતો નથી.પાપનો ક્ષય તો કથા મૃતના પાનથી જ થશે કથામૃતથી ભોગ વાસનાનો વિનાશ થાય છે. તેથી સ્વર્ગના અમૃત કરતાં આ કથામૃત શ્રેષ્ઠ છે

રાજાએ કહ્યું, ભગવાન,મારે સ્વર્ગ નું અમૃત પીવું નથી.મારે આ કથા મૃતનું જ પાન કરવું છે.સાત જ દિવસમાં જ્ઞાન-વૈરાગ્યને જાગૃત કરી ભક્તિરસ ઉત્પન્ન કરનારી આ કથા છે.આપણામાં જ્ઞાન અને વૈરાગ્ય તો છે, પણ સૂતેલાં છે તેને જાગૃત કરવાનાં છે. એવો બીજો કોઈ ગ્રંથ નથી જે સાત દિવસમાં મુક્તિ અપાવી શકે.

સૂતજીએ કહ્યું કે, સાત દિવસમાં પરીક્ષિતને જે કથાથી મુક્તિ મળી તે કથા હું તમને સંભળાવું છું. સાત દિવસમાં મુક્તિ મળી. વક્તા શુકદેવજી જેવો હોય અને શ્રોતા પરીક્ષિત જેવો હોય તો,સાત દિવસમાં મુક્તિ મળે છે. વક્તા શ્રોતા બંને અધિકારી હોવા જોઈએ. કરંટ અને ગોળો બંને સારા હોવા જોઈએ.કથાસાંભળી પરીક્ષિતને સદ્ગતિ મળી. તેઓ વિમાનમાં બેસીને પરમાત્મા ના ધામમાં ગયા છે. આજકાલ લોકો કથા બહુ સાંભળે છે, પરંતુ તેઓને લેવા માટે વિમાન કેમ આવતું નથી? વિમાન આવતું નથી કારણ કે વક્તા-શ્રોતા અધિકારી નથી. વિમાન આવે તો મનુષ્યની જવાની તૈયારી ક્યાં છે? મનુષ્ય પત્ની, પુત્ર, ધન વગેરેમાં ફસાયેલો છે. આ આસક્તિ છૂટે ત્યાં સુધી મુક્તિ નથી. જેનું મન પરમાત્માના રંગથી રંગાયેલું છે, તે જ્યાં બેઠો છે ત્યાં જ તેને મુક્તિ છે. ત્યાં જ તેનું વિમાન છે. તેને માટે વિમાન આવે તો પણ શું અને ન આવે તો પણશું?ઈશ્વર સાથે તન્મયતા થતાં જ આનંદ મળે છે તેથી વિશેષ આનંદ વૈકુંઠમાં નથી. તુકારામને લેવા વિમાન આવ્યું. તુકારામજી પત્નીને કહે છે કે ચાલ,તને વિમાન માં બેસાડીને પરમાત્માના ધામમાં લઈ જાઉં, પરંતુ પત્નીએ કહ્યું, તમારે જવું હોય તો જાવ, મારે આવવું નથી અને તે ગઈ નહીં.સંસારનો મોહ આવો છે. વાસના ઉપર અંકુશ ન આવે ત્યાં સુધી શાંતિ મળતી નથી કથાનો એકાદ સિદ્ધાંત પણ જો મગજમાં ઠસી જશે,તો જીવન મધુર બની જશે.

વાસના ક્ષીણ ન થાય, ત્યાં સુધી મુક્તિ મળતી નથી. પૂર્વજન્મનું શરીર ગયું, પણ મન ગયું નથી. લોકો તન અને કપડાંની કાળજી રાખે છે, પરંતુ મર્યા પછી પણ જે સાથે આવે છે તેની કાળજી રાખતા નથી, મર્યા પછી પણ મન સાથે આવવાનું છે. માટે તેની કાળજી રાખો. ધન, શરીર વગેરેની કાળજી રાખશો નહીં. મર્યા પછી આંગળીમાં વીંટી હશે, તો તે પણ લોકો કાઢી લેશે. આચાર, વિચાર વિના મનની શુદ્ધિ થતી નથી અને મનની શુદ્ધિ થાય નહીં ત્યાં લગી ભક્તિ થઈ શકતી નથી.

વિવેકથી સંસારનો અંત ન લાવો ત્યાં સુધી અંત આવવાનો નથી. જીવનમાં સંયમ, સદાચાર જ્યાં સુધી ન આવે, ત્યાં સુધી પુસ્તકમાં જ્ઞાન કાંઈ કામ લાગશે નહીં. ઘણા ઘણા ગ્રંથો વાંચવાથી બુદ્ધિમાં વિક્ષેપ થાય છે.

કેવળ જ્ઞાન શું કામનું?એકગૃહસ્થ નો પુત્ર મરણ પામ્યો.ગૃહસ્થરુદન કરે છે.તેને ત્યાં જ્ઞાની સાધુ આવે છે અને ઉપદેશ આપે છે કે, આત્મા અમર છે.મરણ તોશરીરનું થયું છે તો તમારે પુત્રના મરણનો શોક કરવો ઉચિત નથી.''

થોડા દિવસ પછી તે જ્ઞાની સાધુની બકરી મરી ગઈ. તેથી તે રડવા લાગ્યો. સાધુને રડતો જોઈ તે ગૃહસ્થે સાધુને કહ્યું કે, બાપુજી તમે તો મને ઉપદેશ આપતા હતા ને કે કોઈના મરણનો શોક કરવો નહીં અને તેમ કેમ રડો છો! ત્યારે સાધુએ કહ્યું કે, છોકરો તારો હતો. પણ બકરી મારી હતી તેથી રડું છું. આનું નામ પરોપદેશે પાંડિત્યમ્!

કથા જીવનને સુધારે છે અને મુક્તિ આપે છે એ વાત સાચી છે. રોજ રોજ મૃત્યુને એક-બે વખત યાદ કરો,કદાચ આજે જ મને યમ દૂત લેવા આવે તો? એમ રોજ વિચારો તો પાપ થશે નહીં. મનુષ્યો રોજ ભોજનનો વિચાર કરે છે, પણ મૃત્યુનો વિચાર કરતો નથી.દુઃખની વાત છે.

આ ભાગવત કથાનું માહાત્મય એકવાર સનતકુમારોએ નારદજી ને કહી સંભળાવ્યું હતું. મહાત્મ્યમાં એવું લખ્યું છે કે, મોટા મોટા ઋષિઓ,દેવો,બ્રહ્મલોક છોડી વિશાલ ક્ષેત્રમાં કથા સાંભળવા આવ્યા છે, કારણ કે કથાનો આનંદ બ્રહ્માનંદ કરતાં પણ શ્રેષ્ઠ છે.યોગી એકલો તરે છે સત્સંગી પોતે તરે છે અને સંગમાં આવેલાં સર્વને તારે છે. બદરિકાશ્રમમાં સનતકુમારો પધાર્યા છે. જેથી લોકો તેને બદરિ કાશ્રમ કહે છે તે વિશાલા ક્ષેત્ર છે. બદરી વિશાલલાલ કી જય! સ્કંદ પુરાણમાં કથા છે કે બદ્રિનારાયણ વિશાલ રાજાને માટે પધાર્યા હતા! જેમ પુંડલિકને માટે વિઠ્ઠલનાથ આવ્યા હતા. જે ભક્તને માટે ભગવાન આવે તે ધન્ય! બદ્રિ નારાયણ તપ ધ્યાનનો આદર્શ જગતને બતાવે છે. તે બતાવે છે કે હું ઈશ્વર છું છતાં તપ ધ્યાનકરું છું જીવ એકદમ તપશ્ચર્યા કરી શકતો નથી.તેથી ભગવાન આદર્શ બતાવે છે.બાળક દવા લેતો નથી ત્યારે મા દવા ખાય છે.માને દવાની જરૂર નથી પણ બાળકને સમજાવવા દવા ખાય છે.

બદ્રિનારાયણના મંદિરમાંલક્ષ્મીજી ની મૂર્તિ મંદિરની બહાર છે.સ્ત્રી સંગ અને બાળકનો સંગ તપશ્ચર્યા માં વિઘ્નરૂપ છે.આમાં સ્ત્રીની નિંદા નથી,પણ કામની નિંદા છે.ઘરમાં સ્ત્રી-બાળકો વચ્ચે રહીને ભગવાન નું ભજન કરવાનું છે.તેવી જ રીતે તપસ્વિની સ્ત્રી માટે પુરુષનો સંગ ત્યજ્ય છે, પણ સામાન્ય સ્ત્રીએ ઘરમાં રહીને પ્રભુ ભજન કરવાનું છે. એક દિવસ ફરતાં ફરતાં નારદજી વિશાલાપુરીમાં આવ્યા.ત્યાં સનકા દિઋષિઓ અને નારદજીનું મિલન થયું.નારદજીનું મુખઉદાસ! ચિંતા ન કરે એ જ વૈષ્ણવ. વૈષ્ણવ હંમેશાં પ્રસન્ન રહે છે. છતાં તમે પ્રસન્ન કેમ નથી? નારદજીએ કહ્યું : મારો દેશ સુખી છે. સત્ય, તપ, દયા, દાન રહ્યાં નથી. મનુષ્ય જીભે બોલે છે કાંઈ, મનમાં હોય છે કાંઈ અને કરે છે કાંઈ!બધા પેટભરા બની ગયા છે. સમાજમાં કોઈને સુખ નથી, શાંતિ નથી.મેં અનેક જગ્યાએ ભ્રમણ કર્યુ, પણ મને શાંતિ મળી નથી. આજે સૌ દુઃખી છે. જ્યાં સુધી ધર્મ અને ઈશ્વરને ન માને,ત્યાં સુધી દેશ સુખી થતો નથી. જેના જીવનમાં ધર્મને સ્થાન નથી, તેના જીવનમાં શાંતિ નથી.

જગતમાં હવે ધર્મ રહ્યો નથી. સત્ય રહ્યું નથી. એમ નારદજી દુઃખથી બોલ્યા છે. આ જગતમાં અસત્ય સમાન કોઈ પાપ નથી. અસત્ય બોલનારના પુણ્યનો ક્ષય થાય છે. ખરો આનંદ મળે તેવી ઈચ્છા હોય તો સત્યમાં ખૂબ નિષ્ઠા રાખવી, અસત્ય બોલનારો સુખી થતો નથી અને થવાનો નથી. તમે મિતભાષી થશો તો સત્ય ભાષી થશો.

જગતમાં ક્યાંય પવિત્રતા દેખાતી નથી. કપડાં અને શરીર ચોખ્ખાં રાખો છો તેવી રીતે મનને પવિત્ર રાખો. કારણ કે મન તો મર્યા પછી પણ સાથે આવવાનું છે.

જગતમાં કયાંય નીતિ દેખાતી નથી. નીતિ-અનીતિથી ખૂબ ભેગું કરવું છે અને કુમાર્ગે વાપરવું કે પૈસાથી કુટુંબને સુખી કરીશ. શરીર અને ઈન્દ્રિયોના સુખમાં એ એવો ફસાયો છે કે ખરો આનંદ ક્યાં છે અને કેમ મળે તેનો તે વિચાર કરતો નથી. જીવનમાં જ્યાં સુધી કોઈ લક્ષ્ય થાય નહીં, ત્યાં સુધી પાપ અટકે નહીં, જે લક્ષ્યને લક્ષમાં રાખે તેનાથી પાપ થાય નહીં. પરંતુ મનુષ્યને લક્ષ્યની ખબર નથી ને કામ કરવાની જરૂર છે તેજ એ કરતો નથી.જગતમાં પાપ બહુ વધી ગયું, તેથી ધરતી માતા અન્ન ગળી ગઈ છે. અન્નવિક્રય પણ એ પાપ છે, જ્ઞાન વિક્રય પણ પાપ છે,

### પગ પર પાટો બાંધેલો ફોટોગ્રાફ શેર કરી ડિરેક્ટરોની માફી માગી

# જીમમાં લેગ ઈન્જરી બાદ રીકવરીના રસ્તે રશ્મિકા



રશ્મિકા મંદાનાને જીમમાં વર્કઆઉટ દરમિયાન પગ પર ઈજા થઈ હતી. ઈન્જરીના પગલે રશ્મિકાની ફિલ્મોનું શૂટિંગ અટકી પડ્યું છે. રશ્મિકાએ પગ પર પાટો બાંધેલો ફોટોગ્રાફ શેર કર્યો હતો અને પોતે રીકવર થઈ રહી હોવાનું જણાવ્યું હતું. આ સાથે રશ્મિકાએ પોતાના કારણે પડી રહેલી તકલીફ બદલ ડાયરેક્ટરોની માફી માગી હતી.એક્ટર રશ્મિકા મંદાનાએ તાજેતરમાં લેગ ઈન્જરી અંગે અપડેટ આપી હતી. રશ્મિકાએ પોસ્ટમાં જણાવ્યુ હતું કે, જીમની પવિત્ર જગ્યામાં મને ઈજા થઈ હતી. હવે મને આશા છે. કેટલા અઠવાડિયા કે મહિના થશે તેની તો ભગવાનને ખબર છે. ‘સિકંદર’, ‘કુબેરા’ અને ‘થામા’ના સેટ પર પાછા ફરવાની મને આશા છે. વિલંબ બદલ દુઃખ છે. મારા પગ કામ કરવા સક્ષમ થઈ જાય તે પછી પરત આવી શકાશે. દરમિયાન તમને મારી જરૂર પડે તો હું એક ખૂણામાં બેસીને એડવાન્સ બની હોપ વર્કઆઉટ કરતી હોઈશ. રશ્મિકાએ શેર કરેલી પોસ્ટને જોતાં એકાદ અઠવાડિયામાં તેનું પરત સેટ પર જવાનું અઘરું જણાય છે. રશ્મિકા છેલ્લા ઘણાં સમયથી ત્રણ ફિલ્મોના શૂટિંગમાં દોડા-દોડ કરી રહી હતી. તબીબી સલાહ મુજબ આરામ અને વર્ક આઉટ ચાલી રહ્યા છે. ઝડપથી કામ પર પાછા ફરવાની તેને આશા છે. સલમાન ખાન સાથેની ‘સિકંદર’ને આ વર્ષે ઈદ પર રિલીઝ કરવાનું આયોજન છે. રશ્મિકાની ઈજાના પગલે આ ફિલ્મની રિલીઝને અસર થઈ શકે છે.

# ‘ગેમ ચેન્જર’ પર ટ્રોલર્સ ત્રાટક્યા કિઆરાને પણ નબળો રોલ મળ્યો

### સાઉથની ફિલ્મોમાં બોલિવૂડની હિરોઇનો સાથે ફ્લાવરપોટ જેવું વર્તન થતું હોવાનો ઊભરો ઠાલવ્યો

કિઆરા અડવાણી અને રામ ચરણ શંકરની ‘ગેમ ચેન્જર’માં મુખ્ય રોલ કરી રહ્યાં છે. ૧૦ જાન્યુઆરીએ આ ફિલ્મ થિએટરમાં રિલીઝ થઈ છે અને તેને ઓડિયન્સ તરફથી મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. સાથે સોશિયલ મીડિયા પર આ ફિલ્મમાં કિઆરાના રોલની ઘણી ટીકા થઈ રહી છે. જુનિયર એનટીઆરની ‘દેવરા’માં જાન્હવીને નબળો રોલ મળ્યો હતો અને તે જ રીતે ‘ગેમ ચેન્જર’માં કિઆરાને વેડફી નાખવામાં આવી હોવાનો ઊભરો નેટિઝન્સ ઠાલવી રહ્યા છે. ‘ગેમ ચેન્જર’માં રોલ માટે કિઆરાને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવી છે. કેટલાંક લોકોએ પહેલાં દિવસે જ ફિલ્મ જોઈ લીધી હતી અને તેમાંથી કિઆરાની કેટલીક ક્લિપ્સ વાયરલ થઈ રહી છે. ઘણા લોકોની ફરિયાદ છે કે બોલિવૂડની જે પણ હિરોઈન સાઉથની ફિલ્મોમાં કામ કરે છે, તેમના રોલને યોગ્ય લંબાઈ આપવામાં આવતી નથી. કેટલાંક લોકોએ કિઆરાના રોલની જાન્હવીના ‘દેવરા-૧’ના રોલ સાથે સરખામણી કરી હતી. લોકોનું માનવું હતું કે જે હિરોઈનોની બોલિવૂડની ફિલ્મોમાં મોટી જવાબદારી હોય છે એ સાઉથની ફિલ્મોમાં ફ્લાવર પોટ બની રહે છે. કિઆરા અડવાણીને એ મુદ્દે ટ્રોલ કરવામાં આવી કે તેને માત્ર ગીતોમાં સુંદર દેખાવા માટે રામ ચરણની પ્રેમિકા બનાવવામાં આવી છે, બાકી ફિલ્મની વાર્તામાં તેના પાત્રનું કોઈ મહત્વ નથી. તે સારો મજબૂત રોલ કરવાને લાયક હતી. તેની ક્ષમતા અને આવડત વેડફાઈ ગઈ છે. ‘ગેમ ચેન્જર’ને પહેલા દિવસે બોક્સ ઓફિસ પર ૭૦ કરોડથી વધુની આવક થઈ છે. જોકે, આ વીકેન્ડમાં પોંગલ, ઉત્તરાયણ જેવા તહેવારોને કારણે આવક વધવાની શક્યતા છે. આ ફિલ્મ તમિલ, તેલુગુ, હિન્દી અને મલયાલમમાં રિલીઝ થઈ છે. જોકે, બોક્સ ઓફિસની કુલ આવકમાં તેલુગુ ફિલ્મનો ફાળો મોટો છે.



કેટલાંક લોકોએ કિઆરાના રોલની જાન્હવીના ‘દેવરા-૧’ના રોલ સાથે સરખામણી કરી હતી. લોકોનું માનવું હતું કે જે હિરોઈનોની બોલિવૂડની ફિલ્મોમાં મોટી જવાબદારી હોય છે એ સાઉથની ફિલ્મોમાં ફ્લાવર પોટ બની રહે છે. કિઆરા અડવાણીને એ મુદ્દે ટ્રોલ કરવામાં આવી કે તેને માત્ર ગીતોમાં સુંદર દેખાવા માટે રામ ચરણની પ્રેમિકા બનાવવામાં આવી છે, બાકી ફિલ્મની વાર્તામાં તેના પાત્રનું કોઈ મહત્વ નથી. તે સારો મજબૂત રોલ કરવાને લાયક હતી. તેની ક્ષમતા અને આવડત વેડફાઈ ગઈ છે. ‘ગેમ ચેન્જર’ને પહેલા દિવસે બોક્સ ઓફિસ પર ૭૦ કરોડથી વધુની આવક થઈ છે. જોકે, આ વીકેન્ડમાં પોંગલ, ઉત્તરાયણ જેવા તહેવારોને કારણે આવક વધવાની શક્યતા છે. આ ફિલ્મ તમિલ, તેલુગુ, હિન્દી અને મલયાલમમાં રિલીઝ થઈ છે. જોકે, બોક્સ ઓફિસની કુલ આવકમાં તેલુગુ ફિલ્મનો ફાળો મોટો છે.

# અજિત કુમારે દુબઈ ખાતે કાર રેસિંગમાં ત્રીજું સ્થાન મેળવ્યું

તમિલ ફિલ્મોના સુપરસ્ટાર અજિત કુમારે ગત વર્ષે સપ્ટેમ્બર મહિનામાં પોતાની ટીમ ‘અજિત કુમાર રેસિંગ’ શરૂ કરી હતી. દુબઈ ઓટોડ્રોમમાં દર વર્ષે યોજાતી રેસિંગ કોમ્પિટિશનમાં અજિતની ટીમે ભાગ લીધો હતો. જીટી અને ટુરિંગ કારની ૨૪ કલાકની આ સ્પર્ધામાં સ્પીડ, સ્ટ્રેટેજી અને સહનશક્તિની પરીક્ષા થાય છે. આ રેસિંગ સ્પર્ધામાં અજિત અને તેમની ટીમે ત્રીજો નંબર મેળવ્યો હતો. ૫૩ વર્ષના અજિત કુમાર ફિલ્મોમાં ધમાકેદાર એક્શન માટે જાણીતા છે. રિયલ લાઈફમાં તેમને કાર રેસિંગનો શોખ છે. થોડા સમય અગાઉ અજિતની કારને પ્રેક્ટિસ દરમિયાન એક્સિડન્ટ થયો હતો. તેઓ દુબઈ ખાતે ૨૪ કલાકની આ રેસિંગ માટે જ પ્રેક્ટિસ કરી રહ્યા હતા. બ્રેક ફેલ થવાના કારણે તેમની કાર પલટી ખાઈ ગઈ હતી.



આ દુર્ઘટનામાં અજિતનો બચાવ થયો હતો, પરંતુ તેઓ કાર રેસિંગમાં ભાગ લે તેવી શક્યતા નહીવત હતી. આમ છતાં અજિતે પોતાની ટીમ સાતે રેસિંગમાં ભાગ લીધો હતો. ૯૯૧ કેટેગરીમાં તેમને ત્રીજો નંબર અને જીટી૪ કેટેગરીમાં સ્પિરિટ ઓફ ધ રેસનું સન્માન તેમને મળ્યુ હતું. અજિતે પોતાની આ સફળતા માટે પત્ની શાલિનીનો આભાર માન્યો હતો. કારણ કે એક તબક્કે અજિતે આ રેસમાં જાતે ભાગ નહીં લેવાનું જાહેર કર્યું હતું. જો કે પત્નીએ મંજૂરી આપતાં અજિતે રેસમાં ભાગ લીધો હતો. અજિતની સાથે જીતની આ ઉજવણીમાં આર. માધવન પણ જોડાયા હતા. બંનેએ તિરંગા સાથે સફળતા ઉજવી હતી.

### વેબ સિરીઝ ‘હીરામંડી’ પોતાની છાપ છોડી

# સ્ટારડમ મળી જતાં હું અભિમાની બની અને ભૂલો કરી હતી : મનીષા કોઈરાલા




### 33 વર્ષ કરતાં વધુ સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલી મનીષાને ભૂતકાળની પોતાની ભૂલો પર પસ્તાવો છે

રાજકુમાર અને દિલીપ કુમાર જેવા બે દિગ્ગજો સાથે સુભાષ ઘાઈએ બનાવેલી ફિલ્મ સૌદાગર સાથે મનીષા કોઈરાલાએ બોલિવૂડમાં આગમન કર્યું હતું. પ્રથમ ફિલ્મના ગીત ‘ઈલુ ઈલુ’એ મનીષાને દેશભરમાં જાણીતી બનાવી હતી. મનીષાને ટૂંક સમયમાં જ ટોચના સ્ટાર્સમાં સ્થાન મળી ગયું હતું અને ઝડપથી સ્ટારડમ મળી જવાના કારણે અભિમાન આવી ગયું હોવાનું મનીષાએ સ્વીકાર્યુ હતું. ૧૯૯૧માં પ્રથમ ફિલ્મથી માંડીને ગત વર્ષે વેબ સિરીઝ ‘હીરામંડી’ સુધી મનીષાએ દરેક રોલમાં પોતાની છાપ છોડી છે. ૩૩ વર્ષ કરતાં વધુ સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલી મનીષાને ભૂતકાળની પોતાની ભૂલો પર પસ્તાવો છે. જો કે આ ભૂલો એટલી મોટી નહીં હોવાનું મનીષા માને છે. મનીષાએ કહ્યું હતું કે, તેની પસંદગીઓ વ્યક્તિગત વધારે હતી અને ઈરાદો નહીં હોવા છતાં અન્ય લોકોને તેના કારણે દુઃખ થયું હતું. મનીષા માને છે કે, જીવનમાં દરેક પગલું ભરતી વખતે સંવેદનશીલ નિર્ણય લેવો જોઈએ અને સફળતા બાદ પણ નમ્ર અને વિવેકી રહેવું જોઈએ. મનીષા કોઈરાલાનું વ્યક્તિગત જીવન મુશ્કેલીઓથી ભરેલું રહ્યું છે. ફિલ્મ સ્ટાર્સ સાથેના તેના રિલેશન્સ ખાસ ટક્યા ન હતા અને લગ્ન જીવન પણ લાંબુ ચાલી શક્યું નહીં. વળી, મનીષાને કેન્સર પર હતું. કેન્સરને માત આપી ફરી એક્ટિંગમાં આવેલી મનીષા હવે સારી રીતે જીવવા માગે છે. મનીષાએ કહ્યું હતું કે, જીવનમાં સાથીદાર નહીં મળે તો ચાલશે, પરંતુ વર્તમાન જીવન જળવાઈ રહેવું જોઈએ. જીવનની ગુણવત્તા સાથે સમાધાન કર્યા વગર સાથીદાર મળતો હોય તો તેને મંજૂર છે. વળી, મનીષાને કેન્સર પર હતું. કેન્સરને માત આપી ફરી એક્ટિંગમાં આવેલી મનીષા હવે સારી રીતે જીવવા માગે છે. મનીષાએ કહ્યું હતું કે, જીવનમાં સાથીદાર નહીં મળે તો ચાલશે, પરંતુ વર્તમાન જીવન જળવાઈ રહેવું જોઈએ. જીવનની ગુણવત્તા સાથે સમાધાન કર્યા વગર સાથીદાર મળતો હોય તો તેને મંજૂર છે.

### આ કેસમાં ફરિયાદી એક ઉદ્યોગપતિ છે

# વેંકટેશ અને રાણા દગ્ગુબાતી સામે ફરિયાદ દાખલ

તેલુગુ સિનેમાના દિગ્ગજ અભિનેતા વેંકટેશ દગ્ગુબાતી, તેમના ભત્રીજા રાણા દગ્ગુબાતી અને તેમના પરિવારના સભ્યો પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. ફિલ્મનગરમાં એક હોટલને ગેરકાયદેસર રીતે તોડી પાડવા બદલ તેમની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે ફરિયાદીએ આરોપ લગાવ્યો કે દગ્ગુબાતી પરિવારે તેમને ભાડાપટ્ટે આપેલી જમીનમાંથી બળજબરીથી કાઢી મૂકવાનો પ્રયાસ કર્યો.આ કેસમાં ફરિયાદી એક ઉદ્યોગપતિ છે, જેમણે કહ્યું હતું કે ૨૦૧૪ માં દગ્ગુબાતી પરિવારે તેમને ફિલ્મનગરમાં એક પ્લોટ ભાડે આપ્યો હતો. તેમણે આ પ્લોટ પર એક હોટલ શરૂ કરી. જેના માટે બધા કાનૂની દસ્તાવેજો અને રજિસ્ટર્ડ ‘લીઝ ડીડ’ હાજર છે. ઉદ્યોગપતિ કહે છે કે દગ્ગુબાતી પરિવારે જમીન પર દાવો કરીને તેમને ત્યાંથી કાઢી મૂકવાનો પ્રયાસ કર્યો. આ મામલે તેમણે કોર્ટનો સંપર્ક કર્યો. જ્યાંથી તેમને કામચલાઉ રાહત તરીકે સ્ટે ઓર્ડર મળ્યો.ફરિયાદીના જણાવ્યા મુજબ, જાન્યુઆરી ૨૦૨૪ માં, વેંકટેશ, રાણા અને તેમના પરિવારના સભ્યોએ કથિત રીતે કેટલાક અસામાજિક તત્વો સાથે મળીને ભાડાપટ્ટે આપેલી જમીનમાં બળજબરીથી પ્રવેશ કર્યો અને હોટલનું માળખું તોડી પાડ્યું. ઉદ્યોગપતિએ દાવો કર્યો હતો કે કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને આ પગલું લેવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આ કાર્યવાહી પછી તેમને ન્યાય માટે નામપલ્લી કોર્ટનો સંપર્ક કરવો પડ્યો.કોર્ટનો આદેશ અને ફરિયાદફરિયાદીની અરજી પર સુનાવણી કરતા, નામપલ્લી કોર્ટે પોલીસને ફરિયાદ નોંધવા અને મામલાની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો. આ પછી, ૧૧ જાન્યુઆરીએ, ફિલ્મનગર પોલીસ સ્ટેશનમાં વેંકટેશ, રાણા અને અન્ય લોકો વિરુદ્ધ ગુનાહિત કાવતરું, બળજબરીથી ઘૂસણખોરી અને અન્ય કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે પુષ્ટિ આપી છે કે કેસ નોંધવામાં આવ્યો છે અને હવે તેની તપાસ કરવામાં આવી રહી છે.ફરિયાદીનું નામ અગાઉ પણ વિવાદમાં ફસાયું છે.



# ૪૯ વર્ષની અમિષાનું ૧૮ વર્ષ નાના નિર્વાણ બિરલા સાથે અફેર

### નિરવને અભિનેત્રી સાથેના તેના સંબંધોની અફવાઓ પર પ્રતિક્રિયા આપી, તેણે સ્પષ્ટ કર્યુ કે તે અમીષાને ડેટ કરી રહ્યો નથી

ગદર ૨ અભિનેત્રી ઘણીવાર કોઈને કોઈ કારણોસર સમાચારમાં રહે છે. તેનું અંગત જીવન પણ વિવાદોથી ભરપુર રહ્યું છે. થોડા સમય પહેલા બિઝનેસમેન નિરવ બિરલા સાથે તેના અફેરના સમાચાર આવ્યા હતા. એક ફોટો પણ વાયરલ થયો હતો જેમાં નિરવ તેને ગળે લગાવતો જોવા મળ્યો હતો. ફોટામાં બંને ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા હતા. હવે નિરવને આ અફેરની અફવાઓ પર પ્રતિક્રિયા આપી છે.નિરવને અભિનેત્રી સાથેના તેના સંબંધોની અફવાઓ પર પ્રતિક્રિયા આપી. તેણે સ્પષ્ટ કર્યુ કે તે અમીષાને ડેટ કરી રહ્યો નથી. નિરવને કહ્યુ કે અમીષા તેની ફેમિલી ફ્રેન્ડ છે. અમીષા તેના પિતાને ઘણા સમયથી ઓળખે છે. વાયરલ ફોટો અંગે તેણે જણાવ્યું કે તેઓ તેમના મ્યુઝિક આલ્બમના શૂટ માટે દુબઈ ગયા હતા, જેમાં અમીષા પટેલ જોવા મળે છે. નિર્વાન બિરલા બિઝનેસમેન યશવર્ધન બિરલાનો પુત્ર છે. નિર્વાન બિરલા ઓપન માઈન્ડ્સ એજ્યુકેશન પ્રાઈવેટ લિમિટેડના સ્થાપક છે.




તે જાણીતું છે કે નિર્વાણ ૩૧ વર્ષનો છે અને અમિષા ૪૯ વર્ષની છે.અમીષાના અફેરની વાત કરીએ તો તેનું નામ પરિણીત નિર્દેશક વિક્રમ ભટ્ટ સાથે પણ જોડવામાં આવ્યું હતું. એવા અહેવાલ હતા કે તેઓ ૫ વર્ષ સુધી ડેટ કર્યા પછી તેઓ અલગ થઈ ગયા હતા. બાદમાં અમીષાએ તેને પોતાના જીવનની સૌથી મોટી ભૂલ ગણાવી હતી.અમીષાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તેણે ૨૦૦૦માં ડેબ્યૂ કર્યુ હતું. તે કહો ના પ્યાર હે ફિલ્મમાં જોવા મળી હતી. ફિલ્મને ખૂબ પસંદ કરવામાં આવી હતી. અમીષા પટેલ રાતોરાત સ્ટાર બની ગઈ.

# એન્જેલિના જોલી હોલિવૂડને હેલ્ધી બિઝનેસ નથી માનતી

### છેલ્લાં કેટલાંક મહિનાથી એન્જેલિના જોલી ચર્ચામાં રહી છે

છેલ્લાં કેટલાંક મહિનાથી એન્જેલિના જોલી ચર્ચામાં રહી છે. સાઈકોલોજિકલ ડ્રામા ફિલ્મ મારીઆમાં મારીઆ કલાસના રોલને વિવેચકો અને દર્શકો ઘણો વખાણ્યો છે. ઘણા લાંબા સમય પછી તે આ રોલથી ફરી લોકોની નજરમાં આવી છે. સાથે જ તેના બ્રાડ પિટ સાથેના ડિવોર્સના કેસનો પણ તાજેતરમાં લાંબા સમયની લડત પછી સંપૂર્ણ અંત આવી ગયો છે. તેથી હવે એન્જેલિના થોડાં વખતથી નવા તરોતાજા એટિટ્યુડ લાથે દેખાવા લાગી છે.એન્જેલિના અને બ્રાડ ૨૦૧૮માં અલગ થયા અને ૨૦૧૯માં તેમણે સિંગલ હોવાની પણ જાહેરાત કરી દીધી હતી. લાંબી કાનૂની લડત પછી આખરે તેમના ડિવોર્સની પ્રક્રિયા તાજેતરમાં પૂરી થઈ છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તેણે જાહેર કર્યું છે કે હોલિવૂડમાં કામ કરવું સહેલું નથી, ઘણાં સંઘર્ષ કરવા પડે છે.મારીઆના તેના રોલ અંગે તેને શંકા હતી કે, તે એ રોલને ન્યાય આપી શકશે કે નહીં કારણ કે આ પહેલાં કોઈએ તેને એ રોલ માટે રિજેક્ટ કરી હતી. એન્જેલિનાએ કહ્યું હતું, ‘‘મેં ક્યારેય ગાયું નહોતું. એક વખત હું ગાતી હતી ત્યારે મને કોઈએ કહેલું કે તારે ગાવું ન જોઈએ અથવા તો હું ગાતી હતી એ તેમને પસંદ નહોતું આવતું, તેનાથી મેં ખરેખર ગાવાનું બંધ કરી દીધું હતું.’’એન્જેલિનાએ આગળ કહ્યું, ‘‘તેથી મેં જ્યારે પાબ્લોએ આ રોલ માટે પૂછ્યું અને કહ્યું કે હું ગાઈ શકીશ કે નહીં ત્યારે હું ખોટું બોલી, કોઈ મારિઆ જેવું ગાઈ શકે નહીં, પરંતુ મેં મારાથી થાય એટલું સારું કરવાની કોશિષ કરી. જેમાં પાબ્લોએ એન્જેલિનાના ખૂબ વખાણ કર્યા.’’એન્જેલિનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવવા માગતા યુવાનોને સલાહ આપતા કહ્યું, ‘‘એક કેરિઅર બનાવવા પર જ ઘણું ધ્યાન આપવું પડે છે. જો તમને થિએટર ગમતું હોય તો તમે ઘરે પાયજામા પહેરીને પણ સ્ક્રિપ્ટની તૈયારી કરી શકો છો, તમને એ રોલ મળશે જ એવું માની લેવાની જરૂર નથી. એક કલાકાર તરીકે જીવવાના અલગ વિકલ્પો શોધતા રહો. પરંતુ સંપૂર્ણ જીવન જીવવાની કોશિશ કરો. હોલિવૂડની ઈન્ડસ્ટ્રી ઘણી વખતે હેલ્ધી બિઝનેસ નથી હોતી. અહીં કામ કરવું સહેલું નથી. ઘણો સંઘર્ષ કરવો પડે છે. આ જગ્યા તમે તમારું બધું જ સોંપી દો, તેને લાયક નથી.’’



### ‘હેરાફેરી’ની ત્રિપુટી : અક્ષય, તબુ અને પ્રિયદર્શન ફરી સાથે કામ કરશે

# ‘ભૂત બંગલા’માં અક્ષયની ટીમમાં તબુનો સમાવેશ

અક્ષય કુમારે ૨૦૨૫ના વર્ષમાં સંખ્યાબંધ નવા પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે. હાલના સમયમાં હિટ બનેલી હોરર કોમેડી જોનરને પસંદ કરી અક્ષય કુમારે ‘ભૂત બંગલા’ પ્લાન કરી છે. આ ફિલ્મમાં અક્ષયે એક્ટિંગ ઉપરાંત પ્રોડ્યુસર તરીકે પણ જવાબદારી લીધી છે. કોમેડી ફિલ્મોના માસ્ટર ડિરેક્ટર પ્રિયદર્શનને આ ફિલ્મનું સુકાન સોંપવા ઉપરાંત અક્ષય કુમારે પોતાની ટીમમાં તબુનો પણ સમાવેશ કર્યો છે. તાજેતરમાં રિલીઝ થયેલી ‘ડ્યુન પ્રોફેસી’માં તબુના આંતરરાષ્ટ્રીય સ્તરે વખાણ થઈ રહ્યા છે. દરેક પ્રકારના રોલને જીવંત બનાવી દેતી તબુએ અક્ષયની ફિલ્મમાં પોતાના કાસ્ટિંગ અંગે ખુલાસો કર્યો છે. તબુએ સેટ પર પહેલા દિવસની ઝલક આપવાની સાથે જૂના સાથીદારો સાથે નવા પ્રોજેક્ટની એનાઉન્સમેન્ટ કરી હતી. તબુ અને અક્ષય કુમારે અગાઉ ‘હેરા ફેરી’માં પ્રિયદર્શનના ડાયરેક્શનાં કામ કરેલું છે. તબુએ ક્લિપ બોર્ડનો ફોટોગ્રાફ શેર કર્યો હતો અને કેપ્શનમાં લખ્યું હતું કે, અમે અહીં ફસાયેલા છીએ. ભૂતબંગલાને એકતા કપૂરની બાલાજી ફિલ્મ્સ અને અક્ષયકુમારની કેપ ઓફ ગુડ ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. રિપોર્ટ્સ મુજબ, વામિકા ગબ્બી પણ અક્ષય કુમારની ફિલ્મમાં જોડાઈ છે. અક્ષય કુમાર આ ફિલ્મમાં ત્રણ એક્ટ્રેસ સાથે કામ કરશે. ફિલ્મની સ્ટોરી કે કેરેક્ટર અંગે ખાસ વિગતો બહાર આવી નથી, પરંતુ અક્ષય કુમાર તેમાં જાદુગરનો રોલ કરે તેવી અટકળો છે. ૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ફિલ્મને રિલીઝ કરવાનું આયોજન છે.

ભૂતબંગલાને એકતા કપૂરની બાલાજી ફિલ્મ્સ અને અક્ષય કુમારની કેપ ઓફ ગુડ ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે



## ડાયાબિટીસ થવાનું એકમાત્ર કારણ શરીરમાં પોટેશિયમની ઉણપ છે.

# ડાયાબિટીસથી પીડિત દરેક વ્યક્તિ તેનો ઉપયોગ કરે છે.

**બ્લડ સુગરના સ્તરને સ્થિર કરીને અસરકારક રીતે ડાયાબિટીસનું સંચાલન સ્વાસ્થ્યમાં સુધારો કરે છે અને આયુષ્ય લંબાવે છે.**






એક મહિના પહેલા, "ઇન્ડિયા વિધાઉટ ડાયાબિટીસ" પ્રોગ્રામ શરૂ થયો છે, જેનો ઉદ્દેશ્ય ડાયાબિટીસ અને તેની સમસ્યાઓ સામે લડવાનો છે. અમને આ વિશે ઘણા પ્રશ્નો મળ્યા છે, અને આજે અમે ઈવેન્ટના સંયોજક ચંચલ પાંડે સાથેની મુલાકાત પ્રકાશિત કરવાનું નક્કી કર્યું છે. તેઓ એક પ્રતિષ્ઠિત પ્રોફેસર છે જેમણે વ્યક્તિગત રીતે કાર્યક્રમનું નેતૃત્વ કર્યું હતું અને ભ્રષ્ટાચારને ટાળવા માટે તેની પ્રગતિનું નિરીક્ષણ કર્યું હતું. અમે તમને યાદ અપાવીએ છીએ કે આ પ્રોગ્રામ ફક્ત સત્તાવાર રીતે જ લોન્ચ કરવામાં આવ્યો હતો, આ કાર્યક્રમ હેઠળ દેશના દરેક નાગરિકને ડાયાબિટીસની અદ્યતન દવા મળી શકે છે. ખાસ કિંમતે ઉપલબ્ધ છે. તેની ડિલિવરી સમગ્ર ભારતમાં ઉપલબ્ધ છે.

સંપાદકઃ હેલો. અમારા વાચકોને જણાવો કે ખાનગી ચેરિટી ફંડ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ ડાયાબિટીસ સામે લડવા માટેનો આ કાર્યક્રમ શા માટે માટે શરૂ કરવામાં આવ્યો છે? શું સરકારી ભંડોળ હવે ડાયાબિટીસના દર્દીઓની સ્થિતિને નિયંત્રિત કરવામાં સક્ષમ નથી?

પ્રવીણ મિશ્રાઃ હેલો! એ તો બધા જાણે છે કે આપણી આરોગ્ય વ્યવસ્થા નોકરશાહીથી છલકી ગઈ છે. અને તે ખાસ કરીને દર્દીઓ માટે મોટી સમસ્યાઓનું કારણ બને છે. અલબત્ત, ડાયાબિટીસના દર્દીઓની દેખરેખ નિષ્ણાતો દ્વારા કરવામાં આવે છે. પરંતુ, કમનસીબે, નિષ્ણાતો મુખ્યત્વે શરીરની સ્થિતિને સ્થિર કરવા અને તેના કારણો સાથે વ્યવહાર કરવાને બદલે રોગના પરિણામો સાથે વ્યવહાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આપણે સમજવું જોઈએ કે વિશેષ આહાર, ઈન્સ્યુલિન અને સહાયક દવાઓ માત્ર સામાન્ય જીવનનો ભ્રમ પેદા કરે છે. તેઓને રોગ પર જ કોઈ અસર થતી નથી. અને તે તમને અંદરથી ધીમે ધીમે મારતી રહે છે. પ્રવીણ મિશ્રાઃ હેલો! એ તો બધા જાણે છે કે આપણી આરોગ્ય વ્યવસ્થા નોકરશાહીથી છલકી ગઈ છે. અને તે ખાસ કરીને દર્દીઓ માટે મોટી સમસ્યાઓનું કારણ બને છે. અલબત્ત, ડાયાબિટીસના દર્દીઓની દેખરેખ નિષ્ણાતો દ્વારા કરવામાં આવે છે. પરંતુ, કમનસીબે, નિષ્ણાતો મુખ્યત્વે શરીરની સ્થિતિને સ્થિર કરવા અને તેના કારણો સાથે વ્યવહાર કરવાને બદલે રોગના પરિણામો સાથે વ્યવહાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આપણે સમજવું જોઈએ કે વિશેષ આહાર, ઈન્સ્યુલિન અને સહાયક દવાઓ માત્ર સામાન્ય જીવનનો ભ્રમ પેદા કરે છે. તેઓને રોગ પર જ કોઈ અસર થતી નથી. અને તે તમને અંદરથી ધીમે ધીમે મારતી રહે છે.

પરિણામે, ડાયાબિટીસ ધરાવતા ઘણા લોકોને જરૂરી મદદ મળતી નથી. જો કે, ડાયાબિટીસ એક ખતરનાક રોગ છે, તે કેન્સરની ગાંઠ કરતાં પણ ઓછો ખતરનાક નથી.

સંપાદકઃ તમારો મતલબ શું છે? કે કેન્સર અને ડાયાબિટીસના જોખમ દરો તુલનાત્મક છે?

પ્રવીણ મિશ્રાઃ કોઈ સરખામણી નથી. હકીકતમાં તેઓ ખૂબ સમાન છે, ભલે આપણે મૃત્યુદર પર નજર કરીએ. ફરક માત્ર એટલો છે કે ડાયાબિટીસ ધીમે ધીમે મરી જાય છે. પરંતુ ડાયાબિટીસના દર્દીઓના મૃત્યુની સ્થિતિ કેન્સરના દર્દીઓ કરતા થોડી અલગ હોય છે. કેન્સરગ્રસ્ત વ્યક્તિ માટે સક્રિય સંભાળ છે, જ્યારે ડાયાબિટીસના દર્દીની સંભાળ સામાન્ય રીતે ખાસ આહાર અને ઈન્સ્યુલિનના ઈન્જેક્શન સુધી મર્યાદિત હોય છે. જો ડાયાબિટીસના દર્દીઓને અન્ય કેટલાક ઉપાયો આપવામાં આવે તો પણ તે મોટા ભાગના કેસોમાં ખરેખર મદદરૂપ થતા નથી, આ વિશે મેં પહેલેથી જ કહ્યું છે. વિશ્વમાં ડાયાબિટીસથી પીડિત દર્દીઓની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી રહી છે, તેથી તેના મૃત્યુ દરમાં પણ વધારો થયો છે.

---

**આજકાલ વ્યસ્ત જીવનશૈલીના કારણે ઘણા લોકો તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવામાં અસમર્થ છે.**

# સ્વસ્થ જીવન માટે જીવનશૈલીમાં કરો ૪ ફેરફારો

**આલ્કોહોલનું વધુ પડતું સેવન શરીર માટે હાનિકારક સાબિત થઈ શકે છે. વધુ પડતા આલ્કોહોલનું સેવન કરવાથી કેન્સર, બ્લડ પ્રેશરની સમસ્યા અને વજન વધી શકે છે.**

બદલાતી જીવનશૈલીને કારણે આજકાલના નાની મોટી સ્વાસ્થ્ય સમસ્યા ખુબ સામાન્ય છે. ફાસ્ટફુડ અને મોડી રાત સુધીના ઉજાગરા આવી જીવનશૈલી લાંબા ગાળે નુકસાન પહોંચાડે છે, આજે અમે તમને કેટલાક લાઈફસ્ટાઈલ આપશું જેને અનુસરી તમે સ્વાસ્થ્યને સારૂ રાખી શકશો.



આજકાલ વ્યસ્ત જીવનશૈલીના કારણે ઘણા લોકો તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવામાં અસમર્થ છે. જેના કારણે ઘણા લોકો તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવામાં અસમર્થ છે. જેના કારણે સ્વાસ્થ્ય સંબંધિત અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેની માત્ર શારીરિક જ નહીં પરંતુ માનસિક સ્વાસ્થ્ય પર પણ ખૂબ જ ખરાબ અસર પડે છે. તમે ઘણા તણાવ હેઠળ જીવો છો. આ બધી બાબતોને કારણે તમારા કામની ઉત્પાદકતા પણ ઘટી જાય છે. આવી સ્થિતિમાં, તમે તમારી જીવનશૈલીમાં થોડો ફેરફાર કરીને પણ સ્વસ્થ રહી શકો છો. ચાલો જાણીએ કે તમે કયા ૪ ફેરફારો કરી શકો છો.

પ્રોટીન સમૃદ્ધ ખોરાક

પ્રોટીન આપણા શરીર માટે ખૂબ જ મહત્વપૂર્ણ પોષક તત્વ છે. પ્રોટીન સ્નાયુઓ બનાવે છે. આ તમારા શરીરને એનર્જી આપે છે. તમારા આહારમાં પ્રોટીનયુક્ત ખોરાક જેવા કે ઈંડા, ચિકન, ટોફુ, માછલી અને પનીરનો સમાવેશ કરવાની ખાતરી કરો. આ સિવાય તમે અન્ય ઘણા પ્રોટીનયુક્ત ખોરાકને આહારમાં સામેલ કરી શકો છો. આ પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં પણ મદદ કરે છે. એથ્લેટ્સ, બાળકો અને વૃદ્ધો માટે પ્રોટીનથી સમૃદ્ધ ખોરાક ખૂબ જ મહત્વપૂર્ણ છે.

વર્કઆઉટ

સ્વસ્થ રહેવા માટે હેલ્ધી ડાયટ લેવાની સાથે સાથે નિયમિત કસરત કરવી પણ ખૂબ જ જરૂરી છે. રોજ વર્કઆઉટ કરો. તમે યોગા, સ્વિમિંગ અને સાઈકલિંગ પણ કરી શકો છો. આ કસરતો તમારા સ્નાયુઓની શક્તિ માટે ખૂબ જ સારી છે. તે તમારા હૃદયને સ્વસ્થ રાખવામાં પણ મદદ કરે છે. તેનાથી સાંધાના દુખાવામાં રાહત મળે છે. વર્કઆઉટ તમને સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓથી બચાવવાનું પણ કામ કરે છે.

વ્યસન ન કરવું

આલ્કોહોલનું વધુ પડતું સેવન શરીર માટે હાનિકારક સાબિત થઈ શકે છે. વધુ પડતા આલ્કોહોલનું સેવન કરવાથી કેન્સર, બ્લડ પ્રેશરની સમસ્યા અને વજન વધી શકે છે. આવી સ્થિતિમાં, સ્વસ્થ રહેવા માટે, આલ્કોહોલ કે વ્યસન ન કરો.

સ્ટેપ કાઉન્ટ

તમારી જીવનશૈલીને બહેતર બનાવવા માટે, તે મહત્વપૂર્ણ છે કે તમે સ્ટેપની ગણતરી કરો. દિવસ દરમિયાન વધુને વધુ ચાલવાનો પ્રયાસ કરો. આ દિવસોમાં વ્યસ્ત શિડ્યુલને કારણે અમે કલાકો સુધી એક જગ્યાએ બેસી રહીએ છીએ. આનાથી આપણા સ્વાસ્થ્ય પર ખૂબ જ ખરાબ અસર પડે છે. ચાલવાથી તમારું શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય સુધરે

---

# દૂધ આપણાં હાડકાંને મજબૂત કરે છે કે નબળાં?

રાષ્ટ્રીય દૂધ દિવસ) દર વર્ષે ૨૬ નવેમ્બરના રોજ શ્વેતક્રાંતિના પિતા ડૉ.વર્ગીઝ કુરિયનના જન્મદિવસ નિમિત્તે ઉજવવામાં આવે છે. વર્ગીઝ કુરિયનનો જન્મ ૨૬ નવેમ્બર ૧૯૨૧ ના રોજ કેરળના કોઝિકોડમાં થયો હતો. કુરિયનને 'મિલ્કમેન ઑફ ઈન્ડિયા' તરીકે પણ ઓળખવામાં આવે છે. સારા સ્વાસ્થ્ય જાળવવા માટે દૂધ પીવું ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ તે બધા જાણે છે, પરંતુ શું તમે પણ દૂધ પીવાની સાચી રીત જાણો છો?



**પરંતુ બે વર્ષ બાદ સમય સાથે દૂધથી હાડકાં પર કંઈ ખાસ અસર ન પડી. શરીરમાં કેલ્શિયમની આપૂર્તિ માટે કેલ્શિયમ સપ્લિમેન્ટ પણ લેવામાં આવે છે પરંતુ તેના લાંબા ગાળા સુધી ઉપયોગના કેટલાક ગેરલાભ પણ છે.**

નાનપણમાં આપણે બધાએ કદાચ સાંભળ્યું જ હશે કે દૂધી પીવો.. દૂધ પીવાથી સ્વાસ્થ્ય સારું રહે છે.. હાડકાં મજબૂત બને છે... વગેરે... આ સાંભળવામાં તો સાચું પણ લાગે છે, કેમ કે દૂધમાં કૅલ્શિયમ હોય છે જે હાડકાંમાં મળતા મિનરલ માટે ફાયદાકારક હોય છે. પરંતુ દૂધ પીવાથી હાડકાં મજબૂત થવાનો સંબંધ જેટલો સરળ લાગે છે એટલો જ જટિલ છે.

દૂધ અને હાડકાં વચ્ચેનો સંબંધ સમજવા માટે વર્ષ ૧૯૯૭માં હાવર્ડ યુનિવર્સિટીએ ૭૭,૦૦૦ મહિલા નર્સો પર એક સંશોધન કર્યું હતું.

આ મહિલાઓના ખાનપાન પર ૧૦ વર્ષ સુધી અધ્યયન કરવામાં આવ્યું.

શોધકર્તાઓને જાણવા મળ્યું કે જે મહિલાઓ અઠવાડિયામાં એક વખત કે તેના કરતાં ઓછું દૂધ પીવે છે અને જે અઠવાડિયામાં ત્રણ કે વધારે વખત દૂધ પીવે છે, તે બન્નેના હાડકાંમાં ફ્રૅક્ચર થવાની સંખ્યામાં કોઈ અંતર ન હતું. આ ટીમે આવું જ એક અધ્યયન ૩ લાખ ૩૦ હજાર પુરૂષો પર કર્યું. અને અહીં પણ હાડકાંના ફ્રેક્ચર થવા પર દૂધ પીવાની કોઈ અસર જોવા ન મળી.

વર્ષ ૨૦૧૫માં ન્યૂઝિ લૅન્ડની એક ટીમે દૂધની આ જ અસરને સમજવા માટે એક ટ્રાયલ કર્યું. જેમાં કેટલાક લોકોના આહારમાં કૅલ્શિયમ તત્ત્વો ધરાવતી વસ્તુઓને જોડવામાં આવી. આ ટીમે આવા જ જૂના ૧૫ અધ્યયનોની ફરી સમીક્ષા કરી અને જાણ્યું કે બે વર્ષો સુધી તો કૅલ્શિયમથી હાડકાંના ઘનત્વ પર અસર પડી છે, પરંતુ બે વર્ષ બાદ સમય સાથે દૂધથી હાડકાં પર કંઈ ખાસ અસર ન પડી. શરીરમાં કૅલ્શિયમની આપૂર્તિ માટે કૅલ્શિયમ સપ્લિમૅન્ટ પણ લેવામાં આવે છે પરંતુ તેના લાંબા ગાળા સુધી ઉપયોગના કેટલાક ગેરલાભ પણ છે. ન્યૂઝિ લૅન્ડની આ ટીમે કૅલ્શિયમના સપ્લિમૅન્ટની અસરને સમજવા ૫૧ અન્ય ટ્રાયલ પણ કર્યા. તેમાં બહાર આવ્યું કે તેનાથી હાડકાંનું મજબૂત થવાનું એક કે બે વર્ષ બાદ બંધ થઈ જાય છે. આ કૅલ્શિયમ સપ્લિમૅન્ટ વધતી ઉંમર સાથે માત્ર હાડકાંના મિનરલના નુકસાનને ઓછું કરી શકે છે આ જ ડેટાનું જ્યારે અન્ય દેશોએ અધ્યયન કર્યું તો તેમણે તેના આધારે રોજિંદા ખોરાકમાં કૅલ્શિયમની માત્રા અલગ અલગ નક્કી કરી.

જેમ કે અમેરિકામાં રોજિંદા ખોરાકમાં કૅલ્શિયમની માત્રા યૂકે અને ભારતની સરખામણીએ બે ગણી વધારે રાખી.

---

# તમારા સ્વાસ્થ્યની 'ચાવી' તમારા હાથમાં

આજકાલની અ દોડભાગભરી જીંદગીમાં ખુબ જ જટિલતાઓ રહેવાથી કોઇ પણ વ્યક્તિએ તેનું સ્વાસ્થ્ય જાળવી રાખવા ઘણી મુશ્કેલીઓ પડે છે. ભાગમભાગ અને જલ્દીથી બધાય કામોને પતાવવા માટે છેવટે કોઇ પણ વ્યક્તિ ચિંતા, અનિદ્રા, અપચો, અને માથાના દુ:ખાવાનો ભોગ બની રહે છે. તેથી અમે અહીં તેને થોડેક અંશે દુર કરવા માટેના સુચનો આપ્યા છે.



૧) અનિદ્રા : જોવા જઈએ તો આ બીમારી આજકાલની આધુનિક જીવન પદ્ધતિ અને માનસિક તણાવનું પરિણામ છે ઘણાં લોકો તેથી બચાવ કરવા માટે દવાઓ લે છે જે એકંદરે એક ટેવ પડી જાય છે અને તે પછી તેના વગર ઉંઘ આવવી મુશ્કેલ બને છે.

ઉપચાર : ૧) રાત્રે હળવું ભોજન લેવું, ૨) જમ્યાના ૨ કલાક પછી ઉંઘવું, ૩) જમ્યાં પછી ૧૫-૨૦ મિનિટ સુધી ચાલવું, ૪) રાત્રે સૂતાં પહેલાં નવશેકા પાણીથી નહાવું, ૫) પથારી પર ગયાં પછી ૧૦-૧૫ મિનિટ સુધી શવાસન કરવું. આ બધું કર્યાં પછી પણ જો ઉંઘ ન આવે તો કોઇ પણ સામાન્ય વિષયની ચોપડી વાંચવી.

૨) ઉચ્ચ રક્તચાપ : ડાયબિટીસ, અનિદ્રા, હૃદયરોગ જેવી બીમારિઓની જેમ આજકાલ ઘણાં લોકો આનો પણ ભોગ બને છે.

ઉપચાર : લોહીનું દબાણ સામાન્ય કરવા માટે મીઠું, ઘી, તેલથી બનેલી ચરબી વાળી વસ્તુઓનું સેવન ઓછું કરવું જોઇએ, તેમજ માંસાહારી લોકોએ લીલાં શાકભાજી વધારે ખાવા જોઈએ. આ સિવાય કસરત કરવાથી ૫૦ ટકાથી વધુ ફાયદો થશે, જેમાં સામાન્ય રીતે અમુક આસનો પણ કરી શકાય છે જ્યારે દિવસમાં થોડોક સમય સુધી શવાસન કરતાં આરામ પામી શકાય છે. ૩) ઉધરસ : આ પણ એક સામાન્ય બિમારી છે, પરંતુ આને લીધે અમુક લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડે છે.

---

# શો છોડવાનો નિર્ણય તેનો પોતાનો હતો : અમિત મોદી

**ગુરુચરણ સિંહ જે પણ સમસ્યાનો સામનો કરતો હોય તે જલ્દી દૂર થઇ જાય તેવી પ્રાર્થના કરે : અસિત મોદી**

તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા શો ફરીથી ચર્ચામાં આવી ગયો છે. આ શોને અત્યાર સુધીમાં ઘણા કલાકારો છોડી ચૂક્યા છે અને શો છોડ્યા પછી મેકર્સ પર ગંભીર આરોપ પણ લગાવી ચૂક્યા છે. અન્ય કલાકારોની જેમ ગુરુચરણ સિંહ એટલે કે સોઢીએ પણ અસિત મોદી પર પેમેન્ટ રોકવાનો આરોપ લગાવ્યો હતો. આ ખબરો સામે આવ્યા પછી આસિત મોદીએ ફરી એક વખત આ મુદ્દે ખુલીને વાત કરી છે અને સોઢીએ શો શા માટે છોડ્યો તે પણ જણાવ્યું છે.

ગુરુચરણ સિંહ આ સમયે ચર્ચામાં છે કારણ કે થોડા દિવસ પહેલાં તેનો એક વિડિયો સામે આવ્યો હતો જેને જોઈને તેના ચાહકોમાં ચિંતા વધી હતી. ગુરુચરણ સિંહ તબિયત ખરાબ હોવાના કારણે હોસ્પિટલમાં દાખલ હતો.. તેના એક મિત્રએ ઈન્ટરવ્યૂ દરમિયાન એવી વાત પણ કહી કે ગુરુચરણ સિંહે ખાવા પીવાનું છોડી દીધું છે અને એક્ટરે પોતાના મોતની તારીખ પણ જણાવી દીધી છે. આ સમગ્ર મામલે ફરી એક વખત અસિત મોદી પણ ચર્ચામાં આવી ગયા છે.

આ મામલે આસિત મોદીએ ખુલાસો કર્યો હતો કે, ગુરુચરણ સિંહ સાથે તેનો ખૂબ જ નજીકનો સંબંધ છે. તેના પરિવારજનો પણ ગુરુચરણને ખૂબ જ ચાહે છે. તે સારો માણસ છે અને તે ઈમોશનલી કનેક્ટેડ છે. અસિત મોદીએ એવું પણ કહ્યું કે ગુરુચરણ સિંહ જે પણ સમસ્યાનો સામનો કરતો હોય તે જલ્દી દૂર થઈ જાય તેવી તે પ્રાર્થના કરે છે. પરંતુ તારક મહેતા શો છોડવાનો નિર્ણય તેનો પોતાનો હતો. મેકર્સ તરફથી તેને શો છોડવાનું કહેવામાં આવ્યું ન હતું. હવે ગુરુચરણને લાગે છે કે તેણે આ શોમાં રહેવાની જરૂર હતી. અસિત મોદીએ એવું પણ કહ્યું કે ગુરુચરણ સિંહ જે પણ સમસ્યાનો સામનો કરતો હોય તે જલ્દી દૂર થઈ જાય તેવી તે પ્રાર્થના કરે છે. પરંતુ તારક મહેતા શો છોડવાનો નિર્ણય તેનો પોતાનો હતો. મેકર્સ તરફથી તેને શો છોડવાનું કહેવામાં આવ્યું ન હતું. હવે ગુરુચરણને લાગે છે કે તેણે આ શોમાં રહેવાની જરૂર હતી.

આસિત મોદીએ આગળ કહ્યું કે શોને હવે સોળ વર્ષ થઈ ગયા છે. લોકો પાસે પોતાના કારણો હોય છે શો છોડવા માટેના. તમે હંમેશા કોઈ પાસેથી આશા ન રાખી શકો કે તે શો છોડે નહીં. ઘણા કલાકારોએ શો છોડ્યો છે અને હજી ઘણા

---

# અદાર પૂનાવાલાએ કહ્યું કે તેની પત્ની રવિવારે તેની સામે તાકી રહે છે

**આનંદ મહિન્દ્રા, તમે સાચા છો, મારી પત્ની પણ વિચારે છે કે હું એક અદ્ભુત વ્યક્તિ છું અને તે મને રવિવારે જોવાનું પસંદ કરે છે : પૂનાવાલા**

હવે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (SII)ના સીઈઓ અદાર પૂનાવાલા પણ કામના કલાકો અંગે ટિપ્પણી કરવાને કારણે ચર્ચામાં આવ્યા છે.

આમામલેતેઓમહિન્દ્રાગ્રુપનાચેરમેનઆનંદમહિન્દ્રાના "વર્ક લાઈફ બેલેન્સ" પરના નિવેદન સાથે સહમત થયા. પૂનાવાલાએ કહ્યું, "મારી પત્ની પણ રવિવારે મને જોતી રહે છે." તેમની તાજેતરની પોસ્ટ લાર્સન એન્ડ ટુબ્રોના ચેરમેન એસએન સુબ્રમણ્યમના 'X' પરના નિવેદનના થોડા દિવસો પછી આવી છે, જેમાં તેમણે કહ્યું હતું કે લોકોએ અઠવાડિયામાં ૯૦ કલાક કામ કરવું જોઈએ અને કર્મચારીઓએ પણ રવિવારની પણ રજા ન લેવી જોઈએ. તેમના નિવેદન પર ઘણા ઉદ્યોગપતિઓ, બોલિવૂડ સ્ટાર્સ અને રાજનેતાઓએ પ્રતિક્રિયા આપી છે.

સોશિયલ મીડિયા હેન્ડલ ઠ પર પોસ્ટ કરતાં પૂનાવાલાએ લખ્યું, "આનંદમહિન્દ્રા, તમેસાચાછો. મારીપત્નીપણવિચારે છે કે હું એક અદ્ભુત વ્યક્તિ છું અને તે મને રવિવારે જોવાનું પસંદ કરે છે." પોસ્ટમાં આગળ લખવામાં આવ્યું હતું કે, "વર્કના કલાકો કરતાં ગુણવત્તા વાળુ કામ વધુ મહત્વપૂર્ણ છે."

શનિવારે કામકાજના કલાકો પર મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ કહ્યું હતું કે, "આ ચર્ચા ખોટી દિશામાં જઈ રહી છે. મને નારાયણ મૂર્તિ અને અન્ય કોર્પોરેટ નેતાઓ માટે ખૂબ આદર છે. હું કહું છું કે આપણે કામની ગુણવત્તા પર ધ્યાન આપવું જોઈએ, કામના માત્રા પર નહીં. તેથી, અહીં ૭૦ કે ૯૦ કલાક કામ કરવાની વાત નથી."

આ સિવાય એલએન્ડટીના ચેરમેન એસએમ સુબ્રમણ્યમના નિવેદન પર કટાક્ષ કરતા મહિન્દ્રાએ કહ્યું હતું કે મારી પત્ની ખૂબ જ અદ્ભુત છે અને મને તેના તરફ જોવું ગમે છે. ઈન્ફોસિસના સહ-સ્થાપક નારાયણ મૂર્તિએ કામના કલાકો પર ચર્ચા શરૂ કરનાર સૌપ્રથમ હતા. તેમણે અઠવાડિયામાં ૭૦ કલાક કામ કરવાની હિમાયત કરી હતી. આ પછી, તાજેતરમાં ન્ શ્ના ચેરમેન એસએમ સુબ્રમણ્યમનું નિવેદન વાયરલ થયું હતું, જેમાં તેમણે અઠવાડિયામાં ૯૦ કલાક કામ કરવાની હિમાયત કરી હતી.

વાયરલ વીડિયોમાં સુબ્રમણ્યમે કહ્યું હતું કે તમે ઘરે બેસીને શું કરો છો? તમે તમારી પત્નીને ક્યાં સુધી જોઈ શકો છો? પત્નીઓ તેમના પતિને કેટલા સમય સુધી જોઈ શકે? આ કારણથી ઓફિસમાં આવીને કામ કરો. સુબ્રમણ્યમના નિવેદનની બોલિવૂડ સુપરસ્ટાર દીપિકા પાદુકોણ, RPG ગ્રુપના અધ્યક્ષ હર્ષ ગોએન્કા અને ભૂતપૂર્વ ભારતીય બેડમિન્ટન સ્ટાર જ્વાલા ગુટ્ટાએ નિંદા કરી હતી. ટીકાનો સામનો કર્યા પછી, L&Tએ જણાવ્યું હતું કે ચેરમેનનું નિવેદન રાષ્ટ્રનિર્માણની વિશાળ મહત્વાકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે, "જે ભારપૂર્વક જણાવે છે કે અસાધારણ પરિણામો માટે અસાધારણ પ્રયત્નોની જરૂર છે."

## યુપીના ઈટાવાથી એક સનસનીખેજ મામલો સામે આવ્યો

# એન્જિનિયર રાઘવેન્દ્રની તેની પત્ની અને પ્રેમિકાએ મળીને હત્યા કરી



। (એજન્સી) લખનૌ,તા.૧૫ ।

યુપીના ઈટાવાથી એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે. જ્યાં ૧૨ જાન્યુઆરીએ એન્જિનિયરની અડધી બળેલી લાશ મળી આવી હતી. તપાસ કરતાં જાણવા મળ્યું કે આ હત્યા અન્ય કોઈએ નહીં પણ પત્નીએ તેની પ્રેમિકા સાથે મળીને કરી હતી. પોલીસે પત્નીની ધરપકડ કરી હતી. જ્યારે તેણે તેની ગર્લફ્રેન્ડની શોધ શરૂ કરી છે. આરોપ છે કે મૃતક તેની ગર્લફ્રેન્ડ સાથે તેની પત્નીની સામે જ સેક્સ માણતો હતો. આ ઘટના જિલ્લાના સિવિલ લાઈન વિસ્તારમાં બની હતી. વરિષ્ઠ પોલીસ અધિક્ષક સંજય કુમારે સોમવારે જણાવ્યું હતું કે ૧૧ જાન્યુઆરીએ એન્જિનિયર રાઘવેન્દ્રની તેની પત્ની અને પ્રેમિકાએ મળીને હત્યા કરી હતી. ત્યારપછી અનેક પ્રકારની વાતો કરવામાં આવી પરંતુ પોલીસ તપાસમાં બધુ જ બહાર આવ્યું. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે નવી દિલ્હીની જિંદાલ શોપ કંપનીમાં સિવિલ એન્જિનિયર તરીકે કામ કરતા ૪૫ વર્ષીય રાઘવેન્દ્ર યાદવની માથા પર કોઈ ભારે વસ્તુ મારીને હત્યા કરવામાં આવી હતી. આ પછી, મૃતદેહને રજાઈમાં લપેટીને આગ લગાવી દેવામાં આવી હતી. ઘરમાંથી ધુમાડો નીકળવા લાગ્યા બાદ પડોશી મહિલાએ ડાયલ ૧૧૨ને જાણ કરી હતી. જેના આધારે ફોરેન્સિક ટીમ ઉપરાંત પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી તપાસ કરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે રાઘવેન્દ્ર યાદવની પત્ની કિરણ યાદવ અને રાઘવેન્દ્રની ગર્લફ્રેન્ડ વર્ષાએ મળીને હત્યા બાદ લાશને આગ લગાવી દીધી હતી. જ્યારે પોલીસ અધિકારીઓ તપાસ કરવા માટે ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે રાઘવેન્દ્રની પત્નીએ પોતાને એક રૂમમાં બંધ કરી દીધી અને વાર્તા કહી કે કોણ જાણે છે કે કોણે તેના પતિની હત્યા કરી અને ફરાર થઈ ગઈ. વરિષ્ઠ પોલીસ અધિક્ષકે આ ઘટનાનો પર્દાફાશ કરવા માટે ચાર પોલીસ ટીમોની રચના કરી હતી. ૧૨ જાન્યુઆરીએ એન્જિનિયર રાઘવેન્દ્રના પુત્ર પ્રિન્સ યાદવે સિવિલ લાઈન પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો હતો કે તેની માતાએ તેના પિતાની હત્યા કરી હતી. સિવિલ લાઈન પોલીસે રાઘવેન્દ્રની પત્ની કિરણ યાદવની હત્યામાં વપરાયેલ લોખંડનો પત્તો મોતીઝીલ ચોકડી નજીકથી કબજે કર્યો છે. તેણે કહ્યું કે રાઘવેન્દ્રનું પાત્ર સારું નથી.

## વિમેન્સ પ્રીમિયર લીગનો વ્યાપ ચાર શહેરો સુધી લંબાવાશે

# આઈપીએલમાં ૨૦૨૫થી આઈસીસી કોડ ઓફ કંડક્ટ ધોરણો અમલી થશે

### હવે આચારસંહિતાના પ્રથમ, દ્વિતિય કે તૃતીય સ્તરના ભંગ બદલ આઈસીસી દ્વારા નિર્ધારિત કરાયેલી પેનલ્ટી લાગુ થશે

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

આગામી આઈપીએલ સિઝનથી આઈસીસી કોડ ઓફ કંડક્ટ ધોરણોનું પાલન કરવામાં આવશે તેવો નિર્ણય આઈપીએલની ગર્વનિંગ કાઉન્સિલની બેઠકમાં લેવાયો હતો. આઈપીએલ ૨૦૨૫નો પ્રારંભ ૨૧ માર્ચથી થશે. આ ઉપરાંત વિમેન્સ પ્રીમિયર લીગનો વ્યાપ હવે ચાર શહેરો સુધી લંબાવવાનો નિર્ણય કરાયો છે. બીસીસીઆઈના વાઈસ પ્રેસિડેન્ટ અને આઈપીએલના ચેરમેન રાજીવ શુક્લાએ પત્રકોરને માહિતી આપતા જણાવ્યું કે, આઈપીએલ લીગનો પ્રારંભ ૨૩ માર્ચથી થશે પરંતુ ગવર્નિંગ કાઉન્સિલના વરિષ્ઠ અધિકારીએ બાદમાં સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આઈપીએલ ૨૦૨૫નો પ્રારંભ ૨૧ અથવા ૨૨ માર્ચથી થશે. આઈપીએલમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ માટે આગામી સિઝનથી આઈસીસી કોડ ઓફ કંડક્ટરેગ્યુલેશનનો અમલ કરાશે.હવે આચારસંહિતાના પ્રથમ, દ્વિતિય કે તૃતીય સ્તરના ભંગ બદલ આઈસીસી દ્વારા નિર્ધારિત કરાયેલી પેનલ્ટી લાગુ થશે. અત્યાર સુધી આઈપીએલના પોતાના કોડ ઓફ કંડક્ટ નિયમો અલમમાં હતા પરંતુ હવે આઈસીસીના ટી૨૦ની પ્લેઈંગ કંડિશનના ધોરણોનો અમલ કરાશે. ગવર્નિંગકાઉન્સિલના વરિષ્ઠ સભ્યે




જણાવ્યું હતું કે, ફેબ્રુઆરથી ડબલ્યુપીએલની ત્રીજી સિઝનો પ્રારંભ થશે અને બેંગલોર, મુંબઈ ઉપરાંત વડોદરા તથા લખનૌમાં પણ ટુર્નામેન્ટ યોજાશે. અત્યાર સુધી આઈપીએલના પોતાના કોડ ઓફ કંડક્ટ નિયમો અલમમાં હતા પરંતુ હવે આઈસીસીના ટી૨૦ની પ્લેઈંગ કંડિશનના ધોરણોનો અમલ કરાશે. ગવર્નિંગકાઉન્સિલના વરિષ્ઠ સભ્યે જણાવ્યું હતું કે, ફેબ્રુઆરથી ડબલ્યુપીએલની ત્રીજી સિઝનો પ્રારંભ થશે અને બેંગલોર, મુંબઈ ઉપરાંત વડોદરા તથા લખનૌમાં પણ ટુર્નામેન્ટ યોજાશે.

## ICMRના રિપોર્ટમાં ચોંકાવનારો ઘટસ્ફોટ

# ભારતમાં દર વર્ષે સર્જરી બાદ ૧૫ લાખ દર્દીને થાય છે સંક્રમણ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારતમાં સર્જરી બાદ દર વર્ષે સરેરાશ ૧૫ લાખ દર્દીઓ સંક્રમણનો ભોગ બને છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (**ICMR**) ના તાજેતરના અહેવાલમાં સર્જરી પછીનું સંક્રમણ એટલે કે સર્જિકલ સાઈટ ઈન્ફેક્શન (**SSI**) અંગેની આ ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. હકીકતમાં **SSI** ત્યારે થાય છે જ્યારે સર્જરી દરમિયાન લગાવવામાં આવેલા ચીરામાં ઘૂસીને બેક્ટેરિયા તેને સંક્રમિત કરી દે છે. **ICMR**ના રિપોર્ટ પ્રમાણે ભારતમાં સર્જરી બાદ દર્દીઓમાં **SSI** સંક્રમણનો દર ૫.૨% છે જે ઘણા વિકસિત દેશો કરતા વધારે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે હાડકા અને સ્નાયુઓ સાથે સંબંધિત સર્જરી અથવા ઓર્થોપેડિક સર્જરીના કિસ્સાઓમાં **SSI** દર ૫૪.૨ % છે, જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. આ સમસ્યાનો સામનો કરવા માટે **ICMR** એ **SSI** સર્વેલન્સ નેટવર્ક લોન્ચ કર્યું છે. તેનો ઉદ્દેશ્ય આવા સંક્રમણોને રોકવા માટે દેશભરના ડોકટરોની મદદ કરવાનો છે. **ICMR** એ ત્રણ મુખ્ય હોસ્પિટલો **AIIMS** દિલ્હી, કસ્તુરબા હોસ્પિટલ, મણિપાલ અને ટાટા મેમોરિયલ હોસ્પિટલ મુંબઈમાં ૩,૦૯૦ દર્દીઓની સર્જરીઓ પર આ અભ્યાસ કર્યો હતો. સ્ટડીમાં સામે આવ્યું કે, ઓર્થોપેડિક સર્જરી કરાવતા દર્દીઓમાં **SSI**નું જોખમ વધારે છે. કુલ દર્દીઓમાંથી ૧૬૧ દર્દીઓ (૫.૨%) સર્જરી બાદ **SSI**ની લપેટમાં આવ્યા હતા. સામાન્ય રીતે ૧૨૦ મિનિટ એટલે કે બે કલાકથી વધુ સમય સુધી ચાલેલી સર્જરી બાદ દર્દીઓને **SSI**નું જોખમ વધી જાય છે. સ્ટડીમાં કહેવામાં આવ્યું છે કે, **SSI**ની ઓળખ માટે ડિસ્ચાર્જ પછી દર્દીઓની દેખરેખ મહત્વપૂર્ણ છે. ૬૬% કિસ્સાઓમાં દર્દીઓ હોસ્પિટલ છોડી ગયા બાદ સંક્રમણ સામે આવ્યું હતું. ડિસ્ચાર્જ પછી દેખરેખથી **SSI**ના ૬૬% કેસ શોધવામાં મદદ મળી. સામાન્ય રીતે ૧૨૦ મિનિટ એટલે કે બે કલાકથી વધુ સમય સુધી ચાલેલી સર્જરી બાદ દર્દીઓને **SSI**નું જોખમ વધી જાય છે. સ્ટડીમાં કહેવામાં આવ્યું છે કે, **SSI**ની ઓળખ માટે ડિસ્ચાર્જ પછી દર્દીઓની દેખરેખ મહત્વપૂર્ણ છે. ૬૬% કિસ્સાઓમાં દર્દીઓ હોસ્પિટલ છોડી ગયા બાદ સંક્રમણ સામે આવ્યું હતું. ડિસ્ચાર્જ પછી દેખરેખથી **SSI**ના ૬૬% કેસ શોધવામાં મદદ મળી.

# જોરદાર ધમાકો અને જમીન ફાટી ગઈ, ૩૬૦૦૦ કિલો વજનની ટ્રક થોડી જ વારમાં થઈ ગરકાવ

। (એજન્સી) અલવર,તા.૧૫ ।

રાજસ્થાનના અલવર જિલ્લામાં આજે સવારે એક મોટી ઘટના બની. સદનસીબે, આ ઘટનામાં કોઈનું મોત થયું નથી, જોકે તેનાથી ફરી એકવાર રસ્તાઓની ખરાબ હાલત છતી થઈ છે. સોમવારે અલવર નેશનલ હાઈવે ૨૪૮ પર, હનુમાન સર્કલથી થોડે આગળ, એક મોટો અકસ્માત થયો. ધૂળથી ભરેલું ડમ્પર રસ્તાની નીચે ખાબકી ગયું, જેના કારણે હાઈવે પર ત્રણ માળ જેટલો ઊંડો ખાડો પડી ગયો. અકસ્માતમાં, ડમ્પરનો પાછળનો ભાગ જમીનમાં ધસી ગયો, જ્યારે આગળનો ભાગ ઉપર રહ્યો. સદનસીબે ડ્રાઈવરનો આબાદ બચાવ થયો. ટ્રકનું કુલ વજન લગભગ ૩૬૦૦૦ કિલો હતું. આ અકસ્માતે હાઈવે બાંધકામની ગુણવત્તા પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. સ્થાનિક લોકોના મતે, તે થોડા સમય પહેલા બનાવવામાં આવ્યું હતું. જેની કિંમત ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ હતી. અકસ્માત બાદ તરત જ નજીકના વિસ્તારોના લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિક વહીવટીતંત્રને જાણ કરવામાં આવી, ત્યારબાદ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા. ખાડાને કારણે હાઈવે પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો અને વાહનોને વૈકલ્પિક માર્ગો પર વાળવા પડ્યા હતા. પોલીસ અને માર્ગ વિભાગની ટીમો સ્થળ પર રાહત કાર્યમાં રોકાયેલી રહી. આ ઘટનાથી રોષે ભરાયેલા સ્થાનિક લોકોએ રસ્તાના બાંધકામમાં ગુણવત્તાના અભાવ બદલ વહીવટીતંત્ર સામે રોષ વ્યક્ત કર્યો હતો. તેમનું કહેવું છે કે કોન્ટ્રાક્ટરોએ બાંધકામમાં ધોરણોનું પાલન કર્યું ન હતું, જેના કારણે આ અકસ્માત થયો. તેમણે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની અપીલ કરી. પ્રશાસને આ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. રસ્તાના બાંધકામમાં સામેલ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો છે. વહીવટીતંત્રે એમ પણ કહ્યું છે કે શક્ય તેટલી વહેલી તકે ખાડાઓ ભરવામાં આવશે અને હાઈવે પર ટ્રાફિક પુનઃસ્થાપિત કરવામાં આવશે. પ્રશાસને આ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. રસ્તાના બાંધકામમાં સામેલ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો છે. વહીવટીતંત્રે એમ પણ કહ્યું છે કે શક્ય તેટલી વહેલી તકે ખાડાઓ ભરવામાં આવશે.

# કુંભના મેળામાં પ્રથમ દિવસે ૨૫૦ લોકો વિખુટા પડ્યા

। (એજન્સી) પ્રયાગરાજ,તા.૧૫ ।

મહાકુંભ ૨૦૨૫ના પ્રથમ દિવસે સવાર-સવારમાં ભારે ભીડના કારણે પોતાના પરિવારથી છૂટા પડેલા ૨૫૦થી વધારે લોકોને મેળા પ્રશાસને ફરીથી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. પ્રયાગરાજમાં મહાકુંભ મેળાના ઉદ્?ઘાટન દિવસે પૌષી પૂનમ સ્નાન ઉત્સવ મનાવવામાં આવ્યો, જે દરમ્યાન લાખો શ્રદ્ધાળુઓએ પવિત્ર સંગમ સ્નાન માટે એકઠા થયા હતા. મહાકુંભનું સમાપન ૨૬ ફેબ્રુઆરીએ થશે.

ભારે ભીડને કાબૂ કરવા માટે ઉત્તર પ્રદેશ સરકારે ભૂલા ભટક શિબિર, પોલીસ સહાયતા કેન્દ્ર અને મેળા માટે ખાસ રીતે નિર્મિત વોચટાવર પર કર્મચારીઓને તૈનાત કર્યા. આ ઉપરાંત પણ કેટલાય ઉપાય કર્યા છે. આ શિબિરોમાં ખોવાયેલી મહિલાઓ અને બાળકો માટે સમર્પિત સેક્શન છે, સાથે જ ડિજિટલ ગેજેટ્સ અને સોશિયલ મીડિયા હેલ્પથી ખોયા-પાયા કેન્દ્ર પણ છે.ઘાટના કિનારે લાગેલા સાઉન્ડસ્પીકર સતત ગુમ થયેલા લોકોના નામની જાહેરાત કરી રહ્યા છે. જેના થકી લોકો ફટાફટ મળી રહ્યા છે, જ્યારે પોલીસ અને નાગરિક સુરક્ષાકર્મી એક્ટિવ થઈને તીર્થયાત્રીઓની મદદ કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશ નાગરિક સુરક્ષા વોર્ડન નિતેશ કુમાર દ્વિવેદીએ તેના વિશે જાણકારી આપી છે.

દ્વિવેદીએ શરૂઆતી અનુમાનથી ક્યાંય વધારે ભીડને સંભાળવી એક પડકાર છે. તેમણે કહ્યું કે, “વિભાગ અને મેળા અધિકારીઓની દેખરેખમાં અસંખ્ય પરિવારોને ફરીથી મિલન કરાવ્યું છે. પહેલા દોઢ કલાકમાં જ અમારી નાગરિક સુરક્ષા ટીમે લગભગ ૨૦૦થી ૨૫૦ લોકોને તેમના પરિવાર સાથે મિલન કરાવવામાં સફળ રહી.”

# ચાર બાળકો પેદા કરો એક લાખ ઈનામ મેળવો

। (એજન્સી) ભોપાલ,તા.૧૫ ।

એક તરફ કેન્દ્ર અને રાજ્ય સરકાર વસ્તી નિયંત્રણ માટે વિવિધ પ્રકારના કાર્યક્રમો ચલાવી રહી છે. વસ્તી આયોજન માટે લોકોને પ્રોત્સાહિત કરવા. વસ્તી નિયંત્રણના પગલાં અપનાવવા માટે પ્રોત્સાહનો આપવામાં આવી રહ્યા હોવા છતાં, મધ્યપ્રદેશ સરકારમાં કેબિનેટ મંત્રીનો દરજ્જો ધરાવતા બોર્ડના અધ્યક્ષે વસ્તી વધારવા માટે ઈનામની જાહેરાત કરી છે.મધ્યપ્રદેશના પરશુરામ કલ્યાણ બોર્ડના અધ્યક્ષ પંડિત વિષ્ણુ રાજોરિયાએ એક અજીબ ફોન કર્યો છે. તેમણે ચાર બાળકોનો નિર્ણય લેનારા યુવા બ્રાહ્મણ યુગલોને ૧ લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. રાજોરિયા રાજ્ય સરકારમાં કેબિનેટ મંત્રીનો દરજ્જો ધરાવે છે.ભોપાલમાં એક કાર્યક્રમને સંબોધતા રાજોરિયાએ કહ્યું કે દેશમાં વિધર્મીઓની સંખ્યા વધી રહી છે કારણ કે અમે મોટાભાગે અમારા પરિવારો વધારવા પર ધ્યાન આપવાનું બંધ કરી દીધું છે. તેણે કહ્યું કે તેને યુવાનો પાસેથી ઘણી અપેક્ષાઓ છે.આપણે વૃદ્ધ લોકો પાસેથી બહુ અપેક્ષા રાખી શકતા નથી. રાજોરિયાએ જણાવ્યું હતું કે ભાવિ પેઢીની સુરક્ષાની જવાબદારી તમારી છે. આજના યુવાનો સ્થાયી થઈ જાય છે અને સંતાન પ્રાપ્તિ પછી કુટુંબ ઉછેરવાનું બંધ કરે છે. આ ખૂબ જ ચિંતાજનક છે.રાજોરિયાએ કહ્યું, “હું આગ્રહ કરું છું કે તમારે ઓછામાં ઓછા ચાર બાળકો હોવા જોઈએ.” ત્યારબાદ તેમણે જાહેરાત કરી કે પરશુરામ બોર્ડ ચાર બાળકો ધરાવતા યુગલોને ૧ લાખ રૂપિયાનું ઈનામ આપશે નહીં, ઈનામ આપવામાં આવશે.રાજોરિયાએ કહ્યું કે યુવાનો તેને વારંવાર કહે છે કે શિક્ષણ હવે ખૂબ મોંઘું થઈ ગયું છે. આ અંગે તેમણે કહ્યું કે તમે ગમે તેટલા જીવિત રહો, સંતાન પ્રાપ્તિમાં પાછળ ન રહો. જો તમે આમ નહીં કરો તો વિધર્મીઓ આ દેશ પર કબજો કરી લેશે.

# અમરેલી લેટરકાંડમાં પોલીસે ત્રણ પોલીસ કર્મીઓ વિરુદ્ધ પગલા લઈને ત્રણેયને સસ્પેન્ડ કર્યા

### પાયલ ગોટી સહિત ચાર વ્યક્તિઓનુ પ્રતિનિધિ મંડળ રાજ્યના પોલીસવાળા વિકાસ સહાયને મળવા પોલીસ ભવન પહોંચી હતી

। અમરેલી,તા.૧૫ ।

અમરેલી લેટરકાંડમાં પોલીસે ત્રણ પોલીસ કર્મીઓ વિરુદ્ધ પગલા લઈને ત્રણેયને સસ્પેન્ડ કર્યા છે. જેના બાદ સમગ્ર કેસની તપાસ જીસ્ઝના વડા નિર્લિપ્ત રાયને સોંપવામાં આવી છે. ત્યારે અમરેલી વિવાદને લઈ પાયલ ગોટીએ રાજ્ય પોલીસ વડાને રજૂઆત કરી છે. પાયલ ગોટી પોતાના એડવોકેટ સાથે પોલીસ ભવન પહોંચી હતી. જ્યાં કોંગ્રેસના નેતા જેની ઠુમર પણ સાથે હતા. પાયલ ગોટી સહિત ચાર વ્યક્તિઓનુ પ્રતિનિધિ મંડળ રાજ્યના પોલીસવાળા વિકાસ સહાયને મળવા પોલીસ ભવન પહોંચી હતી. ઉચ્ચ મહિલા આઈપીએસ અધિકારી તપાસ કરે તેવી માંગણી કરી. પાયલ ગોટીના વકીલ આનંદ યાત્રિકે કહ્યું કે, પાયલબેનની રજુઆત હતી કે ૧૨ વાગ્યે રાત્રે મારી ધરપકડ કરવામાં આવી હતી. સૂર્યોદય બાદ કોઈ મોટા ગુના ન હોય, જરૂર ન હોય તો મહિલાઓની ધરપકડ કરવામાં આવતી નથી. પોલીસ પકડીને દીકરીને લઈ ગઈ હતી. એટલું જ નહિ, આરોપનામું પુરવાર થાય તે પહેલા દીકરી પાયલ ગોટીને આરોપી દર્શાવવામાં આવી. પ્રેસ કોન્ફરન્સ કરીને આરોપીઓ રીઢા ગુનેગાર હોય તેવું બતાવ્યુ. તેઓ ડ્રગ પેડલર કે આતંકવાદી નથી. એકપણ ગુનો આ લોકોના નામે નોંધાયો છે. આ બીજો ગુનો પોલીસનો છે. ગુનો પુરવાર થાય તે પહેલા તેમને આ રીતે રજૂ કરવા યોગ્ય નથી. કોર્ટમાં રજૂ કરાયા તે પહેલા દીકરી પાયલ ગોટીનું



સરઘસ કાઢવામાં આવ્યું. સરઘસમાં પોલીસની સાથે ધારાસભ્યના માણસો હતા. અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાના કહેવાથી આરોપીઓનો વરઘોડો કાઢવામાં આવ્યો. પાયલબેન ગોટીને પટ્ટાથી મારવામાં આવ્યા. જ્યારે પોલીસ કસ્ટડીમાં આ લોકોને માર મારવામાં આવ્યો, ત્યારે ભાજપના ધારાસભ્યોના માણસો ત્યાં હાજર હતા. આ એસપી સાહેબ ભાજપના ધારાસભ્ય કે પછી સરકાર માટે કામ કરે છે. આ એક બીજો મોટો ગુનો છે. ૨૭ મી રાતે પકડીને પોલીસે કોર્ટમાં જણાવ્યું કે, આ લોકોને ૨૮ મીએ સાંજે ચાર વાગ્યે પકડ્યા છે. આ બાદ ધારાસભ્યોના માણસોએ પાયલ ગોટીના પિતા પાસે જઈને વીડિયો બનાવ્યા હતા. જ્યારે પોલીસ કસ્ટડીમાં આ લોકોને માર મારવામાં આવ્યો, ત્યારે ભાજપના ધારાસભ્યોના માણસો ત્યાં હાજર હતા. આ એસપી સાહેબ ભાજપના ધારાસભ્ય કે પછી સરકાર માટે કામ કરે છે. આ એક બીજો મોટો ગુનો છે. ૨૭ મી રાતે પકડીને પોલીસે કોર્ટમાં જણાવ્યું કે, આ લોકોને ૨૮ મીએ સાંજે ચાર વાગ્યે પકડ્યા છે. આ બાદ ધારાસભ્યોના માણસોએ પાયલ ગોટીના પિતા પાસે જઈને વીડિયો બનાવ્યા હતા.

આમ, પાયલ ગોટીના વકીલે અમરેલી પોલીસના ૫ મોટા ગુના ગણાવ્યા. તેના બાદ ગૃહમંત્રી હર્ષ સંઘવી પર આક્ષેપ મૂકતા વકીલે કહ્યું કે, તે દિવસે ગુજરાતના ગૃહરાજ્ય મૅંત્રી અમરેલીમાં હાજર હતા. આરોપીઓને મારતા પહેલા એસપીએ ગૃહરાજ્ય મંત્રી સાથે મુલાકાત કરી હતી. ગૃહરાજ્યમંત્રી અનેકવાર કહી ચૂક્યા છે કે, દંડો ચલાવતા આવડે તેને કહેવાય પોલીસ. આરોપીને જે ભાષા આવડતી હોય તે ભાષામાં પોલીસે શીખવાડવું જોઈએ. પગ પર ખાસ સેવા અને સુશ્રુષા કરવી જોઈએ અને મારવા જોઈએ.

એ વીડિયો ક્લીપિંગ અમે મેકલી અને કહ્યું કે, ૨૯ તારીખે હર્ષ સંઘવી સાથેની મુલાકાત બાદ સરઘસ કાઢવામાં આવ્યું, અને તેમને મારવામાં આવ્યા.

વકીલે કહ્યું કે, ગૃહરાજ્ય મંત્રીના કહેવાથી દીકરી પાયલ ગોટીને માર મારવામાં આવી કે શું તેની તપાસની અમે માંગણી કરી છે. ઘટના બન્યા પહેલા ગૃહમંત્રી અમરેલીમાં હાજર હતા. માત્ર ચીઠ્ઠીના ચાકર કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કેમ એસપી સામે પગલાંઓ ન લેવાયા. અમે માગણી કરી છે કે મહિલા અધિકારીની અધ્યક્ષતામાં તપાસ કરવામાં આવે. એટલુ જ નહિ, ધારાસભ્ય કૌશિક વેંકરિયાના વકીલે પાયલના ઘરે જઈને વીડિયો બનાવ્યો કે, ધારાસભ્ય સારા છે અને સારુ કામ કરે છે. અમરેલી લેટરકાંડને લઈને તપાસ સ્ટેટ મોનીટરિંગ સેલને સોંપવામાં આવી છે. નિર્લિપ્ત રાયની દેખરેખ હેઠળ હવે સમગ્ર મામલાની તપાસ થશે. ત્યારે પાટીદાર આગેવાન અલ્પેશ કથીરિયાએ આ નિર્ણયને આવકાર્યો છે. તેમણે કહ્યું કે, જે અધિકારીને તપાસ સોંપાય છે તે અગાઉ અમરેલીના એસપી રહી ચૂક્યા છે. અમરેલીની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવામાં તેમનું ખૂબ જ મોટું યોગદાન છે. લોકોને પણ તેમના પર ખૂબ જ ભરોસો છે. ગરીબ ઘરની દીકરીને ન્યાય મળવો જોઈએ અને આવું અન્ય કોઈ પણ દીકરી સાથે ન થવું જોઈએ. જેમનો પણ આ ઘટના પાછળ હાથ હોય તે તમામ લોકોના નામ તપાસમાં સામે આવવા જોઈએ. કેમ એસપી સામે પગલાંઓ ન લેવાયા. અમે માગણી કરી છે કે મહિલા અધિકારીની અધ્યક્ષતામાં તપાસ કરવામાં આવે. એટલુ જ નહિ, ધારાસભ્ય કૌશિક વેંકરિયાના વકીલે પાયલના ઘરે જઈને વીડિયો બનાવ્યો કે, ધારાસભ્ય સારા છે અને સારુ કામ કરે છે. અમરેલી લેટરકાંડને લઈને તપાસ સ્ટેટ મોનીટરિંગ સેલને સોંપવામાં આવી છે. નિર્લિપ્ત રાયની દેખરેખ હેઠળ હવે સમગ્ર મામલાની તપાસ થશે. ત્યારે પાટીદાર આગેવાન અલ્પેશ કથીરિયાએ આ નિર્ણયને આવકાર્યો છે. તેમણે કહ્યું કે, જે અધિકારીને તપાસ સોંપાય છે તે અગાઉ અમરેલીના એસપી રહી ચૂક્યા છે. અમરેલીની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવામાં તેમનું ખૂબ જ મોટું યોગદાન છે. લોકોને પણ તેમના પર ખૂબ જ ભરોસો છે. ગરીબ ઘરની દીકરીને ન્યાય મળવો જોઈએ અને આવું અન્ય કોઈ પણ દીકરી સાથે ન થવું જોઈએ. જેમનો પણ આ ઘટના પાછળ હાથ હોય તે તમામ લોકોના નામ તપાસમાં સામે આવવા જોઈએ.

# વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં સ્નેક રેસ્ક્યુ એપ લોન્ચ કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ,તા.૧૫ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પ ટેલની 'કરુણા અભિયાન – ૨૦૨૫' અંતર્ગત અમદાવાદના બોડકદેવમાં આવેલા વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરની મુલાકાત દરમિયાન તેમણે 'સ્નેક રેસ્ક્યુ એપ' લૉન્ચ કરી હતી. આ એપ ની ખાસિયત એ છે કે, ક્યાંય પણ સાપ દેખાય તો તમે આ એપના માધ્યમથી વનવિભાગને જાણ કરી શકો છો. હાલ પ ાઈલોટ પ્રોજેક્ટના ભાગરૂપે આ 'સ્નેક રેસ્ક્યુ એપ' અમદાવાદ જિલ્લા પૂરતી કાર્યરત કરવામાં આવી છે. તબક્કાવાર આ એપ રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ કાર્યરત કરવામાં આવશે.

રાજ્યના વનવિભાગ દ્વારા રાજ્યના કોઈ પણ જિલ્લા કે તાલુકામાં સાપ દેખાય તો સાપને રેસ્ક્યૂ કરવામાં આવતા હોય છે અને અત્યાર સુધી વન વિભાગની સાપ રેસ્ક્યૂ ટીમે ખૂબ સારી રીતે કામગીરી છે. હવે કામગીરી એકદમ સરળ બને એ માટે આજે બોડકદેવમાં આવેલા વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર ખાતે મુખ્યમંત્રી ભૂપ ેન્દ્ર પટેલના હસ્તે 'સ્નેક રેસ્ક્યુ એપ' લૉન્ચ કરવામાં આવી છે.

આ એપના માધ્યમથી કોઈપણ નાગરિક સાપને લઈને જાણ કરશે અથવા વન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલો વોટ્સઅપ નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ અને ૧૯૨૬ હેલ્પલાઈન નંબર પર 'ૐ' મેસેજ કરવાથી એક લિંક મળશે. ત્યારબાદ જે - તે સ્થળે સ્નેક રેસ્ક્યૂ ટીમ પહોંચીને સાપને રેસ્ક્યૂ કરશે અને સાપને અનુકુળ કુદરતી વાતાવરણમાં છોડવામાં આવશે.

સ્ટેપ ૧ – કોઈ પણ નાગરિક સ્નેક રેસ્ક્યુ માટે બે રીતનો ઉપયોગ કરી શકશે. પ્રથમ રીત - વોટ્સએપ નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ પર 'ૐ' મેસેજ અથવા બીજી રીત - ૮૩૨૦૦૦૨૦૦૦ પર એસએમએસ અથવા મિસ્ડ કોલ કરી શકશે. ત્યારબાદ જવાબમાં મળેલા મેનૂમાં નાગરિકને સાપ બચાવ માટે વિકલ્પ પસંદ કરવાનો રહેશે. આમ, નાગરિકને એક લિંક મળશે, આ લિંક પર ક્લિક કરવાથી એક પેજ ઓપન થશે, જ્યાં સાપ બચાવ માટેની પ્રોસેસ શરૂ થશે.

સ્ટેપ ૨ - ત્યારબાદ સ્નેક રેસ્ક્યુ માટે અરજી કરનાર નાગરિકને મેસેજ મળશે. (તમારો મોબાઈલ નંબર)

સ્ટેપ ૩ – લાઈવ લોકેશન કે, જે સ્થળે સાપ દેખાયો તેની માહિતી શેર કર્યા બાદ રેસ્ક્યુઅર્સને સૂચના મળશે. આમ, ૫ કિલોમીટરના વિસ્તારના તમામ રજિસ્ટ્ર થયેલા સ્નેક રેસ્ક્યુઅર્સને તેમના મોબાઈલ પર પોપ-અપ મેસેજ મળશે. જે રેસ્ક્યુઅર પ્રથમ વિનંતી સ્વીકારશે, તેને કાર્ય સોંપવામાં આવશે. આ સાથે એકવાર કાર્ય સોંપાતા, અન્ય કોઈ તે સ્વીકારી શકશે નહીં.

જો પાંચ કિમીના વિસ્તારમાં કોઈ રેસ્ક્યુઅર ન હોય અથવા કોઈ વિનંતી સ્વીકારતું ન હોય, તો મેસેજ ૧૦ કિમીના ક્ષેત્રના તમામ રેસ્ક્યુઅર્સને મોકલવામાં આવશે. જો આ વિસ્તારના રેસ્ક્યુઅર પણ ઉપલબ્ધ ન હોય અથવા કોઈપણ સ્વીકારતું ન હોય, તો નાગરિકને સંબંધિત આરએફઓનો સંપર્ક કરવા માટે માર્ગદર્શન આપવામાં આવશે, જે પછીની કાર્યવાહી કરશે. જો પાંચ કિમીના વિસ્તારમાં કોઈ રેસ્ક્યુઅર ન હોય અથવા કોઈ વિનંતી સ્વીકારતું ન હોય, તો મેસેજ ૧૦ કિમીના ક્ષેત્રના તમામ રેસ્ક્યુઅર્સને મોકલવામાં આવશે. જો આ વિસ્તારના રેસ્ક્યુઅર પણ ઉપલબ્ધ ન હોય અથવા કોઈપણ સ્વીકારતું ન હોય, તો નાગરિકને સંબંધિત આરએફઓનો સંપર્ક કરવા માટે માર્ગદર્શન આપવામાં આવશે, જે પછીની કાર્યવાહી કરશે.

સ્ટેપ ૪ - સાપ બચાવ કામગીરી શરૂ કરાશે. નિયુક્ત સાપ રેસ્ક્યુઅર સ્થળે પહોંચશે અને સાપને પકડશે. 'સ્નેક રેસ્ક્યુ એપ'માં સાપની મૂળભૂત વિગતો (પ્રજાતિ, સ્થિતિ વગેરે) દાખલ કરવામાં આવશે.

સ્ટેપ ૫ – હવે પકડાયેલા સાપને નિયમિત સ્ટાફ સભ્યને સોંપવો પડશે. આ હસ્તાંતરણ ઓટીપી આધારિત વ્યવહાર દ્વારા થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સુવિધા હાલમાં અમદાવાદ જિલ્લામાં કાર્યરત છે. પાઈલોટ તબક્કાની સફળતા બાદ આ સમગ્ર રાજ્યમાં કાર્યરત કરવામાં આવશે. સૌથી અગત્યની વાત એ પણ છે કે, આમાં નાગરિકોને કોઈ એપ્લિકેશન ડાઉનલોડ કરવાની જરૂર નથી.

બધા રેસ્ક્યુઅર્સે વન વિભાગ સાથે નોંધણી કરાવવી પ ડશે તેમજ તેઓએ 'સ્નેક રેસ્ક્યુ એપ' ઈન્સ્ટોલ કરવી પડશે.

## મોરબીમાં દિવાલ ધરાશાયી થતા ૩ને ગંભીર ઈજા, ૬ વાહનો દટાયા

। (એજન્સી) મોરબી,તા.૧૫ ।

મોરબીના અનેક વિસ્તારોમાં જર્જરીત મકાન ધરાશાયી થયાની ઘટના સામે આવતી હોય છે, ત્યારે જુના મોરબી રોડ પર લાતી પ્લોટ ખાતે વર્ષો જૂની દિવાલ ધસી પ ડી હતી. આ દુર્ઘટનામાં ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે ૬ જેટલા વાહનોને ભારે નુકસાની પહોંચી હતી. ઘટનાને પગલે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાની સાથે પોલીસ અને મામલતદાર સ્થળ પર દોડી આવ્યા હતા. મળતી માહિતી મુજબ, મોરબીમાં અનેક મકાનો જર્જરીત હાલતમાં હોવા છતા તંત્ર દ્વારા કોઈ યોગ્ય પગલા ભરવામાં આવતા નથી. અગાઉ શહેરના લાખાજીરાજ રોડ પર આવેલી વર્ષો જૂની ઈમારતનો ભાગ ધરાશાયી થયો હતો. જ્યારે આજે સોમવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ મોરબીના લાતી પ્લોટ શેરી નં-૬માં આવેલા ઈસ્માઈલજી ટીમ્બર નામના લાકડાના ગોડાઉનની દિવાલ ધસી પડી હતી.

## ભુજમાં યુવકનો દુકાનમાં જાતે જ ગળે ઈલેક્ટ્રિક કટર ફેરવી આપઘાત

। (એજન્સી) ભુજ,તા.૧૫ ।

ભુજના મહાવીર નગર વિસ્તારમાં એક યુવકે પોતાની દુકાનમાં ઈલેક્ટ્રિક કટર પોતાના ગળા પર ફેરવી આપઘાત કરી લીધો હતો. સવારે દુકાન ખોલ્યા બાદ યુવકે કર્મચારીને ચા લેવા મોકલી દીધો. પછી ગળા પર કટર ફેરવી દીધું હતું. ગૃહક્લેશના કારણે યુવકે આ પગલું ભર્યું હોવાનું માનવામાં આવે છે. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભુજના વાલદાસ નગરના રહેવાસી ચેતન જોટાણિયા (ઉ.૩૮) ચામુંડા વુડન નામની ફર્નિચરની દુકાન ધરાવતા હતા. આજે સવારે તે તેમના કર્મચારી સાથે દુકાને આવ્યા પછી કર્મચારીને નજીકમાં ચા લાવવા મોકલ્યો હતો. કર્મચારી પરત ફર્યો ત્યારે દુકાનનું શટર અર્ધ બંધ હાલતમાં હતું અને અંદરથી લોહી નીકળતું જોવા મળ્યું હતું. તેણે બૂમાબૂમ કરીને શટર ઊંચું કર્યું તો ચેતનભાઈ મૃત અવસ્થામાં મળી આવ્યા હતા અને તેમની નજીક ઈલેક્ટ્રિક કટર પડેલું હતું. કર્મચારીએ ચેતનભાઈને આવી હાલતમાં જોઈને તુરંત આજુબાજુના દુકાન ધારકોને જાણ કરી હતી. લોકોએ દોડી આવી તુરંત પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડીને આ ઘટના અંગે આગળની તપાસ હાથ ધરી છે.

### સોનાના ભાવ વધતાં સોનાની દાણચોરી પણ ફરીથી વધી

## એરપોર્ટ પર ડ્રગ્સની હેરાફેરી ડામવા કસ્ટમ્સે ડોગ હેન્ડલર સાથે હાયર કર્યો

। (એજન્સી) અમદાવાદ ,તા.૧૫ ।

દાણચોરી માટે દેશભરમાં કુખ્યાત અમદાવાદ એરપોર્ટ હવે ડ્રગ્સ અને જુદા જુદા નશીલા પદાર્થો માટેનું પ્રવેશદ્વાર બની ગયું છે. છેલ્લા એક મહિનામાં ડ્રગ્સ સાથે ઘણા પેડલર ઝડપાયા છે. હવે સોનાના ભાવ વધતાં સોનાની દાણચોરી પણ ફરીથી વધી છે. આ દૂષણ ડામવા કસ્ટમ્સની ટીમે પોલીસ પાસેથી એક સ્નિફર ડોગ હાયર કર્યો છે. ટ્રેઈન્ડ સ્નિફર ડોગ અને તેનો હેન્ડલર (ડોગ પાસેથી કામ લેનાર વ્યક્તિ) હવે ઈન્ટરનેશનલ ફ્લાઈટના આવાગમન વખતે ટર્મિનલ બિલ્ડિંગમાં હાજર રહેશે. શંકાસ્પદ લગેજ તથા માણસો પણ વોચ રાખતી કસ્ટમ્સની ટીમ સાથે હવે ડોગનો પણ ઉપ યોગ કરવામાં આવશે. અમદાવાદ પોલીસના ડોગ સ્ક્વોડમાં સંખ્યાબંધ તાલિમબદ્ધ સ્નિફર ડોગ કાર્યરત છે. તેનો ઉપયોગ પોલીસ જુદી જુદી જગ્યાએ કરતી હોય છે. હવે અમદાવાદ એરપોર્ટ પરથી લગભગ આંતરે દિવસે ડ્રગ્સ સાથે ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ મુસાફરો ઝડપાઈ રહ્યા છે. કસ્ટસ્સ અને જુદી જુદી એજન્સીઓ બાતમીને આધારે પેડલરોને પકડી રહી છે પરંતુ જો સ્નિફર ડોગ હોય તો ઘણી સરળતા રહે તેવી કર્મચારીઓ દ્વારા સિનિયર ઓફિસર સમક્ષ કરજૂઆત કરવામાં આવી હતી. તેને પગલે કસ્ટમ્સની ટીમે પોલીસ સમક્ષ સ્નિફર ડોગની સહાયતા માટે પત્ર લખવામાં આવ્યો હતો. આ રજૂઆતને ધ્યાને લઈને પોલીસ દ્વારા હેન્ડલર સાથે સ્નિફર ડોગ અમદાવાદ એરપોર્ટ પરની કસ્ટમ્સની ટીમને સોંપવામાં આવ્યો છે. હવે આ ડોગ ડ્રગ્સ સાથે આવતા મુસાફરો પર વોચ રાખશે. કસ્ટમ્સને ફાળવવામાં આવેલો સ્નિફર ડોગ જુદા જુદા ડ્રગ્સ અને નશીલા પદાર્શોને શોધી કાઢવાનું અનેરુ કૌશલ્ય ધરાવે છે. હાલ એરપોર્ટની સિક્યુરિટી સંભાળતી સીઆઈએસએફના બોમ્બ સ્ક્વોડ પાસે ડોગ છે પરંતુ તે વિસ્ફોટક પદાર્થોની ગંધ પારખવામાં પાવરધુ છે. તેને પગલે કસ્ટસ્મની ટીમ દ્વારા સ્નિફર ડોગ હાયર કરવામાં આવ્યું છે. બીજી તરફ કસ્ટમ્સની ટીમે વારંવાર વિદેશ જતા અને જેની ચહલપહલ શંકાસ્પદ હોય તેમની એક પ્રોફાઈલ પણ તૈયાર કરી છે. જેમાં આવા પેડલર અને દાણચોરી કરતા લોકોની સંપૂર્ણ વિગતો સાથેના ડોઝિયર તૈયાર કરી દેવામાં આવ્યા છે. હાલ એરપોર્ટની સિક્યુરિટી સંભાળતી સીઆઈએસએફના બોમ્બ સ્ક્વોડ પાસે ડોગ છે પરંતુ તે વિસ્ફોટક પદાર્થોની ગંધ પારખવામાં પાવરધુ છે. તેને પગલે કસ્ટસ્મની ટીમ દ્વારા સ્નિફર ડોગ હાયર કરવામાં આવ્યું છે. બીજી તરફ કસ્ટમ્સની ટીમે વારંવાર વિદેશ જતા અને જેની ચહલપહલ શંકાસ્પદ હોય તેમની એક પ્રોફાઈલ પણ તૈયાર કરી છે. જેમાં આવા પેડલર અને દાણચોરી કરતા લોકોની સંપૂર્ણ વિગતો સાથેના ડોઝિયર તૈયાર કરી દેવામાં આવ્યા છે.

## લીમડી નગરમાં ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ પ્રારંભ માટે મહાકળશ યાત્રા સહિત વિવિધ યાત્રાઓ નીકળી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં આવતીકાલથી શક્તિ સવ્રધન ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ પ્રારંભ થવા જઈ રહ્યું છે, જેને લઈને આજરોજ લીમડી નગરમાં મહાકળશ યાત્રા,પ ોથી યાત્રા,વ્યસન મુક્તિ અભિયાન યાત્રા, પ ર્યાવરણ જાગૃતિ યાત્રા,વાતાવરણ સુધી માટે ગાયત્રી યજ્ઞ યાત્રા યોજાઈ, યુવા બહેનો જોડો અંતર્ગત સમગ્ર યાત્રામાં ૪૦૦ થી વધુ યુવા બહેનો અને કુલ ૧૫૦૦ થી વધુ લોકો જોડાયા, યુવાઓને સાચી પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે તે માટે યાત્રાનું આયોજન કરાયું, ગાયત્રી ઉપાસના જન જન સુધી પહોંચાડવા માટે આવતી કાલથી મહાયજ્ઞ પ્રારંભ કરાશે, જીવન ઉપયોગી સાહિત્ય પણ વિતરણ કરાશે, હરિદ્વાર શાંતિ કુંડ થી પણ યજમાનો પધાર્યા...

## કરુણા અભિયાન અંતર્ગત ઝાલોદ વન વિભાગ દ્વારા કબૂતરનું રેસ્ક્યુ કરાયું

(પ્રતિનિધી) ઝાલોદ, તા. ૧૫ ।

દાહોદ જિલ્લામાં સરકાર દ્વારા પક્ષીઓને બચાવ માટે કરુણા અભિયાન ચલાવવામાં આવ્યું છે.જેમાં જિલ્લા આખાનું વહીવટી તંત્ર કામે લાગ્યું હતું.ઉતરાયણના દિવસે ઝાલોદ વન વિભાગ રેન્જમાં આર.એફ.ઓ ભાવેશ સિંધવને જવાબદારી સોંપવામાં વી હતી. જેમાં હેલ્પલાઈન નંબર ઉપર કોલ મળતા કરુણા અભિયાન હેઠળ કામગીરી કરવામાં આવી હતી.તેમાં એક કબૂતર પતંગના દોરાથી ઘાયલ થયું હતું.જેનું વન વિભાગની ટીમએ પશુ ડોક્ટરની ટીમનો સંપર્ક કરીને સારવાર કરી હતી. ઘાયલ કબૂતરને ઝાલોદ વન વિભાગના આરએફઓ ભાવેશ સિંધવના નેજા હેઠળ નાકાગાર્ડ રેણુકાબેન માલિવાડ દ્વારા બુધવારના રોજ ખાસ વન વિભાગ કચેરી ખાતે ફરજ દરમિયાન કરુણા અભિયાન અંતર્ગત કામગીરી હાથ ધરીને બચાવવામાં આવ્યું હતું. છે.ટિમ દ્વારા પક્ષીને બચાવવા માટે વન વિભાગ ખડેપગે જોવા મળી હતી...



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



## સહકાર ભારતી આણંદ વિભાગ મહીસાગર ટીમ દ્વારા સહકાર ભારતી સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

। (પ્રતિનિધી)

સંતરામપુર - સંતોષ જોષી દ્વારા, તા.૧૫ ।

સહકાર ભારતી આણંદ વિભાગ મહીસાગરટીમદ્વારાસહકારભારતીસ્થાપ ના દિવસ નિમિતે તા. ૧૧/૦૧/૨૦૨૫ શનિવારના રોજ લુણાવાડા હોટલ તેજા ખાતે કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જે પ્રસંગે માનનીય શ્રી નીતિનભાઈ સોની સહ સંગઠન પ્રમુખ સહકાર ભારતી ગુજરાત પ્રદેશ અને જવાહરભાઈ ત્રિવેદી સંયોજક આણંદ વિભાગ ગુજરાત પ્રદેશ આ બન્ને મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા તેમજ મહીસાગર જિલ્લાના અધ્યક્ષ શ્રી બાલુંકાકા તેમજ ભુલાભાઈ સોમાભાઈ પટેલ સર્વપ્રકોષ પ્રમુખ મંચ પર સાથે ઉપ સ્થિત રહેલ હતા.તેઓનો શાબ્દિક સ્વાગત તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત જિલ્લા અધ્યક્ષ સહકાર ભારતી શ્રી બાલુકાકા તેમજ મહામંત્રી સંતોષભાઈ જોષીએ કર્યું હતું. જેમાં સંગઠનની રચનાત્મક પ્રવૃત્તિ અને તેના વિવિધ પાસાં વિશે શ્રી જવાહરભાઈ ત્રિવેદીએ સમજ આપી હતી. શ્રી નીતિનભાઈ સોની દ્વારા સહકાર ભારતી સ્થાપના દિવસની ચર્ચા કરી તેમજ પાયાના લઘુઉદ્યોગો અને વ્યક્તિ અને સંસ્થા આત્મનિર્ભર કેવી રીતે બની શકે જે



માટે સહકાર ભારતી દ્વારા કયા અને કેવા પ્રયત્ન કરવા જોઈએ તે માટે વિસ્તૃત ચર્ચા કરી આ પ્રસંગને અનુરૂપ બાલુકાકા તેમજ ભુલાભાઈ એ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. અને પ્રદેશની મંજૂરી લઈ જિલ્લા ખાતે સહકારભારતી ની નવી ટીમની શ્રી જવાહરભાઈ ત્રિવેદીએ જાહેરાત કરી હતી અને નવા તેમજ ચાલુ કાર્યકરોનું સન્માન કર્યું હતું.

૧. નરેન્દ્રભાઈ કે. પટેલ જિલ્લા ઉપાધ્યક્ષ

૨. ગોવિંદભાઈ પટેલ જિલ્લા ઉપાધ્યક્ષ

૩. રાઘુંસિંહ જિલ્લા ઉપાધ્યક્ષ

૪. પંડ્યા ભરતકુમાર અંબાલાલ જિલ્લા સહમંત્રી

૫. સુકલ બિન્દ્રબેન મહિલા સહપ્રમુખ

૬. ભૂપેન્દ્રકુમાર મહેતા અર્બન પ્રકોષ

૭. કાંતિભાઈ વી. પટેલ આઈ.ટી સેલ

૭. જયંતિભાઈ એચ. પટેલ આઈ.ટી સેલ

૭. જયંતિભાઈ એચ. પટેલ ક્રેડિટ સોસાયટી પ્રકલ્પ

૯. વૈશાલીબેન જોષી મહિલા સહપ્રમુખ

૧૦. જશુભાઈ એન. પટેલ સંગઠન પ્રમુખ

૧૧. દીપકકુમાર કે. જોષી ખાનપુર તાલુકા અધ્યક્ષ

૧૨. ભુલાભાઈ એસ. પટેલ સર્વ પ્રકોશ પ્રમુખ મહીસાગર જિલ્લા

૧૩. જાલમસિંહ બાપુ મંત્રી ખાનપુર તાલુકા

૧૪. નીતાબેન એ. ચૌહાણ મહિલા અધ્યક્ષ કડાણા તાલુકા

૧૫. હસમુખભાઈ કે. પટેલ જિલ્લા સહસંગઠન મંત્રી મહીસાગર

૧૬. પંકજભાઈ એ. પટેલ સહ મંત્રી મહીસાગર

૧૭. યતિન આર. મહેતા જિલ્લા સહસંગઠન પ્રમુખ

આ કાર્યક્રમનું સંચાલન સહકાર ભારતી મહીસાગર જિલ્લાના મંત્રી શ્રી સંતોષભાઈ એ કર્યું હતું.

## ઝાલોદ તાલુકામાં ઉત્તરાયણના દિવસે બે અલગ અલગ અકસ્માત સર્જાયા : છના મૃત્યુ

(પ્રતિનિધી) ઝાલોદ, તા. ૧૫ ।

ઝાલોદ નગરમાં ઉત્તરાયણનો આખો દિવસ નગરના લોકોએ પતંગ ચગાવી ,જલેબી ફાફડા તેમજ ઉંધીયુ જલેબી ખાઈ અને આગાસી પર સ્પીકર પર ડાન્સ મસ્તી કરી સુંદર રીતે પ સાર કર્યો હતો. પરંતુ સાંજે અંદાજીત ૬:૩૦ વાગ્યા પછી નગરમાં બે ગંભીર અકસ્માત સર્જાયા અને અકસ્માતમાં સાત વ્યક્તિઓ માંથી છ ના મરણ થતાં નગરનું વાતાવરણ ગમગીન બની ગયેલ હતા .નગર માંથી સરકારી હોસ્પિટલ ખાતે લોકટોળા અકસ્માત થયેલ લોકોની ખબર પૂછવા પહોંચી ગયા હતા. પહેલું અકસ્માત સુખસર રોડ પર જતા વેલપુરા પાસે બે બાઈક ધડાકાભેર ભટકાઈ હતી અને આ અકસ્માતમાં બે બાઈક પર સવાર ચાર વ્યક્તિઓ ગંભીર રીતે ઘવાયા હતા આ ચારેય વ્યક્તિને ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિ ટલ ખાતે તાત્કાલિક લાવવામાં આવેલ હતા. આ ચારેય ઘાયલ વ્યક્તિને ઉપસ્થિત ડોક્ટર દ્વારા તપાસ કરવામાં આવતા તેઓને મૃત જાહેર કરવામાં આવેલ હતા.આ ચારેય પરિવારના



લોકો ને મૃત થવાના સમાચાર મળતાં તેમના પરિવારજનોના માથે આભ તૂટી પડયું હતું. પરિવારજનોના રૂદન થી હોસ્પિટલનું વાતાવરણ ગમગીન બની ગયેલ હતું. બાઈક પર સવાર ચાર અલગ અલગ પરિવારના બારીયા જીગ્નેશ દલસિંગ , કલ્પેશ પારુ મહીડા, ગુલાબ બાબુ બામણીયા, ડામોર તુષાર દિલીપ ના મરણ થતાં પરિવાર જનોના માથે આભ તૂટી પડયું હતું. બીજો બનાવ બાંસવાડા રોડ પર આવેલ જૂની આર.ટી.ઓ કચેરી પાસે વ્હાઈટ કલરની ઈકો ફોર વ્હીલર ય્ત્ન-૨૦છઊ-૭૧૫૫ અને બર્ગમેન મોટેર સાયકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો આ અકસ્માતમાં કેતન જેસીંગ બારીયા ( દાહોદ) , અતુલ દિલીપ ગરાસિયા ( ઝાલોદ),સતીષ અતુલ ગરાસિયા ( ઝાલોદ) ગંભીર રીતે ઘવાયા હતા. આ અકસ્માતમાં એક વ્યક્તિનું ( સતીષ)નું ઘટના સ્થળે જ મોત થઈ ગયેલ હતું. બીજા બે વ્યક્તિને તાત્કાલીક ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવેલ હતા. બને વ્યક્તિઓને વધુ સારવાર અર્થે સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતેથી બહાર લઈ જવામાં આવેલ હતા તેમાંથી એક વ્યક્તિને ( કેતન) દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે પહોંચે તે પહેલાં જ મૃત્યુ થઈ ગયેલ હતું એક વ્યક્તિની સ્થિતિ સારી જાણવા મળી રહેલ છે. નગરમાં આવી દુખદ કરુણાંતિકા સર્જાતા નગરનું વાતાવરણ શોકમય બની ગયેલ હતું. મૃત્યુ થયેલ લોકોના સ્વજનનોના આક્રંદ થી હોસ્પિટલનુ વાતાવરણ ગમગીન બની ગયેલ હતું. આ સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં પાંચ પરિવારના સદસ્યોના આધાર એવા યુવાનોનું મોત થતાં ઉત્તરાયણનું પર્વ આ સહુના પ રિવાર જનો માટે ન ભુલાય તેવો જખ્મ આપીને ગયો હતો.

## નડિયાદ ડાકોર રોડ પર કાર પાછળ ઘૂસી જતા બાઈક ચાલકનું મોત

। (એજન્સી) નડિયાદ,તા.૧૫ ।

નડિયાદ ડાકોર રોડ ઉપર આજે બપોરે ચેતક પાર્ટી પ્લોટ સામે કાર પાછળ મોટરસાયકલ અથડાઈ હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા બાઈક ચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેઠેલા યુવકને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. નડિયાદ તાલુકાના સલુણ વાંટા ખ્રિસ્તી ફળિયામાં રહેતા જોની કુમાર ઈશ્વરભાઈ પરમાર રોબીન કુમાર રાજેશભાઈ મેકવાનને મોટરસાયકલ પાછળ બેસાડી નડિયાદ ડાકોર રોડ ઉપ રથી પસાર થતા હતા. દરમિયાન ચેતક પાર્ટી પ્લોટ સામે વળાંક લેતી કાર પાછળ ધડાકાભેર મોટરસાયકલ અથડાતા બાઈકનો ભૂકકો બોલી ગયો હતો.

## શાળા સંચાલકો અને કોર્પોરેશનના અન્ય અધિકારીઓ સામે કાર્યવાહી કરવા વિપક્ષ નેતાની માગ

। (એજન્સી) વડોદરા,તા.૧૫ ।

હરણી બોટ દુર્ઘટના મામલે વડોદરા મનપાએ માત્ર એક નિવૃત્ત અધિકારી ઉપર દોષનો ટોપલો ઢોળી જવાબદાર અન્ય અધિકારીઓને બચાવવાનું કૃત્ય આચર્યું હોવાના આક્ષેપ સાથે વિપક્ષ નેતાએ દુર્ઘટના પીડીતોને ૨૫ લાખનું વળતર ચૂકવવા અને કોઈપણ જાતની સુરક્ષા સુવિધા વિના નજીવા દરે તળાવ કોન્ટ્રાક્ટરને ફાળવવની દરખાસ્ત મોકલનાર તમામ જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહીની માગ કરી છે. વડોદરા મનપાના વિરોધ પક્ષતા નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી છે કે, તા.૧૮ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ હરણી બોટ દુર્ઘટનાને એક વર્ષ પૂર્ણ થવા આવ્યું છે. ઘટના સમયે જવાબદારોને બક્ષવામાં નહીં આવે તેવા દાવા થયા હતા. આજે જવાબદાર લોકો બિન્દાસ ફરી રહ્યા છે. ભોગ બનનારના પ રિવારની પીડા કોઈ સમજી શકતું નથી. વાલીઓ સહમત ન હોવા છતાં આર્થિક લાભ માટે શાળા સંચાલકો વિદ્યાર્થીને લઈ ગયા તેમની સામે કાર્યવાહી ક્યારે કોન્ટ્રાક્ટરને મફતના ભાવે તળાવ પધરાવનાર અધિકારીઓ સામે પગલાં ક્યારે કોર્પોરેશનમાંથી બરતરફ કરેલ અધિકારી ભાગીદાર કેવી રીતે બન્યા આજે પણ કંપની બનાવી ટાઉન પ્લાનિંગના કામો હાથમાં લઈ રહ્યા છે તો આ તપાસનો વિષય છે. સરકાર દ્વારા નજીવી રકમ ૪ લાખ આપવી ઘટના ઉપર પૂર્ણવિરામ મૂકવા સમાન કાર્ય લાગે છે. કોંગ્રેસ પક્ષની પીડિતોને વળતર પેટે ૨૫ લાખની માગ છે. પરંતુ આ દરખાસ્તને નજર અંદાજ કરવામાં આવી છે. આડેધડ કાર્યક્રમોમાં લાખો કરોડો રૂપિયાના ખર્ચા માટે નાણા છે પરંતુ આવી ઘટનાઓના વળતરમાં વિચાર કરવો અયોગ્ય છે. સુરસાગર કાંડ થયા પ છી પણ શીખ ન લઈ હરણી બોટકાંડના ભાગીદાર બન્યા છે. કોંગ્રેસના શાસનમાં લઠ્ઠાકાંડ વખતે ભોગ બનનારા કુટુંબોમાંથી કોર્પોરેશનમાં નોકરી ન હોવા છતા પણ માનવતાના ધોરણે કોર્પોરેશનમાં નોકરી આપી હતી.